



કુમાર
ઑક્ટોબર ૩૭૦ ઈ.૧૯૫૪
સંસ્થાપક · રવિશંકર રાવળ ★ તંત્રી · બચુભાઈ રાવત
चन्द्र


સન્નારીઓનો સોહાગ
એટલે
વિજય ફેબ્રીક્સ.
RECORDS
વિજય મીલ્સ લી.
નરોડા રોડ, અમદાવાદ
મર્સ. પ્રીન્ટેડ વૉયલ, લોન, પોપલીન, છીંટ, તથા મર્સ. સાડી ધોતી લીનો વિ.



ચિત્રો

કાવ્યો

ચરિત્ર

નાટિકા

લેખો

વિભાગો

કોઈ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા કોઈ પણ અંકો ભરપાઈ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂ. ૯; પરદેશમાં રૂ. ૧૧ અથવા શિ૦ ૧૭; છૂટક નકલ: બાર આના

જનતાની પસંદગી


સાયકલની અદ્યતન રચના ૨૦૦ કરતાં પણ

વધુ ભાગો મળીને થાય છે અને હિંદ સાયકલ્સમાંના ૯૫ ટકા જેટલા તો હવે

અમે બનાવી છીએ, સર્વે એક જ છત્ર નીચે!

પ્રત્યેક ભાગની રચનામાં તે જ ઊંચા ધોરણને અનુસરવાની અમારી કાર્યપદ્ધતિ ખાતરી આપે છે. ઉત્તમ કાચા માલમાંથી કાળજીપૂર્વક તૈયાર થએલ પ્રત્યેક ભાગ એકત્ર

થતા પહેલાં ઊંચી વૈજ્ઞાનિક કસોટીમાંથી પસાર કરવામાં આવે છે. આ છે હિંદ સાયકલ્સની સફળતાનું રહસ્ય.



અને સાચે જ હિંદ સાયકલ્સની સફળતા ખરેખર નોંધપાત્ર છે. હિંદ સાયકલ્સ બનાવવાનું હજુ બાર વર્ષ અગાઉ જ

શરૂ કરવામાં આવ્યું છે.

ગુણવત્તા માટે વિશેષ ધ્યાન અપાતું હોવાથી લોકપ્રિયતા આટલી

જલદી મળી છે. આ મજબૂત આધારભૂત

સાયકલોની માંગ એટલી બધી વધી છે કે તેનું ઉત્પાદન સતત વધારતા રહેવું પડ્યું, જે હવે તો વર્ષાંતે ૧,૨૦,૦૦૦ કરતાં પણ વધુ છે.

આજે ભારતમાં વપરાતી ૨૧,૦૦,૦૦૦ સાયકલો પૈકી ૭,૦૦,૦૦૦ તો હિંદ સાયકલ જ છે. બીજા શબ્દોમાં કહીએ તો

આજે દેશમાં પ્રત્યેક ત્રણ સાયકલમાં એક સાયકલ હિંદ છે.


એક દાયકાના ટૂંકા ગાળામાં આ પરિણામો ખરે જ નોંધપાત્ર છે અને તેણે સાબિત કર્યું છે કે હિંદ સાયકલ્સ એ જનતાની પસંદગી છે.

Hind CYCLES LTD.

૨૫૦, વરલી, મુંબઈ ૧૮.

મુંબઈ રાજ્ય, મધ્ય ભારત, મધ્ય પ્રદેશ, સૌરાષ્ટ્ર, કચ્છ અને દક્ષિણ ભારતના એકમાત્ર વિતરક

હિંદ સાયકલ સપ્લાય સિન્ડિકેટ, ૩૪૫, કાલબાદેવી રોડ, મુંબઈ-૨



અહીં પ્રકટ થતી દરેક વસ્તુ માટે 'કુમાર'માંનું એક ત્રિરંગી ચિત્ર ભેટ મોકલાશે.

અંક ૩૬૯માં સુરતવાળા શ્રી પંડ્યાના પત્રમાં મોરબી આર્ય સુબોધ નાટક કંપનીના ભરથરીના ખેલમાં પીંગળાનો પાઠ ભજવનાર ગોવિંદજીભાઈ હતા. તે સ્ત્રી-ઍક્ટર તરીકે ઘણા જ નિષ્ણાત હતા. દિવસના સ્ત્રી-વેશમાં મોઢા ઉપર આછું ઓઢીને ઊભી બજારે ચાલ્યા જાય પણ કોઇ તેને ઓળખી શકે નહિ.

(પાલીતાણા) —મુકુંદરાય ટી. સોમપુરા

અંક ૩૬૯માં જયશંકરસુંદરીની અભિનયકળાના અનુસંધાનમાં મોરબી આર્ય સુબોધ મંડળીના ભરથરી નાટકમાં પિંગલાનો પાઠ ભજવનાર પાત્રે કાબેલિયતથી જે અદાકારી રજૂ કરીહતી તેનો ઉલ્લેખ કરતાં શ્રી પંડ્યા જણાવે છે કે એ નટનું નામ હું જાણતો નથી. તો આ વિષે જે થોડીઘણી માહિતી મારી પાસે છે તે હું રજૂ કરું છું.

એ નટનું નામ ચાંદભાઈ હતું અને જાતે શેખ મુસલમાન હતા. તેના મામા હાસમભાઇ તથા મોટા ભાઇ અબુભાઈ શરૂઆતમાં મોરબી કંપનીમાં એક્સ્ટ્રા તરીકે કામ કરતા. તે પછી ચાંદભાઇ પોતાની બહુ જ નાની વયે આ કંપનીમાં જોડાયા. અભિનયની આવડત અને રૂપાળો ચહેરો ધરાવનાર આ ભાઇ અત્યારે આપણી વચ્ચે નથી. છતાં એની યાદ ક્યારેક દિલને ઠોકર લગાવી જાય છે. વર્ષોથી ચાંદભાઈનાં કુટુંબો મારા ગામમાં રહે છે ને ખેતીનો ધંધો કરે છે. હજી અત્યારે પણ એ જ વ્યવસાય છે. ચાંદભાઈ અને હું બાળપણના મિત્ર હતા.

ત્રીસેક વરસ મોરબી કંપનીમાં સ્ત્રી-કૅરૅક્ટર ભજવતો આ નટ પોતાની માનસિક બીમારીના કારણે આજથી ચૌદેક વરસ પહેલાં આ દુનિયામાંથી વિદાય થયો છે. જૂનાગઢના નવાબે તેને પોતાના ખર્ચે મીરાં દાતાર પણ મોકલેલ, છતાં તબિયત સુધરી ન હતી ને એ જ હાલતમાં એનો જીવનદીપ બુઝાઈ ગયો.

આ સાથે મૂળજીભાઈ (મોરબી આર્ય સુબોધ નાટક કંપનીના માલિક મૂળજી આશારામ ઓઝા)નો સુરતથી ચાંદભાઇ ઉપર લખેલો પત્ર આ બાબતના પુરાવા રૂપે મોકલું છું.

(શીલ-સૌરાષ્ટ્ર) —મોહનલાલ સાચુલા

અંક ૩૬૯ના પાછલા પાને 'સૌરાષ્ટ્રનાં પંચ રત્નો'ની ગણના કરી છે. આ જ રીતે એક શ્લોકમાં ઈડરનાં પણ પાંચ રત્નોની ગણના કરી છે. કમનસીબે આજે મને એ શ્લોક યાદ નથી. પરંતુ એ શ્લોક (મૂલ સંસ્કૃત ભાષામાં)-ની કોઇક parody જેવી પ્રતિકૃતિ(ગુજરાતી-સંસ્કૃતના મિશ્રણવાળી) કરી છે, એ જણાવવા આ લખું છું. એ કટાક્ષ-શ્લોક આ છે :

ईडरे पञ्चरत्नानि पत्थर पाणि ने पांदडां।
चतुर्थं गालिदानं च पञ्चमं वक्रलोचनम्॥

શ્લોકનો ભાવાર્થ સુસ્પષ્ટ છે: ઈડરનો પ્રદેશ લૂખો પથરાળ, પાણીથી ભરેલો અને ઝાડીથી છવાએલો છે. લોક વાતવાતમાં ગાળનો ઉપયોગ કરનારા અને ચોરીની વિદ્યામાં નિપુણ છે.

(અમદાવાદ) —હરિનારાયણ આચાર્ય

અંક ૩૬૯માં શ્રી શારદા દેશાઇએ જે પુસ્તકોનો નિર્દેશ કર્યો છે તે મેં જોયાં નથી. શરીર-વ્યાપાર-ધર્મોની હકીકત પ્રમાણભૂત હોઇ લખાણોનું મળતાપણું હોવું સ્વાભાવિક છે.

પણ મારી લેખમાળામાં અંગસ્થિતિ, આંખ, મન, વૃદ્ધાવસ્થા, રોગો સામે રક્ષણ, મૃત્યુ, શરીરરચના ને કાયાની કરામત, આટલાં મારાં લખાણો આગવાં છે ને આપણા સાહિત્યમાં કદાચ પ્રથમ વાર જ પ્રગટ થાય છે. કોઇ સમાનધર્મી ભવિષ્યમાં એની કિંમત આંકશે.

વિશેષ, રુધિરાભિસરણ-ક્રિયાનું જ્ઞાન ખુલ્લું કરવાનું ભલે વિલિયમ હાર્વેના ફાળે જાય, પણ આપણો 'હૃદય' શબ્દ જ આ ક્રિયાને આલેખનારો છે. એ હૃ+દા+યનો બનેલો છે. હૃ એટલે હરણ કરવું—લઈ જવું તે. હૃદય લોહીનું આહરણ કરે છે. દા એટલે આપવું. હૃદય આખા શરીરને લોહીનું દાન કરે છે. ય इण ઉપરથી આવ્યો છે. હૃદય સંકોચવિકાસાત્મક ગતિ કરનાર છે. યાસ્કાચાર્યના નિરુક્તમાં આ અર્થ આપેલો છે. એ દર્શાવે છે કે હૃદયના કાર્યક્ષેત્રનો આપણા પૂર્વજોને પૂરો ખયાલ હતો.

(ઊમરેઠ) —(ડૉ.) શિવપ્રસાદ ત્રિવેદી

'મૅટ્રિક પછીનું માર્ગદર્શન' એ હાથપોથીની નવી (ત્રીજી) આવૃત્તિ 'કુમાર' તરફથી બહાર પડવાની છે. તે માટે વાચકોના ખયાલમાં જે કોઇ વિવિધ સંસ્થાઓનાં સરનામાં, માહિતી તથા આ પુસ્તક અંગે કાંઇ સૂચનો હોય તે મને નીચેના સરનામે તા. ૩૧-૧૨-૫૪ સુધી મોકલવા નમ્ર વિનતિ છે.

(વિસનગર-ઉ. ગુ.) —સ. અ. રાનડે


'કુમાર' એકંદરે ગમે છે; પણ કો'ક વાર નથી ગમતું. ન જાને કેમ, પણ 'કુમાર'ની જૂની ફાઇલોમાં જે રસ-સમૃદ્ધિ માણવા મળતી તે હમણાં કરતાં વધુ હતી. અત્યારે ઓટ વરતાય છે. 'કુમાર'નું કૌમાર્ય કરમાઈ તો નથી રહ્યું ને? 'કુમાર'માં પ્રગટતાં ચરિત્રો ઘણી વાર શબ્દાડંબરમાં અટવાઈ જતાં લાગે છે. એમાં મોં ભાંગી નાખે એટલું બધું ગળપણ પિરસાય છે. નર્યું ગુણદર્શન અને ચરિત્ર-વ્યક્તિનું lionization વાસ્તવિક જીવનનિરૂપણને અભરાઇએ ચડાવતું ન હોય એમ લાગે છે. ચરિત્રની બાબતમાં 'કુમાર'ની આ નીતિ વર્ષો જૂની છે.

કચ્છ-પ્રદેશના તવારીખકાર શ્રી રામસિંહજી રાઠોડના લેખો સાચે જ 'કુમાર'નું વિશિષ્ટ અંગ બની ગયાં છે. 'માધુકરી'માં કો'ક વાર સરસ પતરાળી મંડાય છે. નિબંધિકા કેટલીક વાર તો પ્રલાપિકા જ બની જતી હોય છે. 'બાંધ ગઠરિયાં'માં ચન્દ્રવદન એમની સફરનાં સંસ્મરણો મસ્તીભરી ખુમારીથી આલેખી રહ્યા છે તે વાંચવાની મઝા પડે છે. અને ચિત્રો તો 'કુમાર'નાં જ એમ લખવું જ રહ્યું.

શ્રી ઉમાશંકર જોષી 'કુમાર'માંથી કેમ 'ઉંબર બહાર' છે? શ્રી રામપ્રસાદ શુક્લ 'સંગમશોભના સાબરમતી', 'કિરાત-કન્યા હાથમતી' જેમ રેવા, મહી, તાપી વગેરેને 'કુમાર' દ્વારા ક્યારે અર્ઘ્ય આપશે? શ્રી ર.મ.રા.ની સંસ્કારયાત્રા કેમ અટકી ગઈ? શ્રી બાપાલાલ વૈદ્ય 'કુમાર'માં ક્યારથી લખવું શરૂ કરે છે?

'કુમાર' પાસે શક્તિ છે, સંપત્તિ હશે જ. (નથી.—તંત્રી) 'કુમાર' પ્રત્યેની પ્રીતિ અંતમાં એટલું લખવા પ્રેરે છે કે 'કુમાર' અપૂર્વ બની રહો, એના સંચાલકની આશા-એષણાઓ ફળીભૂત થાઓ અને 'કુમાર' અમર રહો!

(ભરૂચ) —હરિન મઝુમદાર



કુસુમ-આકૃતિમાં રચેલા 'કુમાર'ના નામાક્ષરો આલેખી મોકલનાર નારાયણ દેસાઇ · ધ્રાંગધ્રા



કાળની શીશી

· મિશ્ર ·

ત્રિકાળની શીશી મહીં ભરેલી
આ જિંદગીરેતની મૂઠી બે મૂઠી
ધસી રહી ભાવિથી વર્તમાનમાં.

ત્યાં અલ્પ છિદ્રે જરી કૈં ઠરે ને
સરે વળી આગળ ભૂતગર્ભમાં!
નિહાળવો સ્વપ્નભર્યા ભવિષ્યને
રે! નિત્ય ઠાલો સરતો કણેકણે
મળી જતો ત્યાં—
વહી વ્યર્થ જિંદગી
કેરો વધે જ્યાં ઢગ એ ક્ષણેક્ષણે!
પૂર્યે જશે રેત ભવિષ્ય ક્યાં સુધી?

ને શું, હમેશાં ગત સૌ ક્ષણો તે
ર્‌હેશે પડી શૂન્ય શી ભૂતગર્તમાં?
કે એ જ પાછી નવ જિંદગી થઈ
ર્‌હેશે બની ઉજ્જ્વલ ભાવિ,
કોઇ
આ શીશી દેશે ઉલટાવી ત્યારે?
પણ કોણ? ક્યારે?

વિનોદ અધ્વર્યુ

માનને આઘું મેલ!

· ગાન ·

મન! ઘડીભર માનને આઘું મેલ;
હેત ભરેલી હેલ મા પાછી ઠેલ.
-મન૦

તરસ ઝાઝી તો ય અલ્યા શેં
આવડો તારો તાર,
ઝંખતું જેની બૂંદ બે, તેની
આવતી છાલકછોળ;
ઊઠ અભાગી! પૂરમાં પડતું મેલ:
-મન૦

મહીં બેઠો એ વખ-વીંછુડો,
વાંકડિયાળી ભાત,
ખૂબ ખીજે તો ખારમાં મૂરખ
ખાય પોતાની જાત;
ઉરથી એને આજ ઉડાડી મેલ:
-મન૦

હોઠ માંડી ભર ઘૂંટડે પી લે,
હમણાં ઢોળાઈ જાશે,
પ્રીત પાવા જે નીકળ્યું, આખર
પાય પખાળી જાશે;
વણ બોલાવ્યો બારણે આવ્યો છેલ!
મન! ઘડીભર માનને આઘું મેલ.

ભાનુપ્રસાદ ત્રિવેદી

બારાખડી

· મિશ્ર ·

બારાખડી શીખતું બાળ જેમ
વાંચી રહે અક્ષર એક એક,
ને શબ્દ થાતાં જરી અર્થ આવતાં
માણી રહે અર્થની તૃપ્તિની મઝા.

તથૈવ હું એક નિગૂઢ લિપિની
બારાખડીના ઘૂંટું માત્ર અક્ષરો.
બે અક્ષરો ક્યાંક બનાવી શબ્દ દે,
અખૂટ ભંડારનું બિંદુ સાંપડે,
ને આંખ આશ્ચર્યચકિત થૈ રહે;

રહસ્યનું પુસ્તક તો અનંત
પાનાં ભરી આંખની સન્મુખે પડ્યું,
ઉકેલવા ચાહું અનંત ભેદને
ને અક્ષરોયે પૂરતા ન આવડે.

સનાતન

એક જ તત્ત્વ

ઉપર સમળી ચારે દિશામાં ઘૂમરી લઈ રહી હતી. નીચે મોર મજાથી પોતાની જ આસપાસ થનગનતો નાચી રહ્યો હતો.

બેઉને સમય કેમ પસાર કરવો એ સૂઝતું નહોતું. મોર બોલ્યો: 'સમળીબેન, તમારી પાંખો પાસે વિમાન પણ કંઈ વિસાતમાં નથી!'

સમળી બોલી: 'મોરભાઈ, તમારી પાંખો પાસે ભલા રંગબેરંગી રત્નોની શી વિસાત?'

પરિચયને સખ્યમાં પરિણમતાં વાર નથી લાગતી. મોર કહેતો, 'આકાશમાંનાં નક્ષત્રો કેટલાં સુંદર છે!' અને સમળી જવાબ આપતી, 'ધરતી પરનાં ફૂલોથી પણ અદકાં?'

બધી ચીજોમાં એક જ દિવ્ય તત્ત્વ ભરાએલું છે એ વાતનો ત્યારે એમને સાક્ષાત્કાર થતો.

ક્યારેક વાત પરથી વાત નીકળતી અને સમળી કહેતી, 'પૃથ્વી ઉપરની નદીઓ કેટલી સુંદર દેખાય છે!' મોર જવાબ દેતો, 'પરંતુ એનું પાણી તો આકાશમાંથી જ આવે છે ને?'

ચરાચરમાં એક જ તત્ત્વ સમાએલું છે, એવો એવે વખતે એમને ભાસ થતો. પ્રત્યેક પ્રાણીમાં એ એક જ તત્ત્વ ખેલી રહ્યું છે, તો પછી એક પ્રાણી જો બીજાને પોતાના નખથી અડી પણ લ્યે તો શું એ મહાપાપ થયું?'

બેઉને આ વાત રુચી ગઈ. સમળી મોરની પાંખો પર સુખથી સૂવા લાગી. મોર સમળીને બતાવતો નાચી-નાચીને રમવા લાગ્યો. અને બેઉ દિલબર દોસ્ત બની ગયાં!

એક દિવસ જ્યારે સમળી અને મોર બધાં પ્રાણીઓમાં પરમાત્માનો જ વાસ છે એ તત્ત્વની ચર્ચા કરી રહ્યાં હતાં ત્યારે સામેથી એક સાપ સરસરાટ ચાલ્યો જતો જણાયો.

સમળીએ એને જોયો, મોરે પણ જોયો. સમળી ઊડી—ઝડપથી. મોરે પણ છલાંગ મારી—ચપળતાથી.

'મારો ભક્ષ્ય છે એ!' મોર ગર્જ્યો.

'મારો ભક્ષ્ય છે એ.' સમળી ત્રાડૂકી.

બેઉના પ્રાણાન્તિક ઝગડામાં સાપ તો ક્યારનો યે ચાલ્યો ગયો હતો. જખમી સમળી આકાશમાં ઊડી શકતી નહોતી. જખમી મોર પોતાની જગ્યાએથી હલી શકતો નહોતો.

પહેલાં એકબીજાને જોઇને જેમની આંખોમાં ફૂલ ખીલતાં, ત્યાં હવે અંગારા ઝરતા હતા. બેઉએ એક જ સમયે પ્રાણ તજ્યા.

ભયભીત થઈને ભાગેલો સાપ જાણે મનોગત જ બોલ્યો: 'પ્રત્યેક પ્રાણીમાં એક જ તત્ત્વ રમતું રહે છે એ કેટલું સત્ય છે!'

અનવર આગેવાન

(વિ. સ. ખાંડેકરના મરાઠી પરથી અનુવાદ)





જમણે: રાજવીઓનાં રાજચિહ્નોની પેઠે કેટલાંક મહાકુટુંબોનાં પણ એવાં ચિહ્નો–મુદ્રાઓ હોય છે. અહીં સર વિન્સ્ટન ચર્ચિલની 'નાઇટ ઑફ ધ ગાર્ટર'ની મુદ્રા. એમાં કેટલીક મૂળભૂત આકૃતિઓ તો તેના આદિ પુરુષ ડ્યૂક ઑફ માર્લબરોના વંશજ પિતા પાસેથી સર વિન્સ્ટન ચર્ચિલ-વંશની એ કુટુંબની ચાલી આવતી મુદ્રાની છે. ડાબી બાજુ: ચાર્ટવેલ ખાતેના પોતાના મકાન-માંના અભ્યાસખંડમાં સર વિન્સ્ટન ચર્ચિલ.

વીસમી સદીના આ સુધરેલા ગણાતા જમાનામાં પણ મહાસત્તાઓની સામ્રાજ્યની ભૂખ ઉઠ્યાં બે મહાયુદ્ધો દ્વારા જગત પર જે સંહાર-કાંડ સર્જી મૂક્યો છે તે માનવ-ઇતિહાસમાં અત્યાર સુધીમાં લડાએલાં તમામ યુદ્ધોને ઝાંખાં પાડી દે છે. નેપોલિયનના સમયનાં યુદ્ધો યે જાણે હજુ વીસરાયાં નથી, પરંતુ એ યુદ્ધોની અસર જગતના બીજા ભાગો પર બહુ નહોતી; જ્યારે ચાલુ સદીનું પહેલું અને એથી યે વધુ તો બીજું મહાયુદ્ધ તેના સાચા અર્થમાં પણ મહા-યુદ્ધ, જાગતિક યુદ્ધ હતું. જગતનો ભાગ્યે જ એવો કોઈ ભાગ હશે જે એથી અલિપ્ત રહ્યો હોય. આ સંહારકાંડ સરજનારાઓને તેમના યોગ્ય ફેજે પહોંચાડવામાં સૌથી અગ્રગણ્ય ભાગ જો કોઈએ ભજવેલો હોય તો તે બ્રિટનના હાલના વડા પ્રધાન સર વિન્સ્ટન ચર્ચિલે. એમણે યુદ્ધસમય દરમિયાન બ્રિટનનાં સત્તાસૂત્રો હાથ ધર્યાં ત્યારે પ્રજામાનસમાં તેના પ્રત્યે આદર અને આશંકા એ ઉભય ભાવ પ્રવર્તતા હતા. પરંતુ 'સમુદ્ર ઇવ ગાંભીર્યે સ્થૈર્યે ચ હિમવાનિવ' એવા ચર્ચિલે પ્રચંડ જવાબદારી યશસ્વી રીતે પાર પાડીને બ્રિટિશ પ્રજાની અને સાથોસાથ લોકશાહી શાસનની જે શાન વધારી છે તેણે એને ઇતિહાસમાં અનોખા સ્થાનનો અધિકારી બનાવ્યો છે. જે વિષમ સંજોગોમાં એણે પોતાના રાષ્ટ્રનું સુકાન હાથ ધરેલું તે તેને હર્ષ કે શોકના આવેગમાં તાણી જાય એ પૂરેપૂરું સંભવિત હતું; તેમ છતાં ચર્ચિલે એ આપત્કાળે જે માનસિક સમતુલા જાળવી બતાવેલી તે એને માત્ર એના જમાના પૂરતી જ નહિ પણ કાયમને માટે એક અવિસ્મરણીય વ્યક્તિ બનાવી રહે છે.

એનું આ મનઃસ્થૈર્ય એણે બીજા મહાયુદ્ધનાં આલેખેલાં સંસ્મરણોમાં હૂબહૂ પ્રતિબિંબિત થાય છે. યુદ્ધની વાતો આમ પણ રમ્ય ગણાય છે, પરંતુ ચર્ચિલ-લિખિત યુદ્ધના ગ્રંથો તો તેની સાહિત્યિક ગુણવત્તા, ઐતિહાસિક પ્રમાણભૂતતા અને યુદ્ધશાસ્ત્રીય દૃષ્ટિકોણ, એ ત્રણ ગુણવિશેષને લઈને જગતના ગ્રંથોમાં અનોખું મહત્ત્વ ધરાવતા નીવડ્યા છે. લેખક તરીકેની તેની પ્રતિભાનું તેજ તેની અન્ય કૃતિઓમાં ઓછેવત્તે અંશે આપણને મળે જ છે, પરંતુ તેનાં આ યુદ્ધ-સંસ્મરણો જેટલા વિપુલ પ્રમાણમાં તો અન્ય કોઈ જ કૃતિમાં નહિ. આ જોતાં ૧૯૫૩ની સાલનો સાહિત્યને લગતો નોબેલ-પુરસ્કાર એને આપીને એની સાહિત્યિક પ્રતિભાનું કરવામાં આવેલું સંમાન ઉચિત ગણાય.

જો કે આ સંમાન મતભેદરહિત નથી. ચર્ચિલનું વ્યક્તિત્વ જ એવું છે કે એના વિષે તટસ્થ રહેવું મુશ્કેલ છે. જવાહરલાલ નેહરુએ પોતાના પિતા સ્વ. મોતીલાલ નેહરુ વિષે એક સ્થળે લખ્યું છે કે, એમની બાબતમાં તટસ્થ રહેવું કોઈને માટે શક્ય ન હતું; કેટલાક એમના પ્રત્યે નિરતિશય પ્રેમ ધરાવતા તો કેટલાક દ્વેષ. એવું જ ચર્ચિલનું છે. વાણી અને લેખન બંને પર એકસરખું પ્રભુત્વ દાખવી શકનારા આ જગતના બહુ અલ્પસંખ્ય માણસોમાંના એક એવા ચર્ચિલને નોબેલ પુરસ્કાર આપતાં પણ એની વક્તૃત્વકલાનો ખાસ ઉલ્લેખ કરવામાં આવ્યો છે, અને યુદ્ધકાળ દરમિયાનનાં એનાં ભાષણોએ તો (સર નૉર્મન એંજેલના કથન મુજબ) 'આપણી આંખ સામે ઇતિહાસ રચ્યો છે. પરંતુ સ્વીડિશ એકેડેમી તો એથી આગળ વધીને એને "માનવ-શ્રદ્ધાના રક્ષક" તરીકે જ્યારે બિરદાવે ત્યારે તો મતભેદને પૂરતો અવકાશ રહે છે.' ચર્ચિલે ફાસિસ્ટ બળો સામે બરાબર ટક્કર ઝીલેલી, પરંતુ તે માત્ર યુરોપીય રાષ્ટ્રો અને એમની જ સંસ્કૃતિના રક્ષણાર્થે; સમસ્ત માનવ-જાતિની શ્રદ્ધાના રક્ષણાર્થે નહિ. એનું માનસ પૂરેપૂરું સામ્રાજ્યવાદી હોઈને 'આખી માનવતાના રક્ષણપદે' એને સ્થાપી ન શકાય. વળી સાહિત્યકાર તરીકે પણ તેને મૉરિસ મૅટરલિંક, અનાતોલ ફ્રાન્સ, બર્નાર્ડ શૉ, કવિ

સાહસ અડગતા અને સામ્રાજ્યરક્ષાના પ્રતીક સમો ઇંગ્લંડનો વડો પ્રધાન

સર વિન્સ્ટન ચર્ચિલ

લેખક · અશોક હર્ષ

યેટ્સ કે ટાગોરની કક્ષામાં પણ મૂકી શકાય નહિ, કારણકે એની સાધના શુદ્ધ સાહિત્યની નહિ પણ યુદ્ધ અને તેને અનુષંગી રાજનીતિની છે.

ચર્ચિલ સ્વભાવે જ સૈનિક છે અને તેથી એનો યુદ્ધપ્રેમ પણ ઉત્કટ છે. ખુદ જીવનને પણ રણાંગણ રૂપે જોતા આ યુયુત્સુને શિસ્ત ઘણી વાર અકારી થઈ પડે છે. કોઈ શૉફર પોતાના લક્ષ્યસ્થાન વિષે જો પોતાની મોટરકારને પૂછે તો ચર્ચિલ પોતાના લક્ષ્ય વિષે પોતાના પક્ષને પૂછે! કોઈ પણ પ્રકારની 'બીક'ને તે 'અક્ષમ્ય અપરાધ' ગણાવે છે—ખાસ કરીને રાજકારણમાં. આ વલણ પર રચાએલી તેની ફિલસૂફીને વિખ્યાત અંગ્રેજ લેખક એ. જી. ગાર્ડિનરે વર્ષો પહેલાં 'સીઝરીઝમ' તરીકે-એટલે કે લોકશાહી અને સરમુખત્યારશાહીના અજબ મિશ્રણરૂપે ઓળખાવી છે. હૅરોની શાળામાં એ ભણતો ત્યારે 'ભવિષ્યમાં કયો વ્યવસાય પસંદ કરશો?' એવા સવાલનો એણે જવાબ આપેલો કે, 'લશ્કરનો જ વળી,—જ્યાં સુધી લડવાનું ચાલુ રહે ત્યાં સુધી. એ પૂરું થયે રાજકારણમાં!'

યુદ્ધકાળ જ ચર્ચિલના રાજકીય નેતૃત્વનો સર્વશ્રેષ્ઠ કાળ છે તેનું કારણ આમાં મળી રહે છે. ગાર્ડિનરે તેની જીવનદૃષ્ટિનો આપેલો પરિચય આ નજરે સંપૂર્ણ છે કે: 'He sees life in terms of war, and his high and turbulent spirit is only entirely happy when politics and war are merged in one theme.' તે જીવનને યુદ્ધ તરીકે જ લેખવે છે ને તેનો ઉત્કટ તથા ઉત્પાતિયો મિજાજ જ્યારે રાજકારણ ને યુદ્ધ એક જ ગાંઠે બંધાયાં હોય ત્યારે જ પૂરો રંગે ચડે છે.

બ્રિટિશ પ્રજાનું સંરક્ષણનું તેમજ આક્રમણનું મોટામાં મોટું શસ્ત્ર કોઈ હોય તો તે ચર્ચિલનો અવાજ હતો. બીજા મહાયુદ્ધના એના સિવાયના સર્વ મોવડીઓ—હિટલર, મુસૉલિની, રૂઝવેલ્ટ, સ્તાલિન વગેરેમાં આજે માત્ર એ એક જ હયાત હોઇને એનું વ્યક્તિત્વ આજે અધિક રંગદર્શી લાગે એ સ્વાભાવિક છે. હિટલર તો પોતાનો મોટામાં મોટો દુશ્મન ચર્ચિલને જ ગણતો આવેલો, કારણ એ પામી ગએલો કે જો બ્રિટન યુદ્ધમાં ઊતર્યું તો ત્યાંની પ્રજા યુદ્ધકાલીન નેતૃત્વ અર્થે ચર્ચિલ ભણી જ વળવાની. ૧૯૪૦માં બ્રિટન પર ભયંકર વેર લેવાની ધમકી આપતાં હિટલરે તેમાંથી ચર્ચિલને કટાક્ષમાં બાકાત રાખતાં કહેલું, 'અલબત્ત, ચર્ચિલને નહિ કારણ કે એ તો કૅનેડામાં નાસી છૂટવાનો છે!' પરંતુ ચર્ચિલે તો કૅનેડા નાસી જવાને બદલે ઈંગ્લંડની ધરતી પર જ પોતાનો પગ ખોડીને હિટલરના ગર્વના ચૂરા કરી નાખ્યા. એક એની ધૃતિ જો ઢીલી પડી હોત તો હિટલરના આક્રમણ સામે બ્રિટન દિઙ્મૂઢ જ રહેત અને એક સ્વતંત્ર દેશ તરીકેનું તેનું અસ્તિત્વ પૃથ્વીના પટેથી ભૂંસાઈ જતાં વાર ન લાગત. એ વિનાશક ભયમાંથી પોતાના રાષ્ટ્રને ઉગાર્યા છતાં, બ્રિટનનું ઊંચામાં ઊંચું સંમાન [છેક ઈ. ૧૩૪૮થી એડવર્ડ ત્રીજાના સમયથી શરૂ થએલો કે. જી. (નાઈટ ઑવ ધી ગાર્ટર)નો ઈલકાબ] તો હજુ હવે જ એને મળે છે. બ્રિટનના રાજકર્તા તરફથી થતું એ સંમાન ચર્ચિલની યે પહેલાં અર્લ ઍલેક્ઝાન્ડર, અર્લ માઉન્ટબૅટન અને લૉર્ડ મૉન્ટગૉમરી મેળવી ચૂકેલા છે.

પણ આશ્ચર્યની વાત તો એ છે કે ખુદ આવા ચર્ચિલના પક્ષમાં પણ આજે એક 'પ્રેશર ગ્રૂપ' ઊભું થયું છે જે એ નિવૃત્ત થાય એવી પેરવી કર્યા કરે છે. ચર્ચિલને સ્થાને ઍન્થની ઈડનને લાવવાનો એ જૂથનો ઇરાદો છે. આમ તો રૂઢિચુસ્ત કૉન્ઝર્વેટિવ પક્ષ પોતાના નેતાને અનુસરવાની વફાદારી માટે જાણીતો છે, અને આવાં બંડો તેમાં સ્વાભાવિક પણ નથી, તો પછી કયા કારણે ચર્ચિલને નિવૃત્ત કરવા માગે છે તે એ પક્ષના આંતરપ્રવાહો જાણ્યા સિવાય કળવું મુશ્કેલ છે. એનું એંશી વર્ષનું વય તો પ્રેરક કારણ ન જ હોઈ શકે, કારણ શિયાળાની ભયંકરમાં ભયંકર ઠંડી રાતે બ્રિટિશ મંત્રીમંડળના કૅબિનેટ-રૂમમાં એકત્ર થએલા પ્રધાનમંડળમાંના જુવાનમાં જુવાન પ્રધાનમાં પણ જ્યારે બોલવા-ચાલવાના હોશ નથી રહેતા ત્યારે ચર્ચિલ તો જેવો ને તેવો સ્ફૂર્તિમાન રહે છે. એની વાણીશક્તિ અને ક્રિયાશક્તિ આજ પણ અક્ષુણ્ણ છે. પક્ષનો મોટામાં મોટો ચર્ચાકાર ('ડીબેટર') પણ આજે એ જ છે. એના ઉત્તરાધિકારી તરીકે જેને આગળ ધરવામાં આવે છે એ ઈડન એટલો તો ઋજુ, સૌજન્યશીલ અને વિવેકી છે કે સભાગૃહને એના અસ્તિત્વની જાણ પણ ભાગ્યે થવા પામે છે, જ્યારે ચર્ચિલની હાજરી તો જાણે વીજળી જોઈ લો! એના આંચકાથી વિરોધ પક્ષ ઊછળી ઊઠ્યા વિના રહે જ નહિ.

પોતાના પક્ષના આ આંતરપ્રવાહથી ચર્ચિલ અણવાકેફ છે એમ પણ નથી. એક વાર તો તે ખુદ ઇડનને જ, એને આશ્ચર્યચકિત બનાવી દે એવો સવાલ, પૂછી બેઠેલો કે 'ગ્લૅડસ્ટને પોતાની છેલ્લી સરકાર રચેલી ત્યારે એની ઉમર કેટલી હતી?' (ગ્લૅડસ્ટને ચોથી વાર વડું પ્રધાનપદ સંભાળ્યું ત્યારે તેની ઉમર ૮૩ વર્ષની હતી!) આ સવાલ શું સૂચવે છે? એ જ કે ચર્ચિલની નિવૃત્તિ માટે મિ. ઇડનને હજુ રાહ જોવી રહેશે!

બધા રાજપુરુષોની જેમ ચર્ચિલમાં ગુણની સાથે સામાની



ચર્ચિલનો આદિ વડવો જૉન ચર્ચિલ, ફર્સ્ટ ડ્યૂક ઑવ માર્લબરો, જેણે ઇંગ્લંડના સરસેનાપતિ તરીકે યુરોપમાં બ્લેનહીમ વગેરે જેવાં મોટાં યુદ્ધોમાં મેળવેલા વિજયોએ ઇંગ્લંડને પ્રતિષ્ઠા અપાવી અને ઉમરાવપદ મેળવ્યું. ચર્ચિલે લખેલો એનો મોટો વિસ્તૃત ચરિત્રગ્રંથ પ્રખ્યાત છે.



ચર્ચિલનું જન્મસ્થાન બ્લેનહાઈમ મહાલય, જે ઇંગ્લંડના પ્રજાએ બ્લેનહાઈમના વિજયનો ઋણભાર ચૂકવવા બંધાવી આપેલો.

નજરે તરત તરી આવે એવા દોષ પણ રહેલા છે. સૌથી અગ્રગણ્ય દોષ એ કે આજે પણ એની દૃષ્ટિ જૂનવાણી રહી છે. પ્રગતિશીલ બળો સાથે એ કદમ મિલાવી શક્યો નથી. વૂડરો વીઆટે આ કારણે જ એને 'An ancient monument in his own life-time' (પોતાના જ જીવનકાળમાં પુરાતનતાના સ્મારક જેવો) ગણાવ્યો છે. બીજો એવો જ દોષ પોતાનું મનમાન્યું કરવાનો. એમ કરવામાં પોતાના સંભવિત વિરોધની એ બિલકુલ દરકાર નથી કરતો. માર્ટિન લ્યૂથરે કહેલું, 'હું વર્મ્સ પહોંચીશ જ,—જો કે છાપરાં પર નળિયાં હોય છે તે કરતાં યે ત્યાં વધારે વિરોધીઓ છે છતાં.' આવું જ દૃઢાગ્રહી માનસ ચર્ચિલનું છે. ટૂંકામાં, મૉનાન સ્મિથે એક સ્થળે જણાવ્યું છે તેમ ચર્ચિલ ખુદ જૉન બુલનું પ્રતીક છે: 'Mr. Churchill stands solidly for John Bull, just as in all christian lands snow and robins stand for christmas.' (ક્રિશ્ચિયન દેશોમાં બરફ અને રૉબિન પક્ષી જેમ નાતાલનાં અચૂક પ્રતીક ગણાય છે એવો જ ચર્ચિલ જૉનબુલનો પ્રતીક છે.)

ઇંગ્લંડની રાણી ઍન માટે અનેક યુદ્ધો જીતનાર, માર્લબરોના પહેલા ડ્યૂક જૉન ચર્ચિલના વંશમાં, માર્લબરોના સાતમા ડ્યૂકના ત્રીજા પુત્ર રૅન્ડૉલ્ફ ચર્ચિલને ત્યાં, ઈ. સ. ૧૮૭૪ના નવેમ્બરની ૩૦મીએ વિન્સ્ટનનો જન્મ થએલો. કેમ જાણે એને આ દુનિયામાં અવતરવાની પણ ઉતાવળ હોય તેમ, એની માતાને પૂરા દહાડા ગયા પહેલાં જ એ જન્મી પડેલો. આને લઈને એના કુટુંબમાં તો જન્મથી જ એનું નામ છપાઈ ગયું છે : 'ઉતાવળિયો'. અને યુદ્ધસમય હોય કે શાંતિસમય, હાથમાં લીધેલું કામ બનતી ઉતાવળે પતાવી બીજું કામ હાથમાં લેવું એ એનો સ્વભાવ જ થઈ પડ્યો છે. એના આ તરવરિયા અને ક્રિયાશીલ સ્વભાવને લઈને તો આજે એના એંશીમા વર્ષે પણ જુવાનની છાપ એના ચહેરા પરથી નથી ભૂંસાએલી.

ચર્ચિલની માતા જેની ન્યૂ યૉર્કના લીઓનાર્ડ જેરોમની પુત્રી હોઈને એ અરધો અમેરિકન છે; અને એ આધારે તો અમેરિકાએ એને 'ઑર્ડર ઑવ સિનસિનાટી'થી સંમાનિત કરેલો છે. ચ[illegible] પણ પોતાના આ અર્ધ-અમેરિકનપણા પર મગરૂબ છે. એ[illegible]ાર એવી મગરૂબીનું પ્રદર્શન એ કરી રહ્યો હતો ત્યાં લાગલો જ કોઈએ સવાલ કર્યો, 'સાહેબ, મહેરબાની કરી કહેશો કે અત્યારે આપનું કયું અરધિયું બોલી રહ્યું છે-બ્રિટિશ કે અમેરિકન?' સવાલ કરનારાઓને ભાગ્યે જ મચક આપતો ચર્ચિલ આ સવાલથી ખરેખર સાવ લેવાઈ ગએલો! ઈ. સ. ૧૯૦૦માં અમેરિકાના એના પહેલા વ્યાખ્યાન-પ્રવાસ વખતે ત્યાંના જાણીતા હાસ્યલેખક માર્ક ટ્વેઈને શ્રોતાઓને એનું ઓળખાણ આપતાં કહેલું, 'સજ્જનો અને સન્નારીઓ, અમેરિકન માતા અને અંગ્રેજ પિતાનું સંતાન, એક સંપૂર્ણ મનુષ્ય, હું તમારી સમક્ષ ધરું છું.' આ શબ્દો કદાચ મશ્કરીમાં પણ ઉચ્ચાર્યાં હોય. પરંતુ અપૂર્ણ માનવીઓના બનેલા આ જગતમાં સંપૂર્ણતાની નજીકની કેટલીક વ્યક્તિઓમાં તો ચર્ચિલને સહેજે સ્થાન આપી શકાય.

ચર્ચિલ નાનપણથી જ ખૂબ તોફાની, અને વાતોડિયો પણ જબરો. છઠ્ઠા ધોરણમાં ભણતો ત્યારે એક વિદ્યાર્થીને ધક્કો મારી શાળાના હોજમાં તેણે ફેંકી દીધેલો. આ વિદ્યાર્થી હતો જૉન ઍમરી, જે પાછળથી હિંદી વઝીર બનેલો. સાત વર્ષની ઉંમરે શાળામાં બેઠા પછી ત્યાંની એકે પરીક્ષા એ પસાર ન કરી શકવાથી એના પિતાએ એને સૈનિક કારકિર્દીને યોગ્ય ગણીને બ્રિટનના સૌથી મોટા સૈનિક વિદ્યાલય સૅન્ડહર્સ્ટની લશ્કરી કૉલેજમાં મૂક્યો. શાળાને લગતી ચર્ચિલની ફરિયાદ એ હતી કે પરીક્ષકો એને ન આવડતા અને અપ્રિય વિષયોમાં જ પ્રશ્નો પૂછતા! ગણિત તો એને ખાવા ધાતું. ઘેરથી કરવા આપેલું લેસન એ કદી જ કરી જતો નહિ. એને 'આમ કર' કે 'તેમ કર' એવી શિખામણો આપનારાઓ પર પણ જબરી ચીડ રહેતી. એને થતું, 'શું એટલી યે અક્કલ મારામાં નથી?'

આવા મિજાજનો ચર્ચિલ વાતવાતમાં માતા પાસે ફરિયાદ કર્યા કરતો, પણ તે એ પર લક્ષ ન આપતી. તેને પોતાની માતા પ્રત્યે અત્યંત પ્રેમ હતો. તેના લખ્યા મુજબ એ તેને માટે 'ધ્રુવતારક સમી' હતી. એનો પિતા રૅન્ડૉલ્ફ ચર્ચિલ એના જમાનાના રાજકારણમાં અગ્રગણ્ય વ્યક્તિ હતો. ઈ. ૧૮૮૬માં રૂઢિચુસ્ત કૉન્ઝર્વેટિવ પક્ષ સત્તા પર આવતાં તે નાણાંપ્રધાન બનેલો. એથી યે આગળ બ્રિટનના વડા પ્રધાન બનવાની તેની મહત્ત્વાકાંક્ષા હતી, જે તેની બાબતમાં તો સિદ્ધ ન થઈ, પરંતુ તેના પુત્ર વિન્સ્ટનની બાબતમાં સિદ્ધ થઈ જ. તેનામાં હિંમત તો જબરી હતી, પરંતુ વિન્સ્ટનના જેટલી શ્રમશીલતા નહોતી.

મર્હૂમ એચ. જી. વેલ્સે એક સ્થળે લખ્યું છે: 'ચર્ચિલનો ખયાલ મને એક તોફાની છોકરાનો જ રહ્યો છે અને એ રીતે જ હું એને ચાહતો આવ્યો છું.' એના તોફાનીપણાનો એક દાખલો અહીં ઉતારવો અસ્થાને નહિ ગણાય. એક વાર હેડમાસ્તરે એને લાટિન વ્યાકરણમાંથી 'મેન્સા'નાં રૂપ શીખવવા માંડ્યાં, જેમાં છેલ્લો પ્રયોગ સંબોધન વિભક્તિનો આવ્યો : 'મેન્સા, ઓ ટેબલ!'

ચર્ચિલ આ સાંભળી બોલી ઊઠ્યો, 'એ વળી શું, સાહેબ?'

'તારે જ્યારે ટેબલને સંબોધન કરવું હોય ત્યારે આ રૂપ વાપરવું.'

'પણ સાહેબ, ટેબલને તો હું કોઈ દિવસ કશું સંબોધન નથી કરતો.'

હેડમાસ્તરથી આ ગેરશિસ્ત સહન ન થઈ. વિદ્યાર્થીઓને શિસ્ત

પળાવવા ત્યારે સોટીનો ઉપયોગ સામાન્ય હોઇને ચર્ચિલને પણ તેનો બરડો રંગાવવો પડચો. પરંતુ ચર્ચિલ શિરતનો પાઠ આ રીતે ભણવા મુદ્દલ તૈયાર ન હતો. તેણે હેડમાસ્તરના માથા પરની ટોપી જ ખેંચી કાઢી અને તેને પગ નીચે કચરી, હાથ વડે તેના ચીરેચીરા ઉડાવી દીધા. પરિણામે કરી વાર સોટી, અને હેડમાસ્તર સાથે બાથંબાથી ! છેવટે કંટાળીને હેડમાસ્તર સોટી ઊંચી મૂકતાં બોલ્યા, 'આ બદમાશને ઠેકાણે લાવવો મુશ્કેલ છે.' વેલ્સ જેવા મહાનુભાવને આવો તોફાની ચર્ચિલ ભલે ગમતો હોય, પણ કોઇ પણ શિક્ષકને એ નહોતો ગમતો અને પોતાની શાળાથી એને દૂર જ રાખવાનો સૌ પ્રયત્ન કરતા. છેવટે એને બ્રાઇટન મુકામે બે મહિલાઓએ શરૂ કરેલી શાળામાં બેસાડવો પડેલો, જ્યાં પણ એનું 'સૌથી વધુ તોફાની છોકરા'નું બિરુદ કાયમ રહેલું.

વિન્સ્ટનનો પિતા પોતે તો સ્વભાવે વિદ્યાવ્યાસંગી અને શાંતિવાદી હતો, પણ પુત્રનાં પરાક્રમો અને તેનાં પરીક્ષાનાં પરિણામોથી નિરાશ થઈને જ છેવટે તેને લશ્કરી કૉલેજમાં મૂકેલો. અહીં પણ વિન્સ્ટને પરીક્ષા આપી અને પરિણામ ધાર્યા મુજબનું જ. બીજી વાર પરીક્ષા આપી ને બીજી વાર પણ નાપાસ ! ત્રીજી વારની પરીક્ષામાં એ આઠમા નંબરે પાસ થયો અને લશ્કરમાં 'ફોર્થ હસાર્સ' ટુકડીમાં એને જગ્યા મળી. આ અરસામાં જ એના પિતાનું અવસાન થયું.

અને આ જ અરસામાં એણે સાહિત્યસર્જનની પણ પ્રવૃત્તિ હાથ ધરી અને થોડીક ટૂંકી વાર્તાઓ તથા 'સેવરોલા' નામની એક નવલકથા લખી કાઢચાં. સાહિત્યદૃષ્ટિએ નવલકથા ઉચ્ચ કોટિની ન હતી પરંતુ તેનો નાયક 'સેવરોલા' ચર્ચિલની જ જાણે પ્રતિમૂર્તિ હતો. આ પછી ઇંગ્લંડના દૈનિક પત્ર 'ડેઇલી ગ્રાફિક'ના યુદ્ધ-ખબરપત્રી તરીકે તેણે ક્યૂબાની મુલાકાત લઇ ત્યાંની ક્રાન્તિ નજરોનજર જોઈ. એ વિષે લખેલા એક પત્રમાં એણે જણાવેલું, 'ક્રાન્તિ પ્રત્યે મને સહાનુભૂતિ છે, ક્રાન્તિકારીઓ પ્રત્યે નહિ.'

લશ્કરમાં જોડાયા પછી ચર્ચિલને હિંદની સરહદે માલકંદ ઘાટમાં નાયફાવાળાઓનું બંડ શમાવનાર સર બિન્ડન બ્લડનો ભેટો થયો, અને પોતાને પણ એ કામગીરીમાં સાથે રાખવા તેણે સર બિન્ડનને જણાવ્યું. થોડા જ સમયમાં એ તક ઊભી થઈ અને હિંદ આવતી ત્રણ બ્રિગેડમાં ચર્ચિલ પણ શામેલ થયો. અહીં તેણે યુદ્ધ-ખબરપત્રીનું કામ પણ ચાલુ રાખેલું. એ અંગે એને મળતી છૂટછાટ બીજા સૈનિકોમાં ઇર્ષ્યા પ્રેર્યા વિના ન રહી અને તેઓ એને 'સેલ્ફ ઍડવર્ટાઈઝર', 'મેડલ હન્ટર' વગેરે વિશેષણોથી સંબોધવા માંડચા. હિંદમાં રહીને તે ચુનંદો પોલો-ખેલાડી બન્યો અને રાજકારણમાં ઝંપલાવવાની પૂર્વતૈયારી રૂપે પ્લેટો, ઍરિસ્ટોટલ, ગિબન, મૅકૉલે, શૉપનહોર વગેરેનો અભ્યાસ કરવા માંડચો. આ અભ્યાસે તેને રાજકારણની બાબતમાં તેના મિત્ર જૉન મોર્લીના જ નિષ્કર્ષ ભણી પ્રેર્યો કે 'those who would treat politics and morality apart will never understand the one or the other.' (જેઓ રાજકારણ અને નીતિને જુદાં-જુદાં લેખવે છે તેઓ એ બે પૈકી એકેને પૂરું પ્રમાણી શકવાના નથી.) એની રાજનીતિ કુટિલતાની આશ્રયી નથી એ હકીકતછે, અને એનાં યુદ્ધસંસ્મરણોએ યુદ્ધસમયના દુશ્મનોમાં પણ આદર મેળવ્યો છે એ એની સરળ અને નિર્વૈર વૃત્તિનું દ્યોતક છે.




ચર્ચિલનો પિતા : લૉર્ડ રૅન્ડૉલ્ફ ચર્ચિલ

તે પછી સુદાનમાં યુદ્ધ સળગતાં ચર્ચિલ ત્યાંના યુદ્ધક્ષેત્ર પર પહોંચવા તત્પર થયો, પરંતુ ઇજિપ્શ્યન સૈન્યના સેનાપતિ સર હર્બર્ટ કિચનરે ચર્ચિલની કક્ષાના બીજા અફસરોને લીધા પણ એને ન લીધો. ચર્ચિલને આ અવગણના અસહ્ય લાગતાં એણે પોતાનો અવાજ આગળ પહોંચાડચો અને ઍજ્યુટન્ટ જનરલ તથા વડા પ્રધાનની દરમિયાનગીરીથી એને એ યુદ્ધમોરચે જવા દેવામાં તો આવ્યો, પરંતુ એ શરતે કે યુદ્ધમાં એ જખમી બને કે મૃત્યુ પામે તો તેનો બોજો બ્રિટિશ સૈન્ય પર ન રહે. 'મૉર્નિંગ પોસ્ટ' દૈનિકના સંચાલકનો પુત્ર ઑલિવર ચર્ચિલનો મિત્ર હતો. એની મારફત યુદ્ધમોરચા ઉપરથી પત્રોની એક શ્રેણી લખવાનું નક્કી કરીને, એક કટારના ૧૫ પૌન્ડનો નજીવો પુરસ્કાર સ્વીકારીને પણ તે અબ્બાસીઅ બૅર્રૅક્સમાં દાખલ થવા કૅરો (કાહિરા-કાઈરો) પહોંચી ગયો.

ચર્ચિલ જે ટુકડીમાં હતો તે નાઈલપ્રદેશનાં ઉજ્જડ મેદાનોમાંથી માપી રહી હતી ત્યાં દુશ્મન સૈન્ય નજરે પડચું. લશ્કરી વડા મથકે સેનાપતિ કિચનરને આ બાતમી પહોંચાડવાનું કાર્ય ચર્ચિલને સોંપવામાં આવ્યું. કિચનરે ના પાડચા છતાં પોતે આ યુદ્ધમોરચે આવી પહોંચ્યો છે એ જોઈને તે ક્રોધે ભરાશે, વિસ્મિત થશે કે પછી ઉપેક્ષા કરશે ?— આવા અનેક તર્કવિતર્કો કરતો તે કિચનર પાસે પહોંચ્યો; પણ એ

ચર્ચિલની માતા જેની રૅન્ડૉલ્ફ ચર્ચિલ પોતાના બે પુત્રો સાથે. જેમાં જમણી બાજુ વિન્સ્ટન અને ડાબી બાજુ તેનો ભાઇ મેજર જૉન ચર્ચિલ છે જે ૧૯૪૭માં ૭૭ વર્ષની વયે ગુજરી ગયો.





બોર લોકોને હાથે પકડાએલો યુવાન યુદ્ધકેદી ચર્ચિલ પ્રીટોરિયાની જેલમાંથી નાસી છૂટ્યા બાદ તેને પકડવા ઇનામ જાહેર થએલું.

સઘળા તર્કવિતર્કો ખોટા પડ્યા અને કિચનરે તેને શાંતિપૂર્વક સાંભળ્યો.

આ પછી ચર્ચિલ હિંદ આવ્યો, પણ એની નેમ તો રાજકારણની જ રહેલી. લશ્કરમાં વરસે માત્ર અઢીસો પૌન્ડના પગારથી રહી શકાય તેમ ન હોવાથી ઈ. ૧૮૯૯માં તે લશ્કર છોડી દઇને ઓલ્ડહામ મુકામેથી પાર્લામેન્ટ માટેની એક પેટાચૂંટણીમાં ઊભો રહ્યો, પરંતુ હાર્યો.

પણ એવામાં દક્ષિણ આફ્રિકાનું યુદ્ધ શરૂ થયું, અને આ વખતે 'મૉર્નિંગ પોસ્ટે' ચર્ચિલને માસિક ૨૫૦ પૌન્ડ જેવા અસામાન્ય વેતને યુદ્ધખબરપત્રી તરીકે રોકી લીધો. આ યુદ્ધમાં તો ચર્ચિલને પ્રત્યક્ષ ભાગ લેવાનો જ નહોતો; પણ દારૂગોળો લઇ જતી અંગ્રેજ ટ્રેન પર બોર લોકોએ હુમલો કરતાં તેમના સામાનની સરદારી ચર્ચિલે પોતાના હાથમાં લીધી. પરંતુ લુઈ બોથા નામનો ઘોડેસવાર બોર (જે પાછળથી દક્ષિણ આફ્રિકાનો વડો પ્રધાન અને ચર્ચિલનો મિત્ર બન્યો હતો) તેની સામે તાકેલી બંદૂકે આવી ઊભો રહ્યો અને ચર્ચિલ કેદ પકડાયો. પોતે યુદ્ધખબરપત્રી હોઇને સામાન્ય યુદ્ધકેદી કરતાં પોતાને વધુ છૂટછાટ મળવી જોઈએ એવા એના આગ્રહ સામે જનરલ સ્મટ્સે જવાબ વાળેલો: 'તું તો અમારી સામે એવી રીતે લડેલો છે કે તને બિનલશ્કરી શખ્સ ગણી શકાય જ નહિ.' બીજા એક સેનાનીએ વળી કહેલું કે 'તું યુદ્ધખબરપત્રી હોય તો પણ અમારે તને છોડવો નથી. ઉમરાવોના છોકરા કંઈ દરરોજ ઓછા જ હાથ લાગે તેમ છે!'

કેદખાનાની બહાર તો યુદ્ધ ચાલુ જ હતું. અનેક સાહસો અને પરાક્રમોની તક વહી જતી હતી, જ્યારે ચર્ચિલને તો યુદ્ધકેદી તરીકે દુશ્મનની મરજી મુજબ ચાલવાનું અને એના હુકમો ઉઠાવવાનું જ રહ્યું હતું. આ અળખામણી સ્થિતિનો અંત આણવા તે પ્રીટોરિયાની એની કેદમાંથી નાસી છૂટવાની યોજનાઓ વિચારવા લાગ્યો. પોતાનાં સંસ્મરણોમાં તેણે લખ્યું છે: 'No walls are so hard to pierce as living walls.' (જીવતી દીવાલો જેવી ભેદવી કપરી દીવાલો બીજી કોઈ નથી.) અને અહીં પણ સશસ્ત્ર ચોકીપહેરાની જીવતી દીવાલ એણે ઓળંગવાની હતી. ખૂબ વિચાર ને નિરીક્ષણને અંતે એને જણાયું કે પૂર્વ બાજુની દીવાલ પર ઓળાને કારણે પૂરતો પ્રકાશ રહેતો ન હોઇને ત્યાંથી જો છટકાય તો સંત્રીઓની નજર થાપ ખાઇ જાય એમ હતું.

એક નાના ગોળાકાર જાજરૂ પાસે એ દીવાલ આવેલી. જાજરૂમાં પેસવામાં તો વાંધો ન હતો, પણ ત્યાંથી એ દીવાલ પર ચડવું એ જીવનું પૂરું જોખમ વહોરવા જેવું હતું. બંને સંત્રીઓની પીઠ અનાયાસે પોતાની તરફ હોય ત્યારે જ ત્યાંથી છટકવું શક્ય બને. ચર્ચિલના બે સાથીદારોની તો એવું જોખમ ખેડવાની હિંમત ન ચાલી, પણ તે પોતે એ તક જતી કરે એમ ન હતું. એ તો જાજરૂમાં પેઠો અને એના કાણામાંથી સંત્રીઓની હીલચાલ પર નજર રાખવા લાગ્યો.

થોડી વારે એક સંત્રી એનું સ્થાન છોડી બીજા સંત્રી પાસે પહોંચ્યો. બંને વાતોએ વળગતાં બેઉની પીઠ ચર્ચિલ તરફ ફરેલી હતી. 'અત્યારે અથવા તો કદિ જ નહિ!' બે વાર ચર્ચિલનું મન પાછું પડ્યું, પણ ત્રીજી વાર દૃઢ સંકલ્પ કરીને એ દીવાલ પર ચડ્યો. પંદર જ વાર છેટે વાતોએ વળગેલા સંત્રીઓ પર ફરી એક નજર નાખી અને પછી નીચે કૂદી પડી વાંદરાની પેઠે હાથેપગે ચાલતો જેલના બગીચામાં થઇ તે આગળ વધ્યો.

હવે તે મુક્ત હતો. ગમે ત્યારે પકડાઈ જવાનો ભય હોવા છતાં તે સીટી વગાડતો આગળ ને આગળ વધતો ગયો. દુશ્મનપ્રદેશમાં એનો કોઇ પરિચિત તો હોય જ ક્યાંથી? ખિસ્સામાં ૭૫ પૌંડ અને ચૉકલેટની ચાર ચકતી હતી. એ પ્રદેશમાં બોલાતી ડચ કે કાફિર ભાષાનો એકે શબ્દ સુદ્ધાં તે જાણતો નહોતો, જેથી કોઇને ખોરાક અથવા વાટ વિષે પૂછી શકાય. રાતના ભાગે ટ્રેનમાં ઘૂસી એકાદ બેઠક નીચે ભરાઈ બેસવું અને અંદરના ઉતારુઓને પોતાને મદદ કરવા વીનવવું





પોતે જેલમાંથી કેવી રીતે નાસી છૂટ્યો તે આલેખતા એ પ્રસંગોનાં ચર્ચિલે પાછળથી કરેલા બે સ્કેચનાં ચિત્રો (ચિત્રપ્રસંગ માટે જુઓ લેખ)

એવો તર્ક કરીને તે સ્ટેશન નજીક છુપાઇ રહ્યો.

ટ્રેન ચાલુ થઈ. ચર્ચિલે એન્જિનને આગળ નીકળી જવા દીધું જેથી એના પ્રકાશમાં પરખાઈ ન જવાય. પરંતુ ટ્રેને એણે કલ્પ્યા કરતાં પણ વહેલો વેગ પકડ્યો. ચર્ચિલે બે વાર તેને પકડવા પ્રયત્ન કર્યો, પણ બંને વાર હાથ છટકી ગયા. છેવટે ત્રીજી વાર તે એ ગુડ્ઝ ટ્રેનના ડબ્બા પકડી પાડી તેમાં કૂદી પડ્યો, ને તેમાં ભરેલા થેલાઓ વચ્ચે છુપાઇ ગયો.

થોડા કલાકની ઊંઘ લઇને સવાર થતાં પહેલાં તે માલગાડીમાંથી ઊતરી પડ્યો અને દૂરથી દીવાનો પ્રકાશ નજરે પડતાં એ દિશામાં આગળ વધ્યો. થોડાંક મકાનોના જૂથ વચ્ચે આવેલા એ દીવાવાળા મકાનનું બારણું એણે ખખડાવ્યું:

'વેર ઈસ્ટ ડા?' અંદરથી અવાજ આવ્યો.

'મારે મદદ જોઇએ છે; અકસ્માત નડ્યો છે.' ચર્ચિલે અંગ્રેજીમાં જ જવાબ વાળ્યો ને ઉપરથી એક શખ્સે નીચે ઊતરી બારણું ખોલ્યું.

'શું કામ છે?' આ વખતે પેલાએ અંગ્રેજીમાં જ પ્રશ્ન કર્યો અને પોતે ટ્રેનમાંથી ઊથલી પડીને કલાકો સુધી બેભાન રહ્યા બાદ અહીં સુધી ચાલતો આવ્યો હોવાનું ચર્ચિલે જણાવ્યું.

'સારું, અંદર આવો.' કહેતાં એ શખ્સે બારણું ઉઘાડતી વખતે સાથે રાખેલી રિવૉલ્વર નીચે મૂકી, ને પછી ચર્ચિલને સંબોધતો બોલ્યો, 'ચાલો ત્યારે, હવે કહેવા માંડો તમારા એ રેલવે-અકસ્માતની વાત.'

ચર્ચિલને લાગ્યું કે હવે વધુ બનાવટ ન કરતાં સાચું બોલી દેવું જોઇએ. એટલે તે બોલ્યો, 'હું ઇંગ્લંડના મૉર્નિંગ પોસ્ટ પત્રનો ખબરપત્રી વિન્સ્ટન ચર્ચિલ છું. ગઈ રાતે પ્રીટોરિયા જેલમાંથી નાસી છૂટી સરહદ તરફ આગળ વધી રહ્યો છું. તમે મને એમાં મદદ કરશો!'

એના યજમાને ઊઠીને બારણાને તાળું વાસ્યું. ચર્ચિલ વિમાસણમાં પડી ગયો, પણ ત્યાં તો એ બોલ્યો, 'જુવાન, તું પ્રભુનો પાડ માન કે અહીં જ આવી લાગ્યો. આ વીસ માઈલના ઘેરાવામાં આ એક જ મકાન એવું છે જ્યાંથી તને પાછો પકડાવી દેવાનો મુદ્દલ ભય નથી.' એ યજમાન હતો ટ્રાન્સવાલ કોલીઅરીઝનો મૅનેજર મિ. જૉન હાવર્ડ. એ પોતે ટ્રાન્સવાલનો નાગરિક બન્યા છતાં બ્રિટિશો પ્રત્યેનું તેનું મમત્વ કાયમ હતું. ચર્ચિલ જો પકડાય તો ટ્રાન્સવાલ પ્રજાસત્તાકના વતની તરીકે તેને આશ્રય આપ્યા બદલ હાવર્ડ પર રાજ્યદ્રોહનો આરોપ મૂકી તેને સીધો ગોળીએ દેવામાં આવે તેમ હતું. પરંતુ તે બોલ્યો, 'કંઇ વાંધો નહિ; આપણે ગમે તેમ કરીને પણ આનો બંદોબસ્ત કરીશું.'

ચર્ચિલ જેલમાંથી નાસી છૂટ્યો છે એ સમાચારે સર્વત્ર સનસનાટી ફેલાવી દીધેલી. દક્ષિણ આફ્રિકામાં તેને પકડવા માટે ઇનામની જાહેરાત કરવામાં આવેલી, જ્યારે બ્રિટિશ પત્રોએ તો એના આ સાહસ બદલ પ્રશંસાનાં પુષ્પો વરસાવવામાં કંઈ બાકી નહોતું રાખ્યું. રાત્રે ચર્ચિલ એના યજમાનને ત્યાં પહોંચ્યો એ પહેલાં બપોરે જ એક ટુકડી એની તપાસ કરવા ત્યાં આવી ગઈ હોવાનું યજમાને કહ્યું.

ચર્ચિલે હાવર્ડને મુશ્કેલીમાં ન મુકાવું પડે તે માટે થોડું ખાવાનું, એક પિસ્તોલ એક ભોમિયો અને શક્ય હોય તો એક ઘોડો પોતાને આપવા કહ્યું, જેથી પોતે રેલવે લાઈનથી દૂર રહી રાતે મુસાફરી કરતો સરહદ ઓળંગી જાય. પરંતુ એ જોખમ વહોરવા દેવાને બદલે હાવર્ડે તેને ટ્રેનમાં ઊનની ગાંસડીઓ વચ્ચે છુપાવીને રવાના કરી દીધો અને તે હેમખેમ પોર્ટુગીઝ શહેર લોરેન્કો માર્કવિસ પહોંચી ગયો.

ત્યાંથી ઇંગ્લંડ પાછા ફરતાં તો એનું અસાધારણ સંમાન કરવામાં આવ્યું. કેદમાંથી નાસી છૂટીને એ સૌથી વધુ ખ્યાત યુદ્ધ-ખબરપત્રી બની ગયો હતો. જ્યાંની પેટાચૂંટણીમાં એ હારેલો એ જ ઓલ્ડહામમાં દસ લૅન્ડો ગાડીઓ સાથે સરઘસ રૂપે તેને ફેરવવામાં આવ્યો.

આટલી ખ્યાતિ પછી પાર્લામેન્ટમાં ચૂંટાવું ચર્ચિલને માટે મુશ્કેલ નહોતું. પરંતુ એ વખતે પાર્લામેન્ટના સભ્યોને કશું વેતન અપાતું ન હોઇને ચર્ચિલે બ્રિટન અને અમેરિકાનો વ્યાખ્યાન-પ્રવાસ યોજ્યો. એ દ્વારા મળેલી દસ હજાર પૌન્ડ જેટલી રકમ એના ચારપાંચ વર્ષના ખર્ચ માટે પૂરતી હતી.

(ચાલુ)

ઓડી બામણીનું ખેતર (અનુસંધાન પૃષ્ઠ ૪૨૪થી)

નરસિંહ: આમે આવ્યાં છો તો મોં મીઠું કરીને સૌ જાવ, ચંચળ શેઠાણી, રેવાબાઈ. તમે પણ બેસોને, અતિસુખશંકરભાઈ. ઓચ્છવમામા ક્યાં ગયા?... અરે ઘોંડુ, પેલા પેંડા બધાંને વ્હેંચ તો.

દીના: શું વિચાર કરો છો, વીણાબેન? સુષમા સાથે માલતીને સરખાવો છો કે શું?

વીણા: સારું થયું, એ ન આવી; નહિ તો-(ત્યાં જાણે સીધી સ્ટુડિયોમાંથી શૂટિંગ પતાવીને ચાલી આવતી હોય તેવી-ઘેરી લિપસ્ટિકથી ખરડેલા હોઠ, મુખ પર પફ પાઉડરના થર, ખભા સુધી લટકતાં ઝુલ્ફાં, બારીક જ્યૉર્જેટની સાડીની નીચે ઘેરા કાળા વેલ્વેટની તસતસતી ચોળી, ઘરેણાંનો પણ મોટો ભાર અને પગમાં ઊંચા પ્લૅટફૉર્મવાળાં સૅન્ડલ્સ સાથે સુષમા પગથિયાં ચડે છે.)

સુષમા: મને પરવારતાં થોડી વાર થઇ આજે, વીણા. (વીણા તુરત એની સામે જાય છે.) થયું કે બંગાળી સ્ટાઇલે બનારસી સાડી પહેરું કે ગુજરાતી સ્ટાઇલે પટોળું પહેરું? પણ કાંઇ ડીસિશન ન લઈ શકી, એટલે મેં તો સુરવાલ ખમીસ ને દુપટ્ટો પણ અજમાવી જોયાં. છેવટે કંટાળીને હું તો વેલ્વેટ અને માયસોર જ્યૉર્જેટ ઉપર આવી. Anyway, બહુ મોડી તો નથી પડીને? .

વીણા: (ડંકથી) મોડી તો તું પડી છો સુષમા, ખરેખર મોડી પડી. જો, તને ઓળખાણ કરાવું (અશોકને બતાવીને) આ મારા અશોકભાઈ, અને–

સુષમા: (અશોક તરફ હાથ લંબાવીને) Oh, I'm very glad to meet you; (હાવભાવથી) tall, dark and handsome! Really the man of my dreams...

અશોક: (નમસ્કાર કરતો) સાચ્ચે જ! (માલતી બાજુએ દીના સામે જોઈને આછું મલકી જાય છે.)

વીણા: (માલતીને બતાવતાં સુષમાને) અને સુષમા, આ માલતી- પહેલાં કુમારી માલતી ગુપ્તે, પણ હવે તો મારાં ભાભી!

[ત્યાં મણિબેન પોંખવાની સામગ્રી લઇને અને ઘોંડુ પેંડાનો થાળ લઇને પ્રવેશે છે. સુષમાને કાંઇ સમજણ નથી પડતી, માત્ર પહોળી આંખ કરીને જોઈ રહે છે; ત્યાં—

(પડદો)

ગુજરાત સાહિત્ય સભા તરફની વાર્ષિક વાઙ્મયસમીક્ષા

ગુજરાતી સાહિત્યમાં ખ્યાત થએલી આ વાર્ષિક સમીક્ષાના લલિત તેમજ લલિતેતર (વિજ્ઞાન, શાસ્ત્રીય સાહિત્ય વગેરે) બંને વિભાગનું ૧૯૫૪ના વર્ષ માટેનું કાર્ય પ્રો. ધીરુભાઈ પ્રે. ઠાકર(૯/બ. ભારતી નિવાસ સોસાએટી, એલિસબ્રિજ, અમદાવાદ-૬)ને સોંપાયું છે. સૌ લેખક-પ્રકાશકોને સાહિત્યસભાની વિનતિ છે કે પોતા તરફથી પ્રકટ થતાં પ્રકાશનો પ્રસિદ્ધ થાય કે તરત ઉપર જણાવેલા સરનામા પ્રમાણે તે વિભાગના સમીક્ષકને મોકલી તેઓ આભારી કરશે, જેથી તેમને સમીક્ષાના કાર્યમાં સરળતા થાય.

બોડી બામણીનું ખેતર

નાટિકા ★

શિવકુમાર જોષી

[મુંબાઈમાં એક ગૃહસ્થના મકાનના ભોંયતળિયે ખુલ્લા વરંડાની બેઠક. જમણી તરફથી મકાનમાં પ્રવેશવાનું મુખ્ય દ્વાર ઝીણા ફરફરતા પડદાથી ઢાંકેલું છે. ડાબા હાથ તરફ મકાનના બગીચામાં પડતાં પગથિયાં છે. આજુબાજુ છૂટાંછવાયાં ફૂલરોપનાં કૂંડાં છે તથા વરંડાના થાંભલા ઉપર થઈને ઘેરી ઘટાવાળી વેલથી વરંડાની એક બાજુ ઢંકાઈ ગઈ છે. એની સામેની વરંડાની પાળ પાસે સિત્તેરેક વર્ષના વયોવૃદ્ધ નરસિંહદાસ પગથિયાં તરફ પીઠ કરી 'રૉકિંગ ચૅર'માં પડ્યાપડ્યા બાજુમાં પડેલો હોકો પીતાં મોજથી આંખો મીંચીને ખુરશી હિલોળ્યા કરે છે. પહેરવેશમાં ધોતિયું, સફેદ મલમલનું પહેરણ અને ખભા પર ઝીણો કસબી કિનારનો જેમતેમ વીંટાળેલો ખેસ; માથે વાળ સફેદ થયા છે, પણ વાળની લંબાઈ ઓછી નથી. ટાલનું નામનિશાન નથી. મોઢું ગોળ અને ગુલાબી છે. જાતે સુખી રહેવું અને બીજાને સુખી થવામાં સાથ આપવો એવી એમની પ્રકૃતિ મુખરેખાઓમાં અંકાઈ ગઈ છે. ખાસ કરીને આજે મુખ ઉપર આનંદ ઉછાળા મારતો જણાય છે. ◖ પડદો ઊપડે છે તે પછી થોડી વારમાં મુખ્ય દ્વાર પાસેની ટીપૉય ઉપરનો ટેલીફોન રણકી ઊઠે છે. ઘંટડી વાગ્યા જ કરે છે, પણ નરસિંહદાસનું રુવાંટું યે ફરકતું નથી. થાકીને ટેલીફોનની ઘંટડી બંધ થાય છે, નરસિંહદાસના મુખ ઉપર સ્મિત ફેલાઈ જાય છે. એટલામાં ટૂંકા ધોતિયાને છેડે હાથ લો'તો ઘરનો જૂનો ઘાટી ધોંડુ બબડતો પ્રવેશે છે.]

ધોંડુ : સધળે ગેલે, આણિ મલા એકટ્યાના સંબંધ ધરાચા કામ કરાયચા કિ ટેલીફોન ઘ્યાયચા; મી કાય મરું? હે પાહા, સઈપાકી (મહારાજ) કસલા! શ્રી સઈપાકઘર સોડૂન ટેલીફોન ઘેત નાહી!

નરસિંહ : (શાંતિથી) શું છે અલ્યા ધોંડુ? આટલો હાંફળોફાંફળો ટેલીફોન સાંભળવા આવ્યો, ખરું?

ધોંડુ : મોઠા શેઠ! તુમિ ઇથે બસલેલા આહાત, આણિ ટેલીફોન આલા તરી સુદ્ધાં તુમિ આઈકણાર કસા?

નરસિંહ : ધોંડુ, મૂળ તું ક્યાંનો અલ્યા?



↑ બધાં સ્તબ્ધ થઈ જાય છે.

ધોંડુ : રત્નાગિરિચા. કિતિવેળા વિચારણાર?

નરસિંહ : રત્નાગિરિ, નહિ? મઝાનો મુલક, ખરુંને? એક દિવસ તારી સાથે ત્યાં આવવું પડશે.

ધોંડુ : માઝ્યા બરોબર! મોઠા શેઠ, તુમિ માઝા સરખા ગરીબાચી થટ્ટા કા ઉડવતાત?

[ત્યાં ફરીથી ટેલીફોન રણકે છે, ધોંડુ રિસીવર ઉપાડી લે છે.]

ધોંડુ : હલાવ! કોણ?... પોપટલાલ શેઠચ્યા કડૂન?... હં, કાય કામ આહેત?... ઘરી કોણી નાહી. વિમાન અડ્ડયાવર ગેલેલે આહેત...

નરસિંહ : અલ્યા, હું તો આ મર્યો—

ધોંડુ : મોઠા શેઠ આહે... તેનચા કામ નાહી?... કેવ્હાપાસૂન ગેલેલે આહેત... આતા કેવ્હાઈ યેઊન જાઈ—

નરસિંહ : અલ્યા, પણ કામ તો પૂછ!

ધોંડુ : કાય, વિશેષ કામ હોતા?... હો, હો, અમેરિકાહૂન અશોકભાઈ આજ યેણાર... મ્હણૂતર નેઆયલા ગેલે આહેત [વાત પૂરી થતાં રિસીવર મૂકીને) નુસતા અશોકભાઈ અશોકભાઈ સકાળપાસૂન ચાલલેલા આહે! પોપટલાલ શેઠ સીંગાપુરવાળા, જમનાદાસ શેઠ પાંજરાપોળચા પ્રમુખ, નગીનદાસ—

નરસિંહ : અલ્યા ધોંડુ, પણ તું એમાં અકળાય છે શા માટે? મારો અશોક અમેરિકાથી આવે છે તે આ છોકરીવાળા પાછળ લાગ્યા છે. બિચ્ચારો! કોને હા પાડશે ને કોને ના પાડશે?

ધોંડુ : (હસતો હસતો) પાહા, મામાજી સુદ્ધાં યેત આહેત.

[ડાબી તરફથી પિસ્તાળીસ-પચાસની ઉંમરના ઓચ્છવલાલ પ્રવેશે છે. શરીરે સુક્કા, ઊંચા; મુખ પણ સુકકું. પાતળી મૂછો. ઊંચાઇને હિસાબે ટૂંકું પડતું ધોતિયું, લાંબો કોટ અને કાળી ટોપી.]

ઓચ્છવ : (નરસિંહદાસને જોયા નથી તેથી ધોંડુને) ધોંડુ, ક્યાં છે મણિબેન? અશોકભાઈ આવી ગયા કે?

નરસિંહ : (શાંતિથી) તમારા બનેવીની સાથે તમારી મણિ પણ આ ઉંમરે બનીઠનીને દીકરાને લેવા ગઈ છે, ઍરોડ્રોમ ઉપર. પણ તમે આ અત્યારના પહોરમાં ક્યાંથી ભૂલા પડ્યા ઓચ્છવલાલ? અલ્યા ધોંડુ, જા તો મામા માટે ચા લઈ આવ. (ધોંડુ જાય છે.)

ઓચ્છવ : ઓહો નરસિંહદાસભાઈ, આપ અહીં જ બેઠા છો ને! મેં તો આપને જોયા જ નહિ.

નરસિંહ : શાના જુઓ ઓચ્છવલાલ, આ બુઢ્ઢાની હવે કોઇને જરૂર છે ખરી કે?

ઓચ્છવ : એમ શું બોલો છો, મારા શેઠ! (ખુરશી તાણીને બાજુમાં બેસતાં) આપ છો તો ઘરમાં બધાં ઉપર છત્ર છે. આપના પ્રતાપે તો ની આ જાહોજલાલી છે.

નરસિંહ : ના ભાઈ, ના. મહેનત બધી છોકરાની. અને તમારી મણિ પણ પૂરી પુણ્યશાળી ખરી. એ અમારા ઘરમાં આવી ને કુટુંબમાં ગાડી વાડી વસ્તાર—

ઓચ્છવ : (ઉત્સાહથી) હું પણ એ જ કહેતો હતો, નરસિંહદાસભાઈ. મણિબેનના જેવા જ ગ્રહો આ મારા સાળાના શેઠ નાથાલાલ સોમચંદની દીકરી કમુના છે. આ નાથાલાલ સોમચંદ, શેરબજારવાળા, આપ ક્યાં નથી ઓળખતા? કહે છે કે—

નરસિંહ : કહે છે કે એ તો બુદ્ધિની થોડી ઓછી છે. ખાસ કંઈ ભણી પણ નથી.

ઓચ્છવ : (છોભીલા પડી જતાં) અરે કોણ કહે છે? બહુ ભણી નથી એ વાત સાચી; પણ અશોકભાઈ આટલું ભણીને આવે છે પછી એમને ઘરમાં બહુ ભણેલી વહુની શી જરૂર? બાકી, નાથાલાલ સોમચંદ જેવો વગવસીલાવાળો બીજો માણસ તો બતાવો.

નરસિંહ : પણ અશોકને તો એમની દીકરી કમુ સાથે સંસાર માંડવાનો ને? નાથાલાલની સાત લાગવગ છતાં એમની કમુ બાવીસ વરસની થઈ તો યે હજી કુંવારી કેમ છે?

ઓચ્છવ : એ તો લાયક મુરતિયાને અભાવે.

નરસિંહ : ઓહ! એમ ને? અશોકમાં એમને બધી લાયકાત જણાઈ? ક્યારે જોયો'તો એમણે?

ઓચ્છવ : એમણે ન જોયો હોય તો પણ મારા સાળાએ તો શેઠને વાત કરી હોય ને? નાથાલાલ શેઠ કમુબેન માટે સારા વરની શોધમાં હતા; અશોકભાઈ આપણી નજર સામે; એટલે સૌ પહેલાં એમની વાત કરી અને એમણે તરત હા પણ પાડી.

નરસિંહ : હા શા માટે ન પાડે? મારો ભણેલોગણેલો આવો દેખાવડો દીકરો! બાકી હતું તે ત્રણ વરસ પરદેશમાં ગાળી આવ્યો. અને નાથાલાલ સોમચંદની હરોળમાં હવે તો અમૃતલાલ નરસિંહદાસની પેઢી પણ બેસે એમ છે. કેમ ખરુંને, ઓચ્છવલાલ?

ઓચ્છવ : હા, હા; હાસ્તો વળી. એટલે તો કહું છું કે બન્ને સરખેસરખાં ખાનદાન કુટુંબોનો સબંધ બંધાય તો કેવું સારું?

નરસિંહ : ભલે, અશોક આવે પછી એને પૂછી જોજો.

ઓચ્છવ : અશોકભાઇને એમાં શું પૂછવાનું છે? એ તો આપણે નક્કી કરીએ તે—


નરસિંહ : મારા કરતાં તો ૨૦–૨૫ વર્ષે નાના છો ઓચ્છવલાલ, છતાં કયા જમાનામાં વસો છો એનો ખયાલ નથી કે શું?

ઓચ્છવ : ના ના, મોટા શેઠ; આપ ધારો તે થાય એમ છે. અશોકભાઈ આપનું જેટલું માને એટલું કોઇનું ન માને. આ બાબતમાં તો આપે— (ધોંડુ પ્રવેશ કરે છે.)

ધોંડુ : મામાજી, ચા બાહેર આણૂ કિ તુમિ આંત યેતાત?

નરસિંહ : અંદર જાવને ઓચ્છવલાલ. રોજ મણિની સાથે બેસીને રસોડામાં ચા પીવાની ટેવ પડી છે તો ત્યાં જ બેસો. તમારા ભાણેજને આવવાને હજી વાર છે. અલ્યા ધોંડુ, મામાને પેલા પેંડા પણ આપજે, હોં.

ઓચ્છવ :(ઘરમાં જતાં જતાં) પેંડા તો અશોકભાઈ આવેથી...હાં



મોટા શેઠ સાહેબ, આટલું તો આપે ગોઠવી આપવું પડશે. મારો અશોકભાઈ ઉપર એટલો હક્ક છે...હા......

નરસિંહ : (ઓચ્છવલાલ સાંભળે તેમ) કેટલા ડીફ્રેની દલાલી ખટાવવાનું નક્કી કર્યું છે? (ત્યાં ડાબી તરફથી ૪૫-૫૦ વર્ષનાં રેવાબેન પગથિયાં ચડે છે. ઠસ્સો એમનો ભારે છે. શરીર પણ વસ્ત્રાલંકારથી વીંટાએલો તકિયો જાણે.)

રેવા : ક્યાં ગયાં મણીબેન?

નરસિંહ : તમારાં મણિબેન તો નથી.

રેવા : માધવબાગ દર્શને ગયાં છે?

નરસિંહ : શું કરવા પૂછો છો? તમને ખબર નથી કે એ ક્યાં ગઈ છે? ગઈ કાલે એણે તમને ફોન ઉપર કહ્યું નો'તું કે આજે સવારે અશોક અમેરિકાથી આવે છે?

રેવા : અરે હા, એ તો ભૂલી જ ગઇ. ત્યારે તો શાન્તાક્રુઝ ગયાં હશે.

નરસિંહ : હાસ્તો, ચોપાટી ઉપર થોડું જ એરોપ્લેન ઊતરવાનું હતું.

રેવા : હં અં અં અં!

નરસિંહ : મણિ જ નહિ, એની બે દીકરી અને અમરતલાલ પણ હારતોરા લઇને એને લેવા ગયા છે.

રેવા : તે હજી સુધી આવ્યાં નથી?

નરસિંહ: આવ્યાં હોય તો મેં મારા ખેસ નીચે ઢાંકી રાખ્યાં નથી; અને બંગલામાં છુપાઈ રહેવાનું કાંઇ કારણ નથી. તમારો અવાજ પણ ખૂણેખૂણે પહોંચી જાય એવો છે. સાંભળીને તરત જેશીકૃષ્ણ કે'તી મણી દોડી ન આવે?

રેવા: હા આ...ત્યારે હમણાં આવશે નહિ? કેટલી વાર લાગશે?

નરસિંહ: (કંટાળીને) તમારે બેસવું હોય તો બેસો ને રાહ જુઓ તો જરૂર આવશે—રસ્તામાં મોટર ખોટકાઇ જાય તો જુદી વાત. (રેવાબેન એકાદ ખુરશીમાં ગોઠવાય છે ત્યાં ફરીથી ફોન રણકી ઊઠે છે.) નરસિંહદાસ નિઃસ્પૃહ રીતે હુક્કો ગડગડાવ્યે રાખે છે. ધોંડુ દોડતો આવીને ફોન લે છે.)

ધોંડુ: હલાવ! કોણ?...ના સધળા શાન્તાકુઝલા ગેलेले આહે... ભાઇલા ને આયેલા...તુમિ કોણ?...એ સધળા મલા આઠવણાર નાહી...સરળ તુમચા નાંવ સાંગા—

નરસિંહ: અલ્યા ધોંડુ કોણ છે પાછું?

ધોંડુ: કુઠલા હાઉસફાઉસ મ્હણુતો. કાઇતરી શંકર સરખા નાંવ-

નરસિંહ: અરે, એ તો પેલો અતિસુખશંકર ધોળી ટોપીવાળો! કૉંગ્રેસ હાઉસમાંથી બબડતો હશે.

ધોંડુ: હા તે ચ આહે. વિચારતો કિ અશોકભાઇ આલા કિ નાહી.

નરસિંહ: કેમ, આજે માળા બધાને અશોકભાઇ અશોકભાઈ થઇ રહ્યું છે!—ના પાડ, નથી આવ્યા એમ કહેને.

ધોંડુ: (ફોનમાં) હજુ આલે નાહી...પંદરવીસ મિનિટાત? યેઉ પણ સક્તો...હો, યા કિ. [રિસીવર મૂકી દે છે.] અતિસુખશંકર અ-શોકભાઈલા ભેટાયલા યેત આહેત.

નરસિંહ: અશોકને કેટલી ઓળખાણો કોણ જાણે!

રેવા: અરે ધોંડુ, બહાર મોટરમાં શીલા બેઠી છે; બોલાવી લાવ તો.

ધોંડુ: (પગથિયાં ઊતરતાં) શીલાબાઇ સુદ્ધાં આલેલી આહેત? ગાડીંત કા બસૂન રાહલેલી આહેત? હે ઘર કિ પારકા આહે? (બહાર નીકળી જાય છે.)

રેવા: (નરસિંહદાસને સંભળાવતાં) ગમે તેટલું પોતાનું કહીએ તો પણ પારકું તે પારકું જ ને?

નરસિંહ: કેમ રેવાશેઠાણી, એવું બોલો છો? મણિ સાથે ઝગડી પડયાં છો કે શું?

રેવા: ના રે, મણિબેન તો મરતાને મેર કહે એવાં નથી. એમની સાથે ઝગડો કેવો વળી! આ તો હું એમ કે'તી'તી કે મારી શીલાને પણ અહીં બહુ ગમે. પણ ગમે તેટલું પોતાનું કહીએ પણ એથી આ ઘર કાંઈ પારકું મટે છે?

નરસિંહ: એટલે?

રેવા: તમે ધારો તો અમારી શીલા માટે આ ઘર એનું પોતાનું કરી આપી શકો.

નરસિંહ: હેં? કાંઈ સરખું બોલો તો સમજાય.

રેવા: મારી શીલા કેવી સુશીલ ને ઘરરખુ છે તે કોણ નથી જાણતું? મારે ને મણીબેનને બચપણથી પ્રીત. શીલા એમની શીળી છાંયડીમાં હોય, પછી હું નચિંત થઉંને?

નરસિંહ: કેમ, કંઈ ઘરબાર છોડીને કોઇ મા'ત્માના મઠમાં દાખલ થયાં છો? દુનિયા ઉપર વૈરાગ્ય આવ્યો કે શું? કેટલાં, પચાસ થયાં કે?

રેવા: ના રે ના; હું તો હજી નાની છું.

નરસિંહ: તો પછી ગેરુઆં ધારણ કરવાની આટલી ઉતાવળ શી?

રેવા: બળ્યું મેં એવું ક્યારે કહ્યું?

નરસિંહ: શીલાને મણિને આશરે છોડવાની વાત કરી એટલે મારા મનમાં કે—

રેવા: અરે રામ, હું તો કે'તી'તી કે, તમે હા પાડો તો આપણા અશોકભાઈ સાથે—

નરસિંહ: ઓહો! એમ કહોને ત્યારે. પણ અશોક હજી આવે, બેચાર દિવસ થાક ખાય, પછી તમે એને જુઓ, તમારી શીલા એને જુએ-

રેવા: એમને તો નાનપણથી જોતી જ આવી છું ને? અને સાચું પૂછો તો મારો તો અશોકભાઇ ઉપર સૌ પહેલો હક્ક છે.

નરસિંહ: એની કોણ ના કહે છે? એના મામાએ પણ એમ જ કહ્યું.

રેવા: કોણે?

નરસિંહ: ના, આ—આ તો બીજી વાત છે.

રેવા: એ કંઇ ચાલવાનું નથી. એટલા માટે તો હું સૌ પહેલી આવીને બેઠી છું. પેલી ચંચળ શેઠાણી—

નરસિંહ: કચી?

રેવા: પેલાં વાડાસિનોરવાળાં —એ ત્રણ દિવસથી કથામાં મણિ-બેનના કાનમાં ધુસપુસ કર્યાં જ કરે છે. અરે મોટા શેઠ, એમની મધુ તો સાવ ડાક્રેણ જેવી છે, ડાક્રેણ જેવી.

નરસિંહ: ત્યાં તમે બધાં કથા સાંભળો છો કે એકબીજાના કાન-

રેવા: અરે, એ ચંચળ તો એવી પાકી છે! અને એની દીકરી વળી માને માથે છાણાં થાપે એવી છે. (એટલામાં માંદલી, એકવડી, સામાન્ય દેખાવની શીલાને લઇને ધોંડુ પ્રવેશે છે.) કેમ આટલી વાર થઈ બેન શીલા? શરમાતી'તી ને? (શીલા મોંમાં પિપરમીટ વાગોળે છે એટલે નિરુત્તર રહે છે.) જોયુંને? ક્યાં મારી શીલા ને ક્યાં પેલી ડામરનો ડબ્બો ચંચળ શેઠાણીની મધુરી? જુઓ તો કેવી નમણી છે? અશોકભાઇ સાથે જુગતે જોડી બેસે એવી છે ને?—બેન શીલુ, દાદાજીને નીચા વળીને જે જે કરો તો! (શીલા કઢંગી રીતે પ્રણામ કરે છે.)

નરસિંહ: શું ભણો છો, બેન? (પણ પિપરમીટ આસ્વાદતી શીલા નિરુત્તર જ રહે છે.)

રેવા: અરે, એ તો અત્યારે બી.એ.માં હોત; પણ મૂઆ આ પરીક્ષા-વાળા! આંખો મીંચીને અધરા સવાલ પૂછી મારે છે; એટલે—

નરસિંહ: ઇન્ટર કયી સાલમાં પાસ કર્યું, શીલા?

શીલા: ના.

રેવા: (શીલાને બોલતી અટકાવીને) અરે, એમને તો આ આજ-કાલનું ભણતર જ ગમતું નથી. છોકરાં વંઠી ન જાય? જુવાન છોકરા-છોકરી કૉલેજોમાં એક હારે દોટ કાઢે! બળ્યું, ન મળે ઘરમધ્યાન-

શીલા: બા, તરસ લાગી છે. ધોંડુ, જરા શરબત બનાવી લાવ તો.

ધોંડુ: શરબત? કુઠલા બનવાયચા? નારંગીચા કી ખસચા?

નરસિંહ: તારી સાથે અંદર લઈ જા અને જે પીવું હોય તે આપજે.

શીલા: જઉંને બા?

રેવા: જાને તે. તારું ઘર જ સમજને હવે. (શીલાને લઈને ધોંડુ ઘરમાં જાય છે) કેમ ખરુંને?

નરસિંહ: પણ અશોક તો પરદેશથી ત્રણ વરસે પાછો ફરે છે. એની સાથે તમારી શીલાને ફાવશે કેમ?

રેવા: અરે રૂડું ફાવશે. આવું ઘર ક્યાં છે? (એટલામાં ચંચળ શેઠાણી પગથિયાં ચડે છે. સૂકાં ને શ્યામવર્ણાં; પણ ચાલમાં, અવાજમાં તથા હાવભાવમાં જાણે તીખું મરચું. એક હાથે એમની પ્રતિછાયા સમી ૧૮ વર્ષની દીકરી મધુરીને દોરીને આવે છે.)

ચંચળ: ક્યાં ગયાં મણિબેન?

રેવા: મણિબેન તો નથી. અત્યારના પહોરમાં નવરાં થોડાં હોય તમારી માફક.

નરસિંહ: આવ્યાં હોય તો મેં મારા ખેસ નીચે ઢાંકી રાખ્યાં નથી; અને બંગલામાં છુપાઈ રહેવાનું કાંઇ કારણ નથી. તમારો અવાજ પણ ખૂણેખૂણે પહોંચી જાય એવો છે. સાંભળીને તરત જેશીકૃષ્ણ કે'તી મણી દોડી ન આવે?

રેવા: હા આ...ત્યારે હમણાં આવશે નહિ? કેટલી વાર લાગશે?

નરસિંહ: (કંટાળીને) તમારે બેસવું હોય તો બેસો ને રાહ જુઓ તો જરૂર આવશે—રસ્તામાં મોટર ખોટકાઇ જાય તો જુદી વાત. (રેવાબેન એકાદ ખુરશીમાં ગોઠવાય છે ત્યાં ફરીથી ફોન રણકી ઊઠે છે.) નરસિંહદાસ નિઃસ્પૃહ રીતે હુક્કો ગડગડાવ્યે રાખે છે. ઘોંડુ દોડતો આવીને ફોન લે છે.)

ઘોંડુ: હલાવ! કોણ?...ના સઘળા શાન્તાકુઝલા ગેलेલે આહે... ભાઇલા ને આયલા...તુમિ કોણ?...એ સઘળા મલા આઠવણાર નાહી...સરળ તુમચા નાંવ સાંગા—

નરસિંહ: અલ્યા ઘોંડુ કોણ છે પાછું?

ઘોંડુ: કુઠલા હાઉસફાઉસ મ્હણતો. કાઇતરી શંકર સરખા નાંવ–

નરસિંહ: અરે, એ તો પેલો અતિસુખશંકર ધોળી ટોપીવાળો! કૉંગ્રેસ હાઉસમાંથી બબડતો હશે.

ઘોંડુ: હા તે ચ આહે. વિચારતો કિ અશોકભાઇ આલા કિ નાહી.

નરસિંહ: કેમ, આજે માળા બધાને અશોકભાઇ અશોકભાઈ થઇ રહ્યું છે!—ના પાડ, નથી આવ્યા એમ કહેને.

ઘોંડુ: (ફોનમાં) હજુ આલે નાહી...પંદરવીસ મિનિટાત? યેઉ પણ સકતો...હો, યા કિ. [રિસીવર મૂકી દે છે.] અતિસુખશંકર અશોકભાઈલા ભેટાયલા યેત આહેત.

નરસિંહ: અશોકને કેટલી ઓળખાણો કોણ જાણે!

રેવા: અરે ઘોંડુ, બહાર મોટરમાં શીલા બેઠી છે; બોલાવી લાવ તો.

ઘોંડુ: (પગથિયાં ઊતરતાં) શીલાબાઇ સુદ્ધાં આલેલી આહેત? ગાડીંત કા બસૂન રાહલેલી આહેત? હે ઘર કિ પારકા આહે? (બહાર નીકળી જાય છે.)

રેવા: (નરસિંહદાસને સંભળાવતાં) ગમે તેટલું પોતાનું કહીએ તો પણ પારકું તે પારકું જ ને?

નરસિંહ: કેમ રેવાશેઠાણી, એવું બોલો છો? મણિ સાથે ઝગડી પડયાં છો કે શું?

રેવા: ના રે, મણિબેન તો મરતાને મેર કહે એવાં નથી. એમની સાથે ઝગડો કેવો વળી! આ તો હું એમ કે'તી'તી કે મારી શીલાને પણ અહીં બહુ ગમે. પણ ગમે તેટલું પોતાનું કહીએ પણ એથી આ ઘર કાંઈ પારકું મટે છે?

નરસિંહ: એટલે?

રેવા: તમે ધારો તો અમારી શીલા માટે આ ઘર એનું પોતાનું કરી આપી શકો.

નરસિંહ: હેં? કાંઈ સરખું બોલો તો સમજાય.

રેવા: મારી શીલા કેવી સુશીલ ને ઘરરખુ છે તે કોણ નથી જાણતું? મારે ને મણીબેનને બચપણથી પ્રીત. શીલા એમની શીળી છાંયડીમાં હોય, પછી હું નચિંત થઉં ને?

નરસિંહ: કેમ, કંઈ ઘરબાર છોડીને કોઇ મા'ત્માના મઠમાં દાખલ થવું છે? દુનિયા ઉપર વૈરાગ્ય આવ્યો કે શું? કેટલાં, પચાસ થયાં કે?

રેવા: ના રે ના; હું તો હજી નાની છું.

નરસિંહ: તો પછી ગેરુઆં ધારણ કરવાની આટલી ઉતાવળ શી?

રેવા: બળ્યું મેં એવું ક્યારે કહ્યું?

નરસિંહ: શીલાને મણિને આશરે છોડવાની વાત કરી એટલે મારા મનમાં કે—

રેવા: અરે રામ, હું તો કે'તી'તી કે, તમે હા પાડો તો આપણા અશોકભાઈ સાથે—

નરસિંહ: ઓહો! એમ કહોને ત્યારે. પણ અશોક હજી આવે, બેચાર દિવસ થાક ખાય, પછી તમે એને જુઓ, તમારી શીલા એને જુએ–

રેવા: એમને તો નાનપણથી જોતી જ આવી છું ને? અને સાચું પૂછો તો મારો તો અશોકભાઇ ઉપર સૌ પહેલો હક્ક છે.

નરસિંહ: એની કોણ ના કહે છે? એના મામાએ પણ એમ જ કહ્યું.

રેવા: કોણે?

નરસિંહ: ના, આ—આ તો બીજી વાત છે.

રેવા: એ કંઇ ચાલવાનું નથી. એટલા માટે તો હું સૌ પહેલી આવીને બેઠી છું. પેલી ચંચળ શેઠાણી—

નરસિંહ: કયી?

રેવા: પેલાં વાડાસિનોરવાળાં—એ ત્રણ દિવસથી કથામાં મણિબેનના કાનમાં ધુસપુસ કર્યા જ કરે છે. અરે મોટા શેઠ, એમની મધુ તો સાવ ડાકણ જેવી છે, ડાકણ જેવી.

નરસિંહ: ત્યાં તમે બધાં કથા સાંભળો છો કે એકબીજાના કાન–

રેવા: અરે, એ ચંચળ તો એવી પાકી છે! અને એની દીકરી વળી માને માથે છાણાં થાપે એવી છે. (એટલામાં માંદલી, એકવડી, સામાન્ય દેખાવની શીલાને લઇને ઘોંડુ પ્રવેશે છે.) કેમ આટલી વાર થઈ બેન શીલા? શરમાતી'તી ને? (શીલા મોંમાં પિપરમીટ વાગોળે છે એટલે નિરુત્તર રહે છે.) જોયું ને? ક્યાં મારી શીલા ને ક્યાં પેલી ડામરનો ડબ્બો ચંચળ શેઠાણીની મધુરી? જુઓ તો કેવી નમણી છે? અશોકભાઇ સાથે જુગતે જોડી બેસે એવી છે ને?—બેન શીલુ, દાદાજીને નીચા વળીને જે જે કરો તો! (શીલા કઢંગી રીતે પ્રણામ કરે છે.)

નરસિંહ: શું ભણો છો, બેન? (પણ પિપરમીટ આસ્વાદતી શીલા નિરુત્તર જ રહે છે.)

રેવા: અરે, એ તો અત્યારે બી.એ.માં હોત; પણ મૂઆ આ પરીક્ષાવાળા! આંખો મીંચીને અઘરા સવાલ પૂછી મારે છે; એટલે—

નરસિંહ: ઇન્ટર કયી સાલમાં પાસ કર્યું, શીલા?

શીલા: ના.

રેવા: (શીલાને બોલતી અટકાવીને) અરે, એમને તો આ આજકાલનું ભણતર જ ગમતું નથી. છોકરાં વંઠી ન જાય? જુવાન છોકરા-છોકરી કૉલેજોમાં એક હારે દોટ કાઢે! બળ્યું, ન મળે ધરમધ્યાન-

શીલા: બા, તરસ લાગી છે. ઘોંડુ, જરા શરબત બનાવી લાવ તો?

ઘોંડુ: શરબત? કુઠલા બનવાયચા? નારંગીચા કી ખસચા?

નરસિંહ: તારી સાથે અંદર લઈજા અને જે પીવું હોય તે આપજે.

શીલા: જઉં ને બા?

રેવા: જાને તે. તારું ઘર જ સમજને હવે. (શીલાને લઈને ઘોંડુ ઘરમાં જાય છે) કેમ ખરું ને?

નરસિંહ: પણ અશોક તો પરદેશથી ત્રણ વરસે પાછો ફરે છે. એની સાથે તમારી શીલાને ફાવશે કેમ?

રેવા: અરે રૂડું ફાવશે. આવું ઘર ક્યાં છે? (એટલામાં ચંચળ શેઠાણી પગથિયાં ચડે છે. સૂકાં ને શ્યામવર્ણા; પણ ચાલમાં, અવાજમાં તથા હાવભાવમાં જાણે તીખું મરચું. એક હાથે એમની પ્રતિછાયા સમી ૧૮ વર્ષની દીકરી મધુરીને દોરીને આવે છે.)

ચંચળ: ક્યાં ગયાં મણિબેન?

રેવા: મણિબેન તો નથી. અત્યારના પહોરમાં નવરાં થોડાં હો તમારી માફક.

ચંચળ : હું શું કે'તીતી રેવા? મારી સાથે બધું પાકું થઈ ગયું છે.

મણિ : ના, ના; મેં હજી—

ચંચળ : એ કાંઈ ચાલવાનું નથી.

વીણા : જુઓ બાપાજી, હું નો'તી કહેતી કે બાએ કૈંક બાફ્યું છે? પણ એ કાંઇ ચાલશે નહિ. અશોકના ટેસ્ટ્સ તો હું જાણું છું ને. સુષમાથી વધીને કોઇ આ શહેરમાં ભાઇને માટે લાયક નથી.

દીના : બા બિચારી કરે શું? એને દીકરો એક અને બાકી હતું તે અમેરિકા જઇ ભણી આવ્યો. બસ એટલે ઘરઘરથી માગાં!...અરે પણ એમને ઘેર તો આવવા દો.

નરસિંહ : તે દીકરા દીના, અશોકભઈ ક્યાં ગયો ? મોડું કેમ થયું?

અમૃત : કસ્ટમની થોડી લપ્પન છપ્પન. ને અશોકે થોડો વધારાનો સામાન એનો કોઇ દોસ્ત સ્ટીમરમાં વહેલો આવવાનો હશે તેની સાથે મોકલાવેલો, તે રસ્તામાં શિવાજી પાર્ક ફંટાઇને સામાનલઇને આવે છે. મોટર એને સોંપી અમે ટૅક્સીમાં આવ્યાં. હમણાં આવી પહોંચશે.

નરસિંહ : અંદર તને મળવા માટે ઓચ્છવલાલ આવીને બેઠા છે.

અમૃત : અરે હા, ત્રણ દિવસથી નાથાભાઇ શેઠ મારો જીવ ખાય છે. પણ હું તો દેવજીભાઇને વચન આપી ચૂક્યો છું, એટલે હવે શું થાય?

વીણા : તે કાંઇ ચાલવાનું નથી, બાપાજી. એમની શાંતાનું મોં તો નર્યું માકડા જેવું છે. અશોકના ટેસ્ટસ તો હું જાણું ને.

અમૃત : અરે, પણ કરોડપતિ પાર્ટી સામે ચાલીને દીકરો માગે તે હું ના પાડું કયી રીતે? અશોકને જિંદગીભર પાછું વાળીને જોવું નહિ પડે.

દીના : આટલા માટે અશોકભાઇને તમે અમેરિકા મોકલેલા?

અમૃત : હાસ્તો વળી. આજકાલ તો, ભઈ, વિલાયત-અમેરિકા જઈ આવે તેની બધી વાતે ગણના થાય છે.

વીણા : પણ બાપાજી, તમને મૉડર્ન ટેસ્ટ્સની ખબર નથી. આજના યુવાનને કેવી યુવતી પસંદ પડે એનો તમને ખયાલ નથી. સુષમાને જોશો તો તમે દિંગ થઇ જશો.

નરસિંહ : અશોક દિંગ થાય તો બસ છે; તારા બાપાને દિંગ કરીને શું કામ છે?

દીના : એમ અશોકભાઇ કોઇના બેસાડ્યા ચોરીમાં બેસી જાય એમ હું તો નથી માનતી દાદાજી. એરોપ્લેનમાંથી ઊતર્યા ત્યારે જાણે નવા માણસ બની ગયા હોય તેવા લાગ્યા. સરસ તબિયત, હસમુખો ચહેરો, ટટ્ટાર સીનો, અને કેટલા આત્મવિશ્વાસથી સીડી ઊતરતા હતા!

નરસિંહ : હું એને બરાબર ઓળખું છું. આ દાદાનો ખોળો ખૂંદીને મોટો થયો છે. હું એના ઓરતા જાણું છું. એ કાંઇ આ રેવા, ચંચળ કે પેલા ઓચ્છવમામાના ફંદામાં ફસાય એવો નથી.

વીણા : એ જ પણ હું કહું છું. એ તો સુષમા—

મણિ : વીણા! આપણે એ નાગર-બ્રાહ્મણની છોકરી શું કરવી છે! એ કરતાં આ ચંચળબેનની મધુરી—

રેવા : મારી શીલા શી ખોટી છે? (બૂમ પાડતાં) અરે ઓ શીલા—

મણિ : હા હા; અથવા તો રેવાબેનની શીલા—

ચંચળ : વળી પાછી વાત ફેરવી, મણિબેન? મને જો ટાળી છે તો (ત્યાં મોટેથી હર્ષાવેશ દાખવતા હાથમાં ચાના પ્યાલા સાથે ઓચ્છવલાલ પ્રવેશે છે.)

ઓચ્છવ : ઓહો! આવી ગયા કે અશોકભાઇ? બરાબર અવાજ પણ અમરતભાઇ જેવો જ થઇ ગયો છે ને?

નરસિંહ : અવાજ જ શા માટે? બીજો અમરત જ કહોને. અમેરિકા જઇને ત્રણ વરસમાં પહેરવેશ, કમર બધું જ—(મોટેથી હસી પડે છે. દીના પણ ખડખડાટ હસી પડે છે.)

ઓચ્છવ : ઓહો! આ તો અમરતભઈ શેઠ જ છે! મારા મનમાં તો—

મણિ : ભાઇ, તમે ક્યારના આવ્યા છો?

ઓચ્છવ : અરે, મને તો અરધો કલાક થયો. આ રસોડામાં બેઠા-બેઠા મા'રાજ સાથે સુખદુ:ખની વાતો કરતો હતો.

નરસિંહ : ચા પીધી પછી?

ઓચ્છવ : હા રે, આ તો ચોથો કપ છે; હમણાં આવશે, હમણાં આવશે કરતાં—

શીલા : (પ્રવેશ કરતાં) બા, તમે મને બોલાવી?

રેવા : જો શીલા, આ વીણાબેન અને દીનાબેનને તો ઓળખે છે ને? બન્ને સાથે હળીમળીને—

ચંચળ : થાય છે, થાય છે હવે. રેવા, આટલાં ઉતાવળાં ન થશો. (બૂમ પાડે છે) અરે ઓ મધુરીબેન! ત્યાં શું કરો છો?

શીલા : એ તો ડ્રૅસિંગ ટેબલ પાસે બેસી સ્નો-પાવડર લગાવતાં'તાં.

રેવા : એમ કંઇ વાન ઊજળો નહિ થાય.

ચંચળ : અને તમારી શીલા તો જાણે ઇન્દરની અપસરા હશે.
(બોલતાં અંદર મધુરીને લેવા જાય છે).

ઓચ્છવ : હું તો ભઈસાહેબ, કમુબેનના ગ્રહ, પછી, પેલા ભોઈવાડાવાળા જાણીતા જોષી જયશંકર પાસે જોવડાવીને આવ્યો છું. આહાહા! શું ગ્રહો ગોઠવાયા છે!

વીણા : કમુ કોણ?

ઓચ્છવ : આપણા નાથાલાલ સોમચંદની દીકરી. બરાબર મણિબેન જેવા જ ગ્રહો જોઇ લો! ભાગ્યેશ—

દીના : પેલી કમુ ઢાંઢી? દાદાજી, આ લોકો તો જુઓ, શું માંડી બેઠા છે? પછી તો બીચારા અશોકભાઈનું આવી જ બને ને!

ઓચ્છવ : (એમની ધૂનમાં અમૃતલાલને) નાથાલાલ શેઠે સવારના પહોરમાં મને મોકલ્યો છે.

નરસિંહ : કામ પાર પડે તો દલાલી પણ ઠરાવી હશે; કેટલી?

ઓચ્છવ : ના, ના, એ શું બોલ્યા, નરસિંહદાસભાઇ. ભાણાનું હિત થતું હોય, પછી મારે તો—

નરસિંહ : મામા ભાણાના હિતૈષી નીકળી પડ્યા છે! પણ જુઓ, ઓચ્છવલાલ! તમારા નાથા શેઠની કમુ, રેવાબેનની શીલા, ચંચળ શેઠાણીની મધુ, દેવજીભાઇની શાંતા, વીણાની સુષમા—

દીના : (અધૂરેથી ઉપાડી લેતા) આપણા પાડોશી જેશિંગભાઈની વિમળા, નર્મદામાશીની ખાસ બેનપણીની વિલાયત જઈ આવેલી દીકરી પ્રતિમા, આપણા શૉફરના આગલા શેઠ નગીનદાસની જ્યોત્સ્ના, આપણા મહારાજના ગામના નગરશેઠ પૂજાલાલની ભત્રીજી કાંતા, માળીના દોસ્ત ગગડુના શેઠની ભાણી ભામિની—

નરસિંહ : બિચ્ચારો અશોક તે કોને હા પાડશે, ને કોને ના પાડશે? આવી ખબર હોત તો પરદેશ મોકલત જ નહિ.

અમૃત : પણ મારી વાત શી ખોટી છે? દેવજીભાઈની શાંતા—

ઓચ્છવ : એ કરતાં નાથાલાલ શેઠની કમુ—

રેવા : મારી શીલા તો તમારી સામે જ છે. (એટલામાં મધુરીને ખેંચીને ચંચળબેન પ્રવેશે છે. મધુરીના મુખ પર પાઉડરના લપેડા છે.)


ચંચળ : અને મારી મધુરી? (એટલામાં ડાબી તરફથી અતિસુખશંકર પ્રવેશે છે. ખાદીનું ચાર પાટલીએ પહેરેલું ધોતિયું, ખાદીની મોટી-મોટી કફની ને ખાદીની ટોપી. ધીરી ચાલ, ડાવકી બોલી.)

અતિસુખ : જય જય અમૃતલાલ શેઠ! મોડો તો નથી ને? અશોકભાઇને એમની આવી ઝળકતી કારકિર્દી માટે અભિનંદન આપવા આવ્યો છું. (વિષય બદલાયો તેની નિરાંત અનુભવતા (અનુ.પૃ.૪૨૩મે)

શરીરની રચના

ડૉ. શિવપ્રસાદ ત્રિવેદીની માહિતીપ્રચુર લેખમાળા

કાયાની કરામતનો હપતો ૪૯




મકાન જેમ ઇંટાનું બનેલું હોય છે તેમ આપણું શરીર અસંખ્યાત બારીક કોષોનું બનેલું છે. એ કોષો એકસરખા નહિ, પણ શરીરના જુદાજુદા ભાગની કામગીરીને અનુરૂપ પ્રકાર તથા આકૃતિના હોય છે તે આ લેખમાં વિગતવાર સમજાવ્યું છે. તેનો એકીનજરે ખયાલ આપતું ચિત્રો એમાંના એકેએક કોષની જે સચિત્ર સમજણ સાથેના લેખમાં આપી છે તે ધીરજથી વાંચવા જેવી છે.


વિશાળ મકાન જેમ ઘણા ઓરડાઓનું બનેલું હોય છે ને દરેક ઓરડાની દીવાલો અનેકાનેક ઈંટોની બનેલી હોય છે, એમ આપણું શરીર ઘણા અવયવોનું ને દરેક અવયવ અનેકાનેક સૂક્ષ્માતિસૂક્ષ્મ (microscopic—સૂક્ષ્મદર્શકયંત્ર દ્વારા જ દેખાય એવા) કોષોનું બનેલું છે. ઈંટો અને કોષોની સરખામણી આ હકીકત સમજવા પૂરતી જ બસ છે. બાકી કોષ (cell) એ તો કુદરતનું અનુપમ અને અપ્રતિમ સર્જન છે. અગ્નિવાસા પૃથ્વી ઠરીને શાંત પડી ત્યારે એના વાતાવરણનાં દ્રવ્યોમાંથી એક સેન્દ્રિય (ઇન્દ્રિયવાળો) પદાર્થ પેદા થયો. એનું નામ જીવરસ—*protoplasm*. એમાંથી કોષ થયો. પ્રાણીમાત્રનું—ને વનસ્પતિનું સુદ્ધાં—શરીર કોષોનું બનેલું છે.

કોષ ઘણા પ્રકારના છે અને એમના ઘાટ વિવિધતાભર્યા છે. જુદો પાડેલો કોષ સામાન્યતઃ અંડાળ ગોળાકાર જેવો હોય છે, પણ અંદરનાં બળો ને બહારનાં દબાણોની અસરોને લીધે થોડા કોષોનો આ ઘાટ ટકી રહે છે. થોડા પોચા પદાર્થો એકબીજા સાથે દબાવાવાથી જે ઘણી બાજુઓવાળો ઘાટ ધારણ કરે એવો ઘાટ ઉપરાઉપર ગોઠવાએલા કોષ-સમૂહોનો છે. કેટલાક કોષો વિશિષ્ટ ઘાટ પણ ધારણ કરે છે. દાખલા તરીકે માંસપેશીના કોષો તથા અનેક તંતુઓના ફાંટાવાળા જ્ઞાનતંતુ-કોષો. વળી પ્રવાહી કે બહારની હવાના સંપર્કમાં આવતા કોષોની સપાટી ઉપર અતિ સૂક્ષ્મ વાળ (cilia) ઊગે છે, જે મોજાંની લહેરની જેમ સદા હાલતા રહે છે. ઉપરાંત, ચાર પ્રકારના કોષો તો આપમેળે વ્યક્તિગત હલનચલન પણ કરી શકે છે. આ છે લોહીના ધોળા કણો અને રાતા કણો, તથા પુરુષદેહ વિષેના શુક્ર કોષો અને સ્ત્રીદેહ વિષેના બીજકણો. બાકીના કોષો એક જ જગ્યાએ સ્થિર રહી નિયત કામ કર્યે જાય છે.

આયુર્વેદમાં કોષ માટે 'શરીર-પરમાણુ' એવો શબ્દ વપરાયો છે: शरीरावयवास्तु परमाणुभेदेनापरिसंख्येया भवन्त्यतिबहुत्वादि सौक्ष्म्यादतीन्द्रियत्वाच्च ॥(ચરક ૨॥ ૭) કોષની લંબાઈ, પહોળાઈ, કદ ને આકારમાં વિવિધતા રહે છે, પણ બધા કોષોનું કદ ઇંચના સો મા ભાગ અને ઇંચના હજારમા ભાગ જેટલું હોય છે. આવા સૂક્ષ્માતિસૂક્ષ્મ કોષ નરી આંખે તો દેખાય જ શાના!

કોષ જે પદાર્થના બનેલા છે એનું નામ જીવરસ (protoplasm). આ શબ્દ બે ગ્રીક શબ્દોનો બનેલો છે: Protos એટલે પ્રથમ, Plasma એટલે આકાર. જીવરસમાં બીજ (nucleus) આવેલું છે, ફળમાં જેમ ઠળિયો હોય એવું. એ પણ ઘટ્ટ જીવરસ જ છે. એ બીજ વગરનો જીવરસ કોષરસ (cytoplasm) કહેવાય છે. સૂક્ષ્મદર્શક યંત્ર દ્વારા જોતાં જીવરસમાં મુરબ્બા જેવા પદાર્થમાં પ્રોટીન, સ્ટાર્ચ તથા તેલ-





કોષ તો ઘણા પ્રકારના હોય છે, અને તેની અંદરનાં બળો તથા બહારનાં દબાણોની અસરને લીધે તેના ઘાટ પણ વિવિધતાભર્યા હોય છે, પણ કોઇ એકાદ કોષને આપણે છૂટો જોઇએ તો તે સામાન્યરીતે બેડોળ ગોળાકાર જેવો હોય છે. ઉપર ડાબી બાજુ તેની આંતરિક રચનાનું ચિત્ર આપ્યું છે, જેમાં બીજની આસપાસ પોલાણવાળો કોષરસ તથા ઘટ્ટ કોષરસ અને ચોમેર કોષકવચ-દીવાલ હોય છે. જમણી બાજુના ચિત્રમાં એ કોષનું વિભાજન કેમ થાય છે તે છ આકૃતિઓ દ્વારા દર્શાવ્યું છે : (૧) પહેલાં બીજની બે બાજુ બે તારા જેવા આકાર દેખા દે છે; અને (૨) બીજની દીવાલ તૂટી જઇને નક્કર બીજ ગૂંચવાએલા તાંતણા જેવું બની જાય છે; પછી (૩) તેના ટુકડા થઇને તે એક હારમાં ગોઠવાય છે; અને (૪) તે દરેક ટુકડાના ફરી બે ટુકડા થઇને, V આકારમાં, સામસામા તારકો તરફ તે ખેંચાય છે; જ્યાં (૫) તે તારકો સાથે મળી જઇને (૬) બે સ્વતંત્ર બીજ બને છે. આ રીતે પ્રત્યેક કોષબીજનું વિભાજન થયા કરે છે. અગાઉ ૩૬૬મા અંકમાં ક્રોમોસોમની આવી વિભાજન-ક્રિયા સમજાવી છે.

નાં ઝીણાં બિંદુ છૂટાંછવાયાં પથરાએલાં દેખાય છે. બે કે વધુ પ્રવાહી ભરેલી અનિયત જગ્યાઓ જીવરસના ભ્રમણથી બદલાતી અને એકબીજામાં ભળી જતી નજરે પડે છે. આ વૅક્યુઑલ્સ—vacuoles કહેવાય છે. કોષરસની આસપાસ કોષ-કવચ(allwall) આવેલું છે. દાખલા તરીકે વનસ્પતિને જાડું સેલ્યુલોઝનું કોષકવચ હોય છે. એના કોષ ક્લોરોફિલનો લીલો રંગ ધારણ કરનારા ક્લોરોપ્લાસ્ટો હોય છે.

એ તો જાણીતી હકીકત છે કે સૃષ્ટિ ૯૨ મૂળ તત્ત્વોની બનેલી છે. આમાંનાં ઘણાં સામાન્ય તત્ત્વો જીવરસમાં આવેલાં છે, જેમાં મુખ્ય પ્રાણવાયુ, કાર્બન ને હાઇડ્રોજન છે. નાઇટ્રોજન, ફૉસ્ફરસ, સોડિયમ, પોટાશિયમ, ક્લૉરિન, કૅલ્શ્યમ, લોહ, મૅગ્નેશિયમ અને ગંધક ઘણા થોડા પ્રમાણમાં છે. પણ જીવરસની ખરી વિશિષ્ટતા આ મૂળ તત્ત્વોને લીધે નહિ પરંતુ બહુસંખ્ય મૂળ તત્ત્વોની સંયોજના તથા ગોઠવણની જટિલતાની છે. મૂળ તત્ત્વો મિશ્રણ કે સંયુક્ત પદાર્થના રૂપમાં રહેલાં છે. એક જ દેહના જુદાજુદા કોષોમાં મૂળતત્ત્વોના આ મિશ્રણ કે સંયુક્તતાની વિવિધતા રહે ખરી, પણ પાણી, કાર્બોહાઇડ્રેટ, ચરબી, પ્રોટીન, પાચક રસો ને ખનિજક્ષારો તો બધા કોષોના જીવરસમાં સરખાં હોય છે.

જીવરસ એ રંગવિહીન, અર્ધપ્રવાહી, મુરબ્બા જેવો પદાર્થ છે. તે કાંઈ એકરસ નથી, પણ બે ભાગનો બનેલો છે : બારીક જાળમય ભાગ અને એની જાળમાં રહેલો પ્રવાહી ભાગ. પ્રવાહીમાં પાણી મુખ્ય છે, જેનું પ્રમાણ ૯૦ થી ૯૯ ટકા જેટલું છે. પ્રવાહીમાં નક્કર કણો તરતા રહે છે કે જે જીવંત દ્રવ્યના જથ્થાઓ છે. આની હાજરીને લીધે કોષની અંદરની સપાટી અતિશય વધે છે. જીવન અંગેની ભૌતિક—રાસાયણિક પ્રક્રિયાઓ કોષની સપાટી ઉપર સરળતાથી થયા કરે છે; પણ કોષની રચનાનું રહસ્ય એની અંદરની વિશાળતા છે. એ જાણે કે વાદળી જેવો હોઈ એનાં ખાનાંઓમાં સેંકડો જુદીજુદી રાસાયણિક ક્રિયાઓ એકીસાથે થતી રહે છે. (જુઓ ઉપરનું ચિત્ર) નરી આંખે ન દેખાય એવા સૂક્ષ્માતિસૂક્ષ્મ કોષોમાં આ બધાની તો શી ખબર પડે? એને ઉઘાડી પાડનાર હકીકત તો કોષમાં તરતા રહેલા કણો છે.

પણ કોષમાં વધારે અગત્યનું અંગ તો બીજ છે. તે ગોળાકાર કે અંડાકાર હોય છે. કોષનું એ જીવનકેન્દ્ર છે. કોષની કામગીરીઓ પર એનો અંકુશ છે. જો તે લઈ લેવામાં આવે તો કોષ તરત જ મરી જાય છે.

કોષ ઉપર કોષ-કવચનું પાતળું પડ છે. એ કાંઇ અભેદ્ય નથી, પણ છિદ્રાળુ છે. એ અર્ધપ્રવેશશીલ(semi-permeable) હોઇ માત્ર અમુક જ પદાર્થો એની આરપાર આવ-જા કરી શકે છે. આમ નવાં દ્રવ્યો કોષોમાં જાય છે ને કોષનાં વ્યય-દ્રવ્યો બહાર નીકળે છે. જો વ્યય-દ્રવ્યો બહાર ન નીકળી જાય તો એની ઝેરી અસરોથી કોષનું મોત નીપજે છે.

કોષ એકલો જીવી શકે એવું એકમ છે. અનુકૂળ સંજોગોમાં કોષ જીવનની સર્વ લક્ષણાઓ વ્યક્ત કરી, સ્વતંત્ર રીતે જીવી, સંવર્ધન પણ પામે છે. ડૉ. ઍલેક્સિસ કૅરેલ મરઘીના ગર્ભનો ટુકડો જુદો પાડી, યોગ્ય માધ્યમમાં ઉછેરી, પચ્ચીસ વર્ષ સુધી વધતો રાખી શક્યા હતા,—જોકે મરઘીની આયુર્મર્યાદા તો માત્ર ત્રણ કે ચાર વર્ષની જ છે. છતાં, આમ સ્વતંત્ર રીતે જીવી શકે એવો કોષ શરીરના બંધારણમાં સ્વતંત્રરીતે નથી વર્તતો. આપણો દેહ કરોડો અને અબજો કોષોનો બનેલો છે. જીવન ટકાવવા દરેક કોષનું કામ બીજા કોષો સાથે સહનિયમનથી ચાલે છે. આ અંગે આશ્ચર્ય વ્યક્ત કરતાં ડૉ. કેનેથ વૉકર લખે છે કે, 'જીવશાસ્ત્રીઓને મૂંઝવતો એક પ્રશ્ન એ છે કે એક જ કામને વરેલા દેહના અબજો કોષોના કામનું સહનિયમન અને નિયંત્રણ શી રીતે થતું હશે?'

કોષોનું જીવન ટૂંકું છે. રોજના હજારો રાતા કણો મરે છે, અને ચામડીના સેંકડો કોષો ઘસાય છે. મૃતપ્રાય કોષોને હિંસ્ર કણો (ધોળા કણોનો એક પ્રકાર) ખાઇ જાય છે. આયુર્વેદાચાર્યોએ અનુમાનથી સિદ્ધ કર્યું છે કે શરીરના બધા કોષો નષ્ટ પામી સાત વર્ષની અંદર નવા આવે છે.

હવે આપણે જીવન વ્યક્ત કરતાં લક્ષણો જોઇએ. શરીરથી કોષને જુદો પાડી એની કામગીરી જોઈ શકાય નહિ, કારણકે એમ કરવા જતાં એનું મૃત્યુ નીપજે. પણ તળાવના પાણીમાં વસતા ઍમીબાનું નિરીક્ષણ કરવાથી આપણને જીવનની લક્ષણાઓ પ્રત્યક્ષ થાય છે. ઍમીબા એકકોષી જીવ છે. માખી, માછલી, કૂતરું, માનવી એ બહુકોષી જીવ છે. દરેક-

એકકોષી અમીબા



ખાબોચિયા કે નળાવના પાણીમાં વસતા આ એકકોષી જીવ ઍમીબાનું નિરીક્ષણ કરીએ તો આપણે માનવી તથા પશુ-પંખી જે બહુકોષી જીવો છીએ તેમના જીવનની બધી જ લક્ષણાઓ તેમાંથી આપણને સમજાય છે.



આપણા શરીરમાં રક્ષણ, સ્રાવ, શોષણ તથા મળોત્સર્ગનાં કામ કરતા કોષો, તે તે અંગોની સપાટી પર આચ્છાદક પેશી રૂપે આવેલા હોય છે. તેના ત્રણ પ્રકાર: ડાબી બાજુથી (૧) પાતળા અને ચપટા 'સ્કર્વેમસ' કોષો; (૨) ઘન આકારના 'ક્યુબૉઈડલ' કોષો; અને (૩) ઊંચા તથા પહોળા 'કૉલમ્નર' કોષો.

માં જીવન દર્શાવતી કામગીરીઓ કે શરીરના વ્યાપારો આ પ્રમાણે છે:

(૧) સંકોચશીલતા (contractibility), (૨) આવેગશીલતા (irritability), (૩) શ્વાસોચ્છ્વાસ (respiration), (૪) પાચન (digestion), (૫) શોષણ (absorption), (૬) મળોત્સર્ગ (excretion), (૭) જીવનક્રિયા (metabolism), અને (૮) પ્રજનન (reproduction).

ઍમીબામાં એક જ કોષ આ બધી ક્રિયાઓ ઉપાડે છે, જ્યારે આપણા શરીરમાં આ બધાં કામો અટપટીરીતે જુદાજુદા અવયવો ઉપાડે છે. આ માટે જ કોષો રૂપાંતર પામી સમૂહમાં રહી અવયવો બન્યા છે. જીવનની લક્ષણાઓ વ્યક્ત કરતી એમની કામગીરીઓ ટૂંકામાં જોઇએ.

(૧) સંકોચશીલતા: શરીરમાં અધિક પ્રમાણમાં સંકોચશીલતા દર્શાવનારા કોષો લોહીમાંના ધોળા કણો છે. જ્ઞાનતંતુ-કોષોમાં યે આ શક્તિ થોડી છે. વધુમાં વધુ તો માંસપેશી-કોષોમાં છે. લાંબી થએલી માંસપેશી સંકોચાય છે ત્યારે તેની લંબાઈ ઘટે છે, પણ પહોળાઈ વધે છે.

(૨) આવેગશીલતા તે જીવરસનો મૂળભૂત ગુણ છે. આના પ્રતાપે જ પ્રાણીમાત્ર સંજોગોને અનુકૂળ રહી જીવન જીવે છે. આ ગુણ વગર પ્રાણી ઈજા પામીને મૃત્યુને શરણ થાય. જેમ પ્રાણી વિકાસકક્ષામાં ઉચ્ચ, તેમ એનામાં આ ગુણ વધારે વિકસેલો હોય છે. શરીરના દરેક કોષમાં આ ગુણ થોડા અંશે તો છે જ, પણ તે વધારે પ્રમાણમાં જ્ઞાનતંતુકોષમાં છે. જ્ઞાનતંતુકોષો જુદીજુદી રીતે ઉત્તેજાય છે. આંખનો પડદો પ્રકાશથી, શ્રવણતંતુઓ અવાજથી તો જીભના તંતુઓ સ્વાદથી ઉત્તેજાય છે. આ ઉત્તેજનના પરિણામે જ માંસપેશીના કોષો સંકોચાય છે, ગ્રંથિના કોષો સ્રવે છે, નાનાં આંતરડાંના કોષો ખોરાક શોષે છે ને જ્ઞાનતંતુ સંદેશાનું વહન કરે છે.

આવેગશીલતા એ જીવનનું લક્ષણ હોય તો પ્રાણીના જીવનની પરાકાષ્ઠા નક્કી કરનારી બે બાબતો છે: એક તો પ્રાણીની પરિસ્થિતિમાં થતા ફેરફારોની સંખ્યા, અને બીજું એ ફેરફારો પ્રત્યે દર્શાવાતું આવેગશીલતાનું પ્રમાણ. આ બાબતમાં ડૉ. કેનેથ વૉકર કહે છે કે 'આયુર્મર્યાદા ઘડિયાળના દર્શાવેલા સમય કરતાં અનુભવો અને અનુભવોના પ્રત્યાઘાતો વતી માપવી જોઇએ. અનુભવવું અને તે મુજબ વર્તવાની શક્તિ હોય ત્યાં સુધી જીવન છે. બાલ્યાવસ્થામાં આપણા અનુભવો તથા એમણે જન્માવેલી સંવેદનાઓ અને વિચારો ઘણાં હોવાથી એ દિવસો વિવિધતાભર્યા અને લાંબા લાગે છે. પ્રૌઢ તથા વૃદ્ધાવસ્થામાં સંસ્કારો ઓછા વૈવિધ્યભર્યા લાગવાથી અને એની છાપ મોળી પડવાથી આ દિવસો ઝપાટાભેર પસાર થતા અનુભવાય છે.'

(૩) ખોરાકનું જ્વલન થવાથી જે શક્તિ ઉત્પન્ન થાય છે તે શરીરની કામગીરીઓમાં વપરાય છે. જ્વલન થવા માટે શરીરમાં પહેલી જરૂર પુષ્કળ પ્રાણવાયુની છે, ને બીજી જરૂર જ્વલનમાંથી પેદા થએલા કાર્બન ડાયૉક્સાઈડને દૂર કરવાની છે. આ બન્ને જરૂરિયાતો શ્વાસોચ્છ્વાસની ક્રિયાથી પૂરી પડે છે. શરીરના જેટલી જ કોષોને પણ શ્વાસોચ્છ્વાસની અગત્ય છે. એમાં વળી વધારે કામગરા જ્ઞાનતંતુ-કોષોને તથા મગજના કોષોને તો પ્રાણવાયુની ઘણી જરૂર છે. પૃથ્વીથી ઊંચે પ્રાણવાયુનું પ્રમાણ ઓછું હોવાથી મગજ ઓછું કામ કરતું હોવાનો પર્વતખેડૂઓનો અને વિમાનીઓનો અનુભવ છે. અમુક પ્રમાણ કરતાં વાતાવરણમાં પ્રાણવાયુ ઓછો હોય ત્યારે વ્યક્તિ બેભાન પણ બને છે. પ્રાણવાયુની આટલી બધી અગત્ય હોવાથી આપણા શરીરમાં ધમણ જેવાં બે ફેફસાં આવેલાં છે, જેની શ્વાસોચ્છ્વાસની ક્રિયાથી પુષ્કળ પ્રાણવાયુ મળે છે અને કાર્બન ડાયૉક્સાઈડનો તરત નિકાલ થઈ જાય છે.


(૪) જીવવા માટે અને કામ કરવાની શક્તિ માટે પોષણની અગત્ય છે. એની ક્રિયાઓ રાસાયણિક છે. એમાં અન્નમાર્ગના કોષો રાસાયણિક કારખાના જેવું કામ ઉપાડી ખોરાકનું શક્તિરૂપે કે કોષના જીવરસ રૂપે પરિવર્તન કરે છે. આ છે શરીરની જીવનક્રિયા. આના બે વિભાગ છે: ખોરાકમાંથી કોષનું બંધારણ ઘડવાની વિધાયક ક્રિયા છે, તેમ કામ કરવા માટે ખોરાકનું દહન થવાની વિઘાતક ક્રિયા છે.

(૫) આપણે ખોરાક એવા રૂપમાં ખાઇએ છીએ કે એ સીધા કોષના જીવનરસના ઉપયોગમાં નથી લઈ શકાતો. કોષને ઉપયોગી થવા માટે એમાં યોગ્ય ફેરફારો થવા જોઇએ. તે માટે ખોરાકના મોટા અણુઓને તોડીફોડી નાના બનાવવાનું કામ અન્નમાર્ગના કોષો કરે છે. મોઢું, હોજરી, નાનાંને મોટાં આંતરડાંના પાચક રસો અને આથવણો આ કામ ઉપાડે છે. પાચનના આ દ્રવ્યની નીપજો આંતરડાંની દીવાલોના કોષોમાં શોષાઈ, લોહીમાં ભળી, પાસેના અને આઘેના કોષોમાં જાય છે.

(૬) કોષમાં જેમ નવો ખોરાક શોષાય છે એમ એના જીવન માટે એનાં વ્યયદ્રવ્યો પણ બહાર ફેંકાઇ જવાં જોઇએ. આ માટે શરીરમાં ખાસ અવયવો છે. વધારાનું પાણી યુરિયા ને યુરિક ઍસિડ ગુરદાઓ વાટે, કાર્બન ડાયૉક્સાઈડ ને થોડું પાણી ફેફસાં વાટે, થોડું પાણી ચામડી વાટે અને મળ આંતરડાંના છેડા વાટે શરીર બહાર ફેંકાઈ જાય છે.

(૭,૮) શરીરના કોષો ખોરાકના પરિપાકનું જીવરસમાં રૂપાંતર કરે છે. આમ કોષ કદમાં વધે છે; પણ અમુક હદથી વધારે ન વધવાનું ચોક્કસ કારણ જાણી શકાયું નથી. ગમે તે કારણ હો, પણ કોષ અમુક કદના બન્યા બાદ તેનું વિભાજન થાય છે. આ છે કોષની પ્રજનનક્રિયા, જે જીવંત સૃષ્ટિને જડ સૃષ્ટિથી ઓળખાવનારું લક્ષણ છે.

બીજમાં વિભાજનની નિશાની પ્રથમ દેખા દે છે. (જુઓ પૃ. ૩૬૮ ઉપરનું ચિત્ર.) બીજની આસપાસની દીવાલ અદૃશ્ય થાય છે. નક્કર બીજ ફેરવાઇને ગૂંચવાએલા તાંતણારૂપ બને છે. ને પડોશમાં બે નાના તારા



એકજ જાતના કાર્ય માટેના કોષસમૂહને પેશી કહે છે:એવી(ડાબી બાજુથી ક્રમે)સંયોજક,તાંતવ,સ્ટ્રેટીફાઈડ,ને સૂક્ષ્મ વાળ યુક્ત આચ્છાદક પેશીઓ

જેવા જે આકારો દેખા દે છે, તે બીજના સામસામા છેડાઓ ઉપર જઇ સ્થિર થાય છે. આ પછી બીજના ગૂંચવાએલા તાંતણાઓના ટુકડા પડીને તે V આકારે તારકો તરફ ખેંચાય છે, જે ક્રોમોસોમો (રંગતંતુઓ) કહેવાય છે. પછી બંને તારકો સાથે ને ક્રોમોસોમો મળી જઇને તેમાંથી બે કોષબીજ બને છે. એક જ જાતનાં પ્રાણીઓમાં ક્રોમોસોમોની સંખ્યા સદા એકસરખી રહે છે. જુદીજુદી જાતનાં પ્રાણીઓમાં એની સંખ્યા નોખીનોખી રહે છે. પ્રાણીઓનાં કદ ઉપર પણ એનો આધાર નથી. ઉંદરમાં તેની વીસ જોડ હોય છે, તો બિલાડીમાં ૧૯ જોડ, કૂતરામાં ૩૯ જોડ, મરઘાંમાં ૩૭ જોડ ને માનવીમાં ૨૪જોડ છે! કોષ-વિભાજનની આ ક્રિયા 'માયટોસીસ'(Mitosis)ના નામની છે અને ઘણી અટપટી છે.

બરોળ, કલેજું, માંસપેશી, હૃદય કે કોઈ પણ અવયવનો છેદ આપણે સૂક્ષ્મદર્શકયંત્ર નીચે જોઇએ તો તે કોષોના સમૂહનો બનેલો દેખાય છે. અવયવનો એ કોષ અમુક જાતનો ને દરેક ચોક્કસ કામગીરી ઉપાડનારો હોય છે. એક જ જાતના ને એક જ પ્રકારની કામગીરી માટે ગોઠવાએલ કોષસમૂહને પેશી (Tissue) કહેવામાં આવે છે. એકઠી થએલી ઘણી પેશીઓથી થતી મોટી રચના કે જે વિશિષ્ટ કાર્ય ઉપાડે છે એને અવયવ કહેવામાં આવે છે. દા૦ ત૦ કલેજું, હોજરી, બરોળ, આંખ, ગુરદા વગેરે. શરીરની જરૂરિયાતો પૂરી પાડવા માટે અવયવો એકઠા મળી કામ ઉપાડે એને તંત્ર (system) નામથી ઓળખવામાં આવે છે. દા૦ ત૦ પાચન-તંત્ર, ઉત્સર્ગ-તંત્ર, રુધિરાભિસરણ-તંત્ર, જ્ઞાનતંત્ર વગેરે. આ બધાં અવયવોનું એકત્રિત, અરસપરસ સંબંધવાળું અને સમતોલ કાર્ય એટલે પ્રાણીની જિંદગાની; પછી ભલે તે માછલી, ગાય ને વૃક્ષ કે માનવીની હો.


શરીરના સંખ્યાબંધ વિવિધ ઘાટના કોષોના સામુદાયિકરીતે ચાર વિભાગ પડે છે: (૧) આચ્છાદક પેશી (Epelheliat tissue), (૨) સંયોજક પેશી, (connective tissue) (૩) માંસપેશી (muscle tissue) અને (૪) જ્ઞાનતંતુ પેશી (nerve tissue).

શરીરની ખુલ્લી સપાટી ઉપર આચ્છાદક પેશી રક્ષણાત્મક બખ્તર જેવી પથરાએલી છે. એના કોષો ત્રણ પ્રકારના છે: (૧) પાતળા અને ચપટા 'સ્ક્વૅમસ' (sauamous), (૨) ઘન આકારના 'ક્યુબૉઈડલ' (cubɔidal) તથા (૩) ઊંચા અને પહોળા 'કૉલ્મનર' (columnar). આ કોષો એક હાર કે ઘણી હારોની જાડાઈમાં આવેલા હોય છે. આંતરડાંમા કૉલ્મનર કોષોની એક હાર છે, તો ગુરદાની નલિકાઓ ક્યુબૉઈડલ કોષોની એક હાર છે. લોહીની નળીઓ સ્ક્વૅમસ કોષોની એક હારની બનેલી છે, જ્યારે ચામડીનો બહારનો ભાગ, આંતરત્વચા ને ગ્રંથિઓ ત્રણે જાતના કોષોના બનેલા 'સ્ટ્રેટીફાઈડ' આચ્છાદક કોષોનાં બનેલાં છે. ટૂંકામાં આચ્છાદક પેશી રક્ષણ, સ્રાવ, શોષણ અને મળોત્સર્ગનાં કામ ઉપાડે છે.

(૧) એ વિશિષ્ટ કામ ઉપાડવા કાજે આચ્છાદક પેશી રૂપાંતર પામે છે. પ્રવાહી કે બહારની હવાના સંપર્કમાં આવતા કૉલ્મનર કોષોની ખુલ્લી સપાટી ઉપર સૂક્ષ્મ વાળ (cilia) ઊગેલા છે, જે જીવરસના ફણગા છે. શ્વાસનળી, શ્વાસનલિકાઓ અને નાકના ભાગની આચ્છાદક પેશીઓ આવા વાળથી યુક્ત છે. આ વાળ મોજાં જેવી ગતિએ આપમેળે હાલ્યા કરે છે, જેની અસરથી શ્વાસ વાટે નાક અને શ્વાસનળીમાં પ્રવેશેલા ધૂળ અને કચરાના બારીક રજકણો બહારની બાજુએ ધકેલાયાં કરે છે. આવા વાળવાળા બીજા કોષો સ્ત્રીઓના દેહ વિષે આવેલી બીજવાહિની નળીઓમાં છે, જે દર માસે બીજગ્રંથિમાંથી નીકળેલા બીજકણને ગર્ભાશય ભણી મોકલી આપે છે.

(૨) સંયોજક પેશી : આખા શરીરમાં અતિ વિસ્તારથી પથરાએલી આ પેશીનું કામ જોડવાનું અને આધાર આપવાનું છે. એનો સામાન્ય પ્રકાર તાંતવ પેશી (fibrous tissue) છે. નામ પ્રમાણે એ આકાર વિહીન-પદાર્થથી વીંટળાએલા તંતુઓ (fibres) છે. આ પેશીની ખાસિયત એ, કે પેશીઓ વચ્ચે જગ્યા હોય ને એ જગ્યા મૅટ્રિક્સ(matrix) થી ભરાવેલી હોય. મૅટ્રિક્સ એ કોષોએ ઉત્પન્ન કરેલો અ જીવંત પદાર્થ છે. એની ઉપયોગિતા એકબીજાને જોડવાની કે આધાર આપવાની છે. એ મૅટ્રિક્સની જાત અનુસાર જ સંયોજક પેશીઓના વર્ગ પાડવામાં આવ્યા છે: (અ) પ્રવાહી મૅટ્રિક્સયુક્ત સંયોજક પેશોમાં લોહી અને લસી આવે છે; (બ) અર્ધપ્રવાહી મૅટ્રિક્સયુક્ત સંયોજકપેશીઓને ઢીલી તાંતવ સંયોજક પેશી (loose fibrous connective tissue) કહેવામાં આવે છે. શરીર વિષે વિસ્તૃત રીતે આવેલી આ પેશી દરેક

ચરબી એ રૂપાંતર પામેલી ઢીલી સંયોજક પેશી જ છે. આ નીચે અનુક્રમે ચરબીકોષો, અસ્થિકોષો, જ્ઞાનતંતુકોષો ને સ્નાયુબંધન પેશી દર્શાવ્યાં છે.



ભારતની ટપાલ-ટિકિટની શતાબ્દી

સો વર્ષનો સિલસિલાબંધ ઇતિહાસ



(૯) વિક્ટોરિયાના મહોરાવાળી હિંદમાં છપાએલી સૌ પહેલી ટિકિટ (મોટી કરેલી)

આ માસમાં આપણી ટપાલ-ટિકિટોનો શતાબ્દી-મહોત્સવ ઊજવાયો, એની થોડી વિગતો ગયા અંકમાં આપી હતી. હજી યે ઘણા એવા હશે કે જેને એમ થતું હશે કે કદમાં પૂરો એક ચોરસ ઈંચ યે નહિ એવો આ રંગીન કાગળનો ટુકડો, તેની યે શતાબ્દી! પણ એ રંગીન કાગળની કરચનું આજની દુનિયામાં કેટલું મૂલ્ય અને મહત્ત્વ છે તેનો તેમને ખયાલ નથી હોતો. વસ્તુતઃ તો આપણી ટિકિટ એ આપણા આ વિશાળ ભારત દેશના જંગી ટપાલખાતાની પ્રતિનિધિ છે, જે દર વર્ષે ૪૧-૪૨ કરોડ રૂપિયાનું બજેટ ખર્ચે છે અને જે દુનિયાભરનાં સૌથી મોટાં ટપાલખાતાંઓ પૈકીનું એક ગણાય છે.

એક રીતે જોતાં તો આ શતાબ્દી આજથી બે વરસ પહેલાં, એટલેકે ઈ. ૧૯૫૨માં ઊજવાઈ હોત, જો ઈ. ૧૯૪૭માં આ વિશાળ ઉપખંડના બે ભાગલા પડીને પાકિસ્તાન જુદું ન પડ્યું હોત તો; કેમકે હિંદુસ્તાનમાં ટપાલની પહેલવહેલી ટિકિટ સિંધમાં ઇ. ૧૮૫૨માં કાઢવામાં આવેલી, અને તેથી જ પાકિસ્તાને બે વરસ પર તેની શતાબ્દી ઊજવેલી. જોકે સિંધનો ત્યારનો એ પ્રયોગ તો માત્ર અખતરા રૂપે, અને સિંધ પ્રાંત પૂરતો જ મર્યાદિત હતો.

એમ તો, ટપાલની વ્યવસ્થા આપણે ત્યાં ઘણા જૂના કાળથી ચાલતી હતી. તેના પ્રાચીનમાં પ્રાચીન ઇતિહાસની નોંધ છેક સમ્રાટ ચન્દ્રગુપ્ત મૌર્યના મહાઅમાત્ય કૌટિલ્ય (જે ચાણક્યના નામે પ્રસિદ્ધ છે તે)ના અર્થશાસ્ત્રમાં મળી આવે છે. તે મુજબ એ કાળે–એટલેકે ઈ. પૂર્વે ૩૨૨માં ચન્દ્રગુપ્તના વિશાળ સામ્રાજ્યમાં (જે દક્ષિણ હિંદથી માંડીને છેક ઇરાનસુધી વિસ્તરેલુંહતું) રાજધાનીપાટલીપુત્રથી રાજાજ્ઞાઓ મોકલવા માટે પાળેલાં કબૂતરોનો ઉપયોગથતો.તેમનેગળેબાંધેલાંનાનાં માંદળિયાંમાંબંધકરેલા સંદેશપત્રો મોકલાતા. સમ્રાટ અશોકના સમયમાં પણ આ વ્યવસ્થા ચાલુ હતી. આની સાથેસાથ વ્યાપારના વિનિમય માટે પ્રજાની પણ એવી જ પોતીકી સંદેશપ્રથા ચાલતી, જેમાં ખાનગી ખેપિયાઓ દ્વારા હૂંડીઓ વગેરે મોકલાતી.હજી છેક હમણાં ૧૮મી-૧૯મી સદી સુધી આપણે ત્યાં પ્રચલિત 'મહાજન-ડાક'ની વ્યવસ્થા એ ઉપર્યુક્ત વ્યવસ્થાની જ સીધી પરંપરા હોવી જોઇએ.


ચૌદમી સદીમાં, મહમદ તઘલખના વખતમાં, બાદશાહી રુક્કા લઇ જનારા હલકારા પોતે જોયાનું અરબી મુસાફર ઇબ્ન બતૂતાએ નોંધ્યું છે. એ લખે છે કે ખેપિયા બે પ્રકારના હતા : ઘોડેસવાર અને પગપાળા. ઘોડેસવાર ખેપિયા સુલતાનના અશ્વદળમાંથી ચૂંટવામાં આવતા અને તેમનાં મથકો એકબીજાથી ચાર ચાર માઈલને અંતરે રાખવામાં આવ્યાં હતાં. પગપાળા ખેપિયાનાં મથકો એક એક માઇલ દૂર રાખવામાં આવ્યાં હતાં. દર ત્રણ માઇલે ચોકી રાખવામાં આવી હતી. પ્રત્યેક ખેપિયાને લગભગ બે હાથ લાંબી અને ઉપલે છેડે ઘૂઘરીવાળી ચાબુક આપવામાં આવતી. ખેપિયો જ્યારે શહેરમાંથી બહાર પડતો ત્યારે એક હાથમાં ટપાલ અને બીજા હાથમાં ચાબુક રાખતો. જ્યારે પોતાની પછીના ખેપિયાના સ્થળે તે પહોંચતોત્યારેતેચાબુકહલાવતો અનેઘૂઘરીનો અવાજ સાંભળીને પેલો બીજો ખેપિયો આગળ આવીને ટપાલસંભાળી લેતોઅનેત્યાર પછીના મથક સુધી પહોંચાડતો.


તે પછી મુઘલોના અમલ દરમ્યાન એવ્યવસ્થા વિકસી અને શેરશાહે તો બંગાળામાં આવેલા સોનારગામથી તે છેક સિંધ સુધી બે હજાર માઇલ લાંબો ખાસ રસ્તો તે માટે બંધાવેલો, જેના પર ઘોડેસવાર ખેપિયા બાદશાહી ટપાલ લઇ જતા-લાવતા, એમ ઇરાની ઇતિહાસકાર ફિરિસ્તાએ લખ્યું છે. દક્ષિણ હિંદમાં પણ મ્હૈસૂરના રાજા ચિકદેવરાજે ઈ. ૧૬૭૨ લગભગ ટપાલની યોજના કરેલી.


ત્યારપછીથી અકબરબાદશાહના જમાનામાં પણ સરકારી પત્રવ્યવહાર પહોંચાડવા માટે અશ્વારોહી ઉપરાંત પગપાળા ખેપિયાની વ્યવસ્થા હતી, જે દસ દસ માઇલે બદલાતા. સામાન્ય રીતે રોજ સો માઈલની સફર થતી અને આગ્રાથી અમદાવાદ કાગળ પહોંચતાં પાંચ દિવસ લાગતા. ટપાલના રસ્તા જંગલ-વિસ્તારમાંથી પસાર થતા અને લુટારાઓ તથા જંગલી પ્રાણીઓનો ભય પણ રહેતો.


પરંતુ પદ્ધતિસર અને નિયમિત ટપાલની વ્યવસ્થા તો અહીં વેપાર અર્થે આવેલી ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ જ કરી. દેશમાં છૂટીછૂટી આવેલી પોતાની વેપારી કોઠીઓની ટપાલ લાવવા-લઈ જવા માટે પહેલાં તો તેણે ચાલુ હલકારાઓનો જ ઉપયોગ કરવા માંડ્યો, પણ જ્યારે એ વેપાર ફદકે ને ભુસકે વધતો ગયો અને તેની સાથે તેની રાજકીય સત્તા પણ જામતી ગઈ ત્યારે એણે પોતાના કાસદો રોકયા.

ઈ. ૧૭૬૬માં લોર્ડ ક્લાઇવે ડાક પદ્ધતિની વધારે સારી વ્યવસ્થા બાબત એવો હુકમ બહાર પાડ્યો કે બધો પત્રવ્યવહાર ગવર્મેન્ટ હાકુસથી જ રવાના થવો જોઇએ. તે માટે એક પોસ્ટ માસ્તર(જે વખતે એ 'પોસ્ટલ રાઇટર' તરીકે ઓળખાતો)ની નિમણૂક કરી. આ સરકારી પત્રવ્યવહાર માટે ટપાલના માર્ગમાંના જમીનદારો અને જમીન ધરાવનારાઓનેબે ખેપિયા પૂરા પાડવા પડતા. (અસલની 'નિઝામત ડાક' જેવી જ આ વ્યવસ્થા હતી.) પણ આ સેવાને ચલાવનારા ખુદ જમીનદારો









મથાળે (૧) ટપાલની ટિકિટ શરૂ થઇ તે પહેલાં કંપનીની સરકારી ટપાલ પર આવા લખાણના સિક્કા મારવામાં આવતા. (૨) હિંદની દેશવ્યાપી ટપાલપદ્ધતિ શરૂ થયા પહેલાં સિંધ પ્રાંત પૂરતી ઈ. ૧૮૫૨માં કાઢેલી પહેલવહેલી ટિકિટ, જે 'સિંધ ડાક'ને નામે ઓળખાય છે. (૩) વિક્ટોરિયાના મહોરા પહેલાં ટિકિટ માટે રચવામાં આવેલી અને નામંજૂર થએલી 'સિંહ ને તાડવૃક્ષ'ની આકૃતિ. (૪) બ્લુ ફ્રેમમાં લાલ શાહીથી વિક્ટોરિયાની છબિ છાપતાં ભૂલથી થોડી અવળી છપાએલી ટિકિટો જે મોંઘી ને વિરલ ગણાય છે તેનો નમૂનો.

(૨) ડાબી બાજુથી: ઈસ્ટ ઇંડિયા કંપની-ના અમલ દરમ્યાન ટિકિટ પરતે નું નામ આવતું, તે વિક્ટો-રિયાએ અમલ લેતાં બદલાઇને (૩) 'ઇં-ડિયા પોસ્ટેજ' થઈ ગયું. (૪)પાછળનાં વર્ષોમાં નીકળેલી વિક્ટોરિયાની પ્રૌઢવયની છબિવાળી જવલ્લે દેખાતી ટિકિટ









(૫) હિંદ સરકારે કંપની પાસેથી અમલ લીધા બાદ તેણે કેટલાંક દેશી રાજ્યોને પોતાના પ્રદેશ-માં ટપાલનીસત્તા આપેલી. તે અનુસાર નીકળેલી જૂનાગઢની સૌરાષ્ટ્ર સરકારની ટિકિટો પૈકી એક







(૬) વિક્ટોરિયા પછી ગાદીએ આવેલા સાતમા એડવર્ડની ટિકિટ. ત્યાં સુધી ટિકિટો માત્ર ટપાલ પૂરતી જ વપરાતી, પણ ૧૯૦૬માં પહોંચો વગેરે જેવા રેવન્યુ કામ માટે પણ તે વાપર-વાનું ઠરતાં, તેના પરના 'ઇંડિયા પોસ્ટેજ' શબ્દો બદલાઇને (૭) 'ઇંડિયા પોસ્ટેજ ઍન્ડ રેવન્યુ' એવા શબ્દો લખાવા માંડ્યા. (૮) એડવર્ડ પછી ગાદીએ આવેલા પાંચમા જ્યૉર્જની છબિવાળી

વગેરેને પોતાના કામ માટે આ ખેપિયાનો ઉપયોગ કરવાનો અધિકાર ન હતો. આ ઉપ-રાંત શરાફો 'મહાજન ડાક' નામની પોતીકી ખેપિયા-વ્યવસ્થા પણ ચલાવતા હતા.

પણ પછી તો ઈ. ૧૭૭૪ના માર્ચની ૩૧મી તારીખે એક ખાસ ફરમાનથી પોસ્ટ-માસ્તર જનરલની નિમણૂક કરીને, મુંબાઈ કલકત્તા અને મદ્રાસ વચ્ચે જાહેર ટપાલની પણ વ્ય-વસ્થા કરી, જેમાં બીજા લોકો પણ ટપાલ મો-કલી શકે. તે માટે લાંબાં-ટૂંકાં અંતર અને કાગળોના વજન અનુસાર ૧ આનાથી માંડીને પાંચ રૂપિયા સુધીના વિવિધ દર ઠરાવવામાં આવેલા. દાખલા તરીકે એક તોલા વજનનો કાગળ કલકત્તાથી ચંદ્રનગર બે આનામાં, બર-દ્વાન ત્રણ આનામાં, લખનૌ ૧૧ આનામાં ને મુંબાઇ એક રૂપિયામાં મોકલાતો! ભારતના વિશાળ પ્રદેશ પર આજે પથરાએલા ટપાલના મહાન સામ્રાજ્યની ત્યારથી શરૂઆત થઇ. છતાં એ વ્યવસ્થા માત્ર જ્યાં જ્યાં કંપનીની કોઠીઓ હતી તે પ્રદેશ પૂરતી જ હતી. બીજે ખાનગી ખેપિયાઓ મારફત લોકોની ટપાલો જતી.

૧૮મી સદીના એ આખર કાળમાં ટપાલ પહોંચાડનારા હલકારા કહેવાતા. તેમની મ-જલ (બીટ) ૮ માઈલની હતી. પ્રત્યેક ખેપિયા સાથે એક પડઘમચી પણ મોકલાતો. જંગલ-માંથી પસાર થતી વખતે તે જોરથી ઢોલ વ-ગાડતો. જોખમી વિસ્તારોમાં રાત્રે બે મશા-લચી અને તીરંદાજ પણ તેમની સાથે રહેતા.


પણ આ બધી વ્યવસ્થા રોકડા પૈસા જ લઈ-ને કરવામાં આવતી. આપણે આજે જેની શતાબ્દી ઊજવી એ ટિકિટ હજી દાખલ થઇ ન હતી. એ તો શોધાઇ છેક ૧૮૪૦માં ઇંગ્લંડમાં. અને ત્યાં એની સફળતા જોઇ, ઈ. ૧૮૪૨માં હિંદુસ્તાનમાં તેનો પહેલો અખતરો સિંધના કમિશ્નર મિ. બાર્ટલ ફ્રીઅરે પોતાના પ્રાંતમાં કર્યો. ચોમેર ગોળાકાર પટ્ટીમાં 'સિંધ ડિસ્ટ્રિક્ટ ડાક' એવા અક્ષરો અને વચ્ચે ઈસ્ટ ઇંડિયા કંપનીનું પ્રતીક સફેદ કાગળ ઉપર ઉપસાવેલી એ ટિકિટ, ટૂંકામાં 'સિંધ ડાક' નામથી ઓળ-ખાય છે. (જુઓ શરૂમાં ચિત્ર) સિંધના સક્કર, શિકારપુર, હૈદરાબાદ અને કરાચી એ ચાર શહેરોની પોસ્ટ ઑફિસે તે મળતી, ને ત્યાંના કાગળો લઇને, પગે ચાલતા કાસદો કરાચીથી નીકળી ઠઠ્ઠા, લખપત, ભુજ ને અમદાવાદ એમ ચાર થાણાં કરતા નવ દહાડે મુંબાઈ પહોંચતા.


જોકે આપણી ટિકિટની આ આદિ વડિયાઇ 'સિંધ-ડાક'ની યે પહેલાં હાથે કોતરેલા સિક્કા મારવાની એક પ્રથા ચાલુ હતી, જેનો જૂના-માં જૂનો નમૂનો ઈ. ૧૭૮૮નો મળે છે. જુદા-જુદા કદ, આકાર અને લખાણના એ સિક્કાનો એક નમૂનો (દેલ્હી. ૧૮૫૦ ફેબ. ૨૦, વજન તોલા વગેરે લખેલો) શરૂમાં આપ્યો છે.


સિંધના અખતરા પછી કંપની સરકારે

↓નીચે વચ્ચે (૧૦) જ્યૉર્જ છઠ્ઠાની ટિકિટ તથા છેડે (૧૧) તેના અમલમાં બીજું વિશ્વયુદ્ધ જિતાયાના ઉત્સવ પ્રસંગે કાઢેલી વિજય-ટિકિટ

↑(૯) ઈ. ૧૯૨૯માં હિંદે કાઢેલી હવાઈ ટપાલ માટેની ટિકિટ, જે કદાચ દુનિયામાં સૌ પ્રથમ હતી.












(૧૨) પાંચમા જ્યૉર્જના અમલમાં ૧૯૩૧માં નવી દિલ્હી પાટનગર તરીકે સ્થપાયાના સ્મરણમાં કાઢેલી છ ટિકિટોનો સમૂહ, જેના ઉપર નવી દિલ્હીનાં નવાં મકાનોનાં ચિત્રો હતાં. ત્યારથી ટિકિટ પર પહેલવહેલી ચિત્રમયતા દાખલ થઇ. ડાબી બાજુથી (૧) પુરાણા કિલ્લા (૨) વૉર મેમોરિયલ (૩) પાર્લામેન્ટહાઉસ (૪) વાઈસરૉય-ભવન (૫) સેક્રેટરીએટ (૬) ઉદ્‌ઘાટન-ઉત્સવનું પ્રતીકાલેખન.





(૧૩) પાંચમા જ્યૉર્જના રાજ્યારોહણની રજત-જયંતી પ્રસંગે કાઢેલો સાત ટિકિટોનો સમૂહ, જેના ઉપર દેશની સુંદર ઇમારતોનાં ચિત્રો હતાં. અનુક્રમે: (૧) ગેઇટવેઑવ ઈંડિયા-મુંબાઇ (૨) વિક્ટોરિયા મેમોરિયલ-કલકત્તા (૩) રામેશ્વર મંદિર-દક્ષિણ હિંદ (૪) જૈન મંદિર-કલકત્તા (૫) તાજ મહાલ-આગ્રા (૬) સુવર્ણ મંદિર-અમૃતસર (૭) માંડલેનું પૅગોડા





(૧૪) જ્યૉર્જ છઠ્ઠાના અમલમાં નવી ટિકિટો કાઢવાની થતાં ઈ. ૧૯૩૭માં ટપાલ-વ્યવહારનાં વાહનો દર્શાવતી આઠ ટિકિટો કાઢવામાં આવી, જેના પર અનુક્રમે (૧) પગપાળો હલકારો (૨) બળદગાડી (૩) ઘોડાગાડી (૪) ઊંટ સવાર (૫) રેલવે (૬) સ્ટીમર (૭) મોટર અને (૮) વિમાનનાં ચિત્રો હતાં.

આખા દેશ માટે એકધારી ટપાલપદ્ધતિ યોજી. દેશ પર એની સત્તા હવે પાકી જામી ગઇ હતી, એટલે ઇ.૧૮૫૪માં ખાસ ટપાલ-કાયદો ઘડીને ખાનગી ખેપિયાઓની બીજી બધી વ્યવસ્થા બંધ કરાવી, અને સરકારી ટિકિટ દ્વારા હિંદ આખામાં કોઈ પણ સ્થળે અરધા આનામાં કાગળ મોકલી શકાય એવી પાકી સોઇ કરી. આ માટે ટિકિટો છાપી મોકલવા ઇંગ્લંડમાં કંપનીના ડિરેક્ટરોને લખ્યું. પણ ત્યાંથી ના આવતાં, હિંદમાં જ કલકત્તાના સરકારી મોજણીખાતામાં છાપખાનામાં, જ્યાં દસ્તાવેજી કાગળો છપાતા ત્યાં, તેના અધિકારી





ઈ.૧૯૪૭ની ૧૫મી ઑગસ્ટે ભારત સ્વતંત્ર થયા નિમિત્તે રાજાનું મ્હોરું કાઢી નાખીને જયહિંદ અક્ષરો સાથે સૌ પ્રથમ ત્રણ નવી ટિકિટો કાઢી: (૧) અશોકસ્તંભના સિંહ ચિહ્નની (૨) રાષ્ટ્રધ્વજ અને (૩) ઍરોપ્લેન માટે.

(૧૫) સ્વતંત્ર હિંદની પહેલી ટપાલ-ટિકિટો

કૅપ્ટન થુઇલીઅરે લીથોગ્રાફીથી હિંદની પહેલી ટપાલની ટિકિટો છાપી. ટિકિટના ઇતિહાસમાં, પહેલી ટિકિટ આલેખનાર તરીકે એ કૅપ્ટન થુઈલીઅરનું જ નામ જાણીતું છે, પણ એનો મૂળ આલેખક તો સર્વે ઑફિસનો ભારતીય કલાકાર નુમરોદીન (Numerodeen) હતો એ હકીકત આપણામાંના કેટલા જાણે છે? એણે પ્રથમ તો એ વખતે પ્રચલિત ૧૮૪૭ની ગોલ્ડ મહોર (સોનાની ગિની) ઉપરની સિંહ અને તાડના વૃક્ષની આકૃતિ લઇ એવી ટિકિટો તૈયાર કરી. પણ તે નામંજૂર થઈ, એટલે નુમરોદીને રાણીના મહોરાવાળી આકૃતિ તૈયાર કરી.

એ પહેલી ટિકિટની કથા પણ રસમય છે. બહુ જ ઓછા લોકો જાણે છે કે સૌ પહેલાં તો ઈંગ્લંડની પ્રખ્યાત ટિકિટ 'પેની બ્લૅક'-ને પગલે ચાલીને અહીં માટે પણ રાણીના મહોરાવાળી કાળા રંગની જ ટિકિટો છાપેલી. પરંતુ પોસ્ટ ઑફિસોમાં મોકલતાં તેનો એક જથ્થો ચોરાઈ ગયો. આથી તેનો ગેરઉપયોગ થતો અટકાવવા તે રદ કરીને બહાર ન પાડતાં પાછી ખેંચી લીધી અને તેને બદલે લાલ શાહીથી એ ટિકિટો છાપી. એની આકૃતિમાં રાણીના મહોરાની બંને બાજુની ફ્રેમમાં ૯½ કમાનોની ભાત છે. ૧૮૫૪ની પાંચમી એપ્રિલે એનો પહેલો જથ્થો છાપીને મુંબાઈ મોકલવામાં આવ્યો, ત્યાં ખબર પડી કે એ છાપવાની લાલ શાહી ખૂટી પડીછે અને હિંદુસ્તાનમાં એ શાહી મળી શકે તેમ નથી! એટલે એ લાલ ટિકિટો પણ પાછી ખેંચી લેવામાં આવી, અને નવી આકૃતિ દોરવામાં આવી જેમાં, રાણીના મહોરાની બે તરફની ફ્રેમમાં ૮ કમાનોની ભાત હતી. એ આકૃતિ પણ નુમરોદીને જ તૈયાર કરેલી. ઈસ્ટ ઇંડિયા કંપનીની હાથીના માથાની મુદ્રાવાળી 'વૉટરમાર્ક' ધરાવતા કાગળ ઉપર છપાએલી એ ટિકિટને, આજની જેમ ફાડવા માટેનાં 'પરફોરેશન' (કાણાં) પાડેલાં ન હતાં, કેમકે પરફોરેશન મશીન તો ત્યાર પછી—જોકે એ જ સાલમાં, ૧૮૫૪માં-હેનરી આર્ચર નામના એક આઇરિશમૅને શોધ્યું.


સૌ પ્રથમ ચાર ટિકિટો છાપવામાં આવી: ०| તોલા સુધીના વજનના કાગળો માટે ०|| આનાની, ०|| તોલા સુધીના વજન માટે ૧ આનાની, ૧ તોલા સુધીના વજન માટે ૨ આનાની, અને ચાર આનાની. ઈ. ૧૮૫૪ના મે માસથી ૧૮૫૫ના નવેમ્બર સુધી હિંદમાં છપાએલી ભારતની એ પ્રથમ ટિકિટો (જે સંગ્રાહકોની ભાષામાં 'ફર્સ્ટ્સ' કહેવાય છે) દુનિયાની પ્રાચીન ટિકિટોમાં બહુજ મહત્ત્વની ગણાય છે. આજથી ૧૦૦ વરસ પહેલાંના જમાનામાં તદ્દન પ્રયોગદશામાં અને તે પણ ઉપર કહ્યું તેવી ધમાલમાં કાઢેલી હોવા છતાં રાષ્ટ્રસમૂહના દેશોની બધી ટિકિટોમાં તે આગળપડતી લેખાય છે. આંતરરાષ્ટ્રીય ટિકિટ પ્રદર્શનોમાં પણ તે ઉસ્તાદ સંગ્રાહકોનું ધ્યાન ખેંચે છે અને તેની મોંઘી કિંમત ઉપજે છે; અને કહેવાય છે કે ટિકિટસંગ્રહનો શોખ જ્યાં સુધી જીવશે ત્યાં સુધી એ ટિકિટોનું નામ જીવંત રહેશે. એનો મોટામાં મોટો સંગ્રહ આજે કદાચ મુંબાઈના શ્રી ડી. ઇ. વાડિયા પાસે છે, જેમનો સમગ્ર ટિકિટ સંગ્રહ લાખ્ખોની કિંમતનો છે.


એમાં ચાર આનાવાળી ટિકિટ બે રંગમાં છાપી હતી: આજુબાજુની કિનાર વગેરે બ્લુ, અને વચ્ચે રાણીનું મ્હોરું લાલ. એ છાપતી વખતે થોડી ટિકિટોમાં ભૂલથી રાણીનું મ્હોરું અવળું છપાઈ ગયું, અને એ ભૂલવાળી ટિકિટો મહામૂલ્યવાન બની ગઇ. આજે એ ઊંધી છાપની ચાર આનાવાળી ટિકિટ સોનાના મૂલની બની ગઇછે. એની કિંમત તમે શી ધારો છો? આ જ માસમાં એવી એક ટિકિટ લંડનમાં ૭૨૫ પૌંડમાં (એટલે કે દસ હજારથી યે વધુ રૂપિયે) વેચાઇ!

ઈ. ૧૮૫૪ની પહેલી ટિકિટો પછી ૧૮૫૫-થી તો અહીંની બધી ટિકિટો ઇંગ્લંડની ટૉમસ દ લા રૂની કંપનીમાં જ છપાવા લાગી, તે ઠેઠ ૧૯૨૬ સુધી. આ દરમ્યાન જુદીજુદી કિંમતની ઘણી ટિકિટો નીકળી, જેમાં ખાસ વિચિત્ર તો આઠ પાઈની ટિકિટ છે. ઇ. ૧૮૬૦માં રૂપિયાની કિંમતમાં ઘટાડો થવાથી એ કાઢવામાં આવેલી અને આપણી ટિકિટોના ઇતિહાસમાં એ પહેલી ને છેલ્લી જ રહી. ૧૯૨૬-માં હિંદ સરકારે નાસિકમાં આવાં કામ માટે ખાસ સિક્યૂરિટી પ્રેસ ઊભું કર્યું અને ત્યારથી આપણી બધી ટિકિટો ત્યાં જ છપાવા માંડી.

આ સો વર્ષના ગાળામાં જે વિવિધ કિંમત,

(૧૬) ૧૯૪૮ની ૧૫મી ઑગસ્ટે સ્વાતંત્ર્યની પહેલી સંવત્સરીએ ગાંધીજીની છબિવાળી ચાર ટિકિટ નીકળેલી. તે પછી ભારતની કાયમી ટિકિટો માટેનાં ચિત્રોની ઇનામી હરીફાઇ યોજાઈ તેમાં મંજૂર થએલી આકૃતિઓ નીચે આપી છે.







































(૬૭) પણ ઇનામી ચિત્રોને બદલે દેશની પ્રાચીન સંસ્કૃતિનાં પ્રતીક રૂપ શિલ્પ સ્થાપત્યની કૃતિઓ કાયમી ટિકિટો પર લેવાની ઠરી અને ૧૯૪૯-માં સોળ ટિકિટોનો તેનો સમૂહ બહાર પડ્યો જે આજે ચાલુ છે. તેનાં નામ ટિકિટો પર સ્પષ્ટ વંચાય છે.


પ્રકાર અને આકૃતિઓની ટિકિટો આપણે ત્યાં બહાર પડી છે એની વિગતો આપતાં તો પાર ન આવે. પણ એના મુખ્યમુખ્ય ફેરફારો ટૂંકમાં જાણી લઇએ. ઇ. ૧૮૭૭માં કંપની પાસેથી મહારાણી વિક્ટોરિયાએ હિંદનો વહીવટ પોતાને હસ્તક લીધો ત્યારે ટિકિટો પરથી 'ઇસ્ટ ઇંડિયા પોસ્ટેજ' શબ્દો નીકળી જઇને 'ઇંડિયા પોસ્ટેજ' શબ્દો લખાવા માંડ્યા. વિક્ટોરિયાના મરણ પછી ૭મા એડવર્ડ ગાદીએ આવતાં ૧૯૦૨માં તેના મહોરાવાળી ટિકિટ નીકળી.

ઇ. ૧૯૦૬માં એમ ઠરાવવામાં આવ્યું કે દસ્તાવેજ પહોંચો વગેરે પર ચોડવા માટેની તેમજ ટપાલની બંને ટિકિટો એક જ રાખવી. આથી એ સાલમાં તે માટે ૦।। આનાની અને ૧ આનાની નવી ટિકિટો (એડવર્ડની છાપની) છાપવામાં આવી, જેના ઉપર એકલા 'ઇંડિયા પોસ્ટેજ' ને બદલે 'ઇંડિયા પોસ્ટેજ ઍન્ડ રેવન્યુ' એવા અક્ષરો લખવામાં આવ્યા, અને તે પ્રથા છેક ૧૯૩૩ સુધી ચાલુ રહી. એ સાલમાં પાછી રેવન્યુ માટેની ખાસ નવી જ ટિકિટો પાડવામાં આવતાં ટપાલની ટિકિટો



(૧૮) ૧૯૪૯માં વિશ્વટપાલસંઘ ની ૭૫મી જયંતી પ્રસંગે સૌ દેશો સાથે ભારતે કાઢેલી ટિકિટ





ઉપર ફરી 'ઇંડિયા પોસ્ટેજ' અક્ષરો આવ્યા.

એડવર્ડના મૃત્યુ પછી ૧૯૧૧માં જ્યૉર્જ પાંચમા ગાદીએ આવ્યા. એમના અમલમાં જે ત્રણ ખાસ પ્રસંગે ત્રણ નવા પ્રકારો બહાર પડ્યા તેમાં રાજાના મ્હોરા ઉપરાંત પહેલવહેલી ચિત્રમયતા દાખલ થઈ અને કદ પણ જરા મોટું ને આડું થયું. એ ત્રણ પ્રકારો તે ૧૯૨૯ની ઍર મેઇલ ટિકિટો, ૧૯૩૧ની પાટનગર નવી દિલ્હીની સ્થાપનાના પ્રસંગની ટિકિટો અને ૧૯૩૫ની જ્યૉર્જ પાંચમાના ત્યારોહણના રજતમહોત્સવની ટિકિટો. પછી ૧૯૩૭માં તેના મૃત્યુ પછી જ્યૉર્જ છઠ્ઠાના સમયમાં જે ટિકિટો બહાર પડી તેના ઉપર પણ હિંદમાં ટપાલ લઇ જવાની જુદીજુદી પદ્ધતિઓ દેખાડતાં ચિત્રો છપાયાં, અને ફરી ૧૯૪૬માં બીજા મહાયુદ્ધના વિજયોત્સવની ટિકિટ પણ ચિત્રાંકિત થઇ.

પણ ઈ. ૧૯૪૭ની પંદરમી ઑગસ્ટે ભારત સ્વતંત્ર થયું તેની સાથે તો ટિકિટોનો આખો ઢાળો પલટાઇ ગયો. રાજાનું મ્હોરું તો નીકળી જ ગયું; અને ૧॥, ૩॥ તથા ૧૨ આનાની જે પહેલી ત્રણ ટિકિટો બહાર પડી તે પર 'જય હિંદ' એવા નાગરી અક્ષરો સાથે અનુક્રમે અશોકસ્તંભ, રાષ્ટ્રધ્વજ અને ચાર એન્જિનવાળું જંગી વિમાન ચિત્રિત થયાં. ૧૯૪૮માં મહાત્મા ગાંધીજીના નિધન પછી એ વર્ષની પંદરમી ઑગસ્ટે એ સંતપુરુષને વંદના રૂપ એમની છબિવાળી ટિકિટો ખાસ સ્વિટ્ઝર્લૅંડમાં ફોટોગ્રેવ્યોર પદ્ધતિથી છપાવી બહાર પાડી.

પણ સ્વતંત્ર ભારતની કાયમી ટિકિટો તો તે પછીના વર્ષ ૧૯૪૯ની ૧૫મી ઑગસ્ટે બહાર પડી. એમાં ભારતીય સંસ્કૃતિની ઐતિહાસિક પરંપરા દાખવતાં કલાત્મક શિલ્પ-સ્થાપત્યનાં ઉઠાવદાર આલેખનોવાળી ૧૭ ટિકિટો છે, જે આજ પર્યંત ચાલુ છે. તે દરમ્યાન જોકે વચ્ચે વચ્ચે જુદાજુદા રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય મહત્ત્વના પ્રસંગોએ પાછી ખાસ ટિકિટો પણ બહાર પડી છે, એમાં ૧૯૪૯ના ઑક્ટોબરમાં જગતભરના ટપાલ સંઘ (યુનિવર્સલ પોસ્ટલ યુનિયન)ની ૭૫મી જયંતીની ચાર, ૧૯૫૦ના જાન્યુઆરીમાં ભારતના ગણરાજ્યની સ્થાપનાની ચાર, ૧૯૫૧ના જાન્યુઆરીમાં હિંદના ભૂસ્તર ખાતાની શતાબ્દીની એક, ૧૯૫૧ના માર્ચમાં એશિયન ક્રીડા-મહોત્સવની બે, ૧૯૫૩ના એપ્રિલમાં ભારતની રેલવે શતાબ્દીની એક, એ જ વર્ષના ઑક્ટોબરમાં એવરેસ્ટ શિખર સર કરાયાના વિજયની બે, ને ફરી પાછી એ જ વર્ષના નવેમ્બરમાં હિંદની તાર-શતાબ્દીની બે ટિકિટો છે.


આ દરમ્યાન વચ્ચે ૧૯૫૨ની પહેલી ઑક્ટોબરે ભારતના સંતો અને કવિઓની છબિઓ વાળી ખાસ છ ટિકિટો બહાર પડી હતી જે પર કબીર, તુલસીદાસ, મીરાં, સૂરદાસ, ઘાલિબ અને રવીન્દ્રનાથ ઠાકુરની સુંદર તસ્વીરો છે. આ ટિકિટોની વિશિષ્ટતા એ છે કે તે ભારતમાં જ પહેલી વાર ફોટોગ્રેવ્યોર મુદ્રણની ખાસ પદ્ધતિથી છપાઇ છે.


આ ઉપરાંત સરકારી ટપાલ માટે ખાસ યોજાએલી ટિકિટો તથા દસ્તાવેજો માટેની રેવન્યુ ટિકિટો તો સૌએ જોઈ હશે. વળી





(૧૯) ઈ. ૧૯૫૦ની ૨૬ જાન્યુઆરીએ ભારત ગણરાજ્ય જાહેર થતાં કાઢેલી ખાસ ટિકિટો (૧) સ્વાતંત્ર્યોત્સવ જોતી ઊગતી પ્રજા (૨) કૃષિપ્રધાન ભારતના પ્રતીકસમ અનાજનું ડૂંડું અને હળ; (૩) ગૃહઉદ્યોગપ્રતીકરૂપ રેંટિયો ને (૪) નિરક્ષરતા દૂર કરવાની સંજ્ઞા ખડિયો-કલમ





(૨૦) ઈ. ૧૯૫૧માં ભારતના ભૂસ્તર-સંશોધન ખાતાની શતાબ્દી નિમિત્તે કાઢેલી ખાસ ટિકિટ, જેના ઉપર આજના હાથીના વડદાદા આદિકાળના જંગી હાથીનું ચિત્ર છે. (૨૧) ૪ માર્ચ ૧૯૫૧ના રોજ નવી દિલ્હીમાં સમસ્ત એશિયાની રમતગમતહરીફાઇનો ઉત્સવ યોજાએલો તે નિમિત્તે કાઢેલી ખાસ ટિકિટમાં દક્ષિણ એશિયાના નકશા પર મશાલનું ચિત્ર છે.

અમુક લશ્કરી પ્રસંગો માટે પણ ટિકિટો યોજાએલી. ઇ.૧૯૦૦માં ચીનના બળવા વખતે, ૧૯૧૪થી '૨૨માં પહેલા મહાયુદ્ધ વખતે, તથા હમણાં ૧૯૫૩માં કોરીઆની સુલેહસ્થાપના માટે ભારતીય લશ્કરી દળો પરદેશ ગયાં ત્યારે તેમની ટપાલ પર ચોડવા ચાલુ ટિકિટો પર અનુક્રમે 'C. E. F.' (એટલે ચાઈના એક્સપીડીશનરી ફોર્સ), 'I. E. F' (એટલે ઇન્ડિયન એક્સપીડીશનરી ફોર્સ) ને 'ભારતીય સંરક્ષા કટક કોરીઆ' એ અક્ષરો વધારાના છાપી મોકલેલી.

અને છેલ્લી નવી ટિકિટો તે આ શતાબ્દી ઉત્સવને સ્મરણાંકિત કરતી બહાર પડી તે (જુઓ પાનાને છેડે). તદુપરાંત આ ૨૪મી ઑક્ટોબરે યુનાઇટેડ નેશન્સ ડેની ઉજવણી નિમિત્તે ભારત આ નવી ટિકિટ બહાર પાડે છે. ↓ તેને ઉપર




ડાબે રાષ્ટ્રસંઘના પ્રતીકનું અને જમણી તરફ મધ્યમાં ભારતના પ્રતીક પૂર્ણ વિકસિત કમળનું આલેખન છે. બ. રા. (ઑલ ઇન્ડિયા રેડિયો ઉપરથી ટિકિટ-શતાબ્દી-ઉત્સવ નિમિત્તે આપેલા વાયુ-વાર્તાલાપમાં ઘણા નવા ઉમેરા સાથે.)





(૨૨) ૧૯૫૨ની પહેલી ઑક્ટોબરે ભારતના કવિ-↑ સંતોની છબિઓવાળો છ ટિકિટોનો નવો સેટ બહાર પડયો જે ચાલુ છે.(૨૩) ૧૯૫૩ની ૧૬મી એપ્રિલે ભારતમાં રેલ્વે શરૂ થયાની શતાબ્દીના પ્રસંગે એક તથા (૨૪) એ જ વર્ષની બીજી ઑક્ટોબરે એવરેસ્ટ શિખર સર થયાના નિમિત્તે બે અને (૨૫) એ જ વર્ષની ૧ નવેમ્બરે તાર-શતાબ્દી પ્રસંગે બે ટિકિટો કાઢેલી તે જમણી બાજુએ.(૨૬) ને છેલ્લે, ટિકિટોની શતાબ્દી ઊજવવા આ માસમાં બહાર પડેલી નવી ટિકિટોનો સમૂહ આ નીચે આપ્યો છે. (૨૭) સંયુક્ત-રાષ્ટ્ર-દિન માટેની પહેલા કૉલમમાં. આ લેખમાં આપેલાં ટિકિટોનાં ઘણાંખરાં ચિત્રો સ્પષ્ટીકરણ સારુ મૂળ કરતાં મોટાં કરેલાં છે.
















કલાવાર્તા

ભારતીય કળાની વિવિધ શૈલીઓ

(આગલા પૂઠામાંના ચિત્રબોધ વિષે)

એમાં જમણાં ચાર ચોકઠાં ઉપરાંત વચ્ચે આંખના આલેખનના વિવિધ ચાર પ્રકાર ડાબા-જમણી છૂટાછૂટા સામસામે મોટા કરી બતાવ્યા છે. તેછે: મથાળેથી (૧) ડાબીબાજુ-અજંતા. જમણી બાજુ-અજંતા; (૨) ડાબી તથા જમણી બાજુ ગુજરાતી જૈન શૈલી; (૩) ડાબી બાજુ-ઇરાની, જમણી બાજુ-મુઘલ; (૪) ડાબી બાજુ-કાંગરા, જમણી બાજુ-જયપુર- વચ્ચેની માનવ આકૃતિઓમાં જમણી બાજુ ઝડપી સ્કેચ જેવી પંદરમી સદીની જૈન ગુજરાતી શૈલીમાં માથાના વાળનો લોચ કરતા મહાવીરનું આલેખન છે, અને ડાબી બાજુ, એ જ શૈલીએ વિકસીને લલિત રૂપ ધારણ કરેલી કાંગરા કલમમાં રાધાનું આલેખન છે. સૌથી નીચેના સ્ત્રી-પાત્રની મુખાકૃતિમાં જરૂરી તત્ત્વોને ત્વરિત રેખાઓમાં સૂચિત રૂપે આલેખતી બરછટ ગુજરાતી શૈલીની લાક્ષણિકતા તેની આંખો, ભ્રમર, નાક તથા દાઢીમાં જણાશે. તેના મથાળાનો પોપટ તથા ડાબી બાજુનો મોર એ જ ગુજરાતીશૈલીનાં છે, જ્યારે જમણી તરફનો મોર વધુ સુષ્ઠુ બનેલી રાજપુત કલમનું આલેખન છે. જમણી બાજુની ચાર ચોકઠાંમાંની આકૃતિઓ 'અજંતા' માસિકમાં આવેલા શ્રી મહેન્દ્રનાથ સિંહના લેખમાંથી તેમના સૌજન્યથી ઉતારી છે.

આખી દુનિયામાં ફિલ્મ ઉદ્યોગમાં બીજા નંબરે આવતા ભારતમાં ફિલ્મોનો પ્રકાર સુધારવામાં ઉત્તેજન તરીકે (૧) શ્રેષ્ઠ ચલચિત્ર માટે (૨) શ્રેષ્ઠ માહિતીફિલ્મ માટે ને (૩) શ્રેષ્ઠ બાળકોની ફિલ્મ સારુ, એમ ત્રણ ચન્દ્રકો ભારત સરકારે આપવાનું ઠરાવ્યું છે. એ ચન્દ્રકોની આકૃતિઓ માટે યોજેલી દેશવ્યાપી ઈનામી હરીફાઈઓમાં માહિતી-ચિત્ર માટેના રાષ્ટ્રપતિના ચન્દ્રક સારુ આ ઉપર આપેલી શ્રી કનુ દેસાઈની આકૃતિ ૫૮ હરીફોમાં શ્રેષ્ઠ ઠરીને રૂ. ૫૦૦નું ઈનામ જીતી ગઇ છે તે ગુજરાત માટે ગૌરવની વાત છે. એમાં ભારતનાં કરોડો વાસીઓ માટે પ્રાથમિક જરૂરત તરીકે અન્ન (ડૂંડાંથી), વસ્ત્ર (રેંટિયાથી) અને આશ્રય (ઝૂંપડાથી) પ્રતીક રૂપે દર્શાવીને ભારતની આબાદીના માર્ગનો નિર્દેશ કર્યો છે.



એક સુધારો

ગયા અંકમાં છાપેલી કલાચાર્ય શ્રી નંદલાલ વસુની વુડકટ તસ્વીરના કલાકાર શ્રી કૃપાલસિંહ શેખાવત છે. શ્રી બારભૈયા તરફથી અમને એ મળેલી, તેથી તેમનું નામ આપવાની સરતચૂક થએલી એ માટે અમે દિલગીર છીએ.

ભારતનાં શિલ્પસ્થાપત્યનો નકશો

૩૬૦મા અંકમાં 'બાંધ ગઠરિયાં'માં જેનો સચિત્ર પરિચય આવેલો તે ભારતનાં કલારત્નો સમાં શિલ્પ-સ્થાપત્યનાં સ્થાનો ઉપર તેના નાના પણ સ્પષ્ટ ફોટોગ્રાફ છાપેલો રા×૩ા ફૂટનો મોટો ખાસ સ્વિટ્ઝર્લાંડમાં છપાએલો સુંદર નકશો અગાઉ કરતાં **સસ્તી** કિંમતે માત્ર પાંચ રૂપિયે મુંબાઈની એન. એમ. ત્રિપાઠીની કંપનીમાંથી હવે મળી શકે છે. કલાશોખીનોને એ ખરીદવા જેવો છે.

અભિનન્દન ચિત્ર-સેટ

માત્ર દિવાળી કે નૂતન વર્ષ જ નહિ, પણ સર્વ માંગલિક પ્રસંગોએ ભેટ તરીકે આપી શકાય તેવાં સાત્ત્વિક ભાવનાવાળાં સુંદર ચિત્રો તથા કાર્ડનો સેટ, 'દક્ષિણા કાર્યાલય, શ્રી અરવિંદ આશ્રમ પોંડીચેરી' તરફથી પ્રકટ થયો છે. તેમાં પાંચ ત્રિરંગી ચિત્રોનાં ફોલ્ડર, (દરેકની છૂટક કિંમત આઠ આના), પાંચ ત્રિરંગી કાર્ડ (દરેકના ચાર આના) અને ચાર એકરંગી કાર્ડ (દરેકના બે આના)નો સમાવેશ છે: સામટો આખો સેટ ચાર રૂપિયે મળે છે. મુંબાઇમાંથી શ્રી અરવિંદ બુક્સ ડિસ્ટ્રિબ્યૂશન એજન્સી લિ. ૩૨ રેમ્પાર્ટ રોડ, મુંબાઈ-૧ એ સરનામેથી મળશે.

ધોળકાનું ગત ગૌરવ (અનુસંધાન પૃ. ૪૨૭થી)

ઇતિહાસની દૃષ્ટિએ જોતાં આજે ધોળકામાં સૌથી પ્રાચીન ઇમારત સિદ્ધરાજ જયસિંહની માતા મહારાણી મીનળદેવીએ બંધાવેલું 'મલાવ' તળાવ ગણી શકાય. 'ન્યાય જોવો હોય તો મલાવ જુઓ' એ કહેવતને જન્મ આપનારો એક ખાંચો તળાવના ગોળાકારમાં આજે પણ મોજૂદ છે. તળાવની મધ્યમાં એક બેઠક છે, અને ત્યાં જવા માટે પથ્થરના નાના પૂલ જેવું બાંધેલું છે જેની બન્ને બાજૂએ પહેલાં બેઠકો હતી. તળાવમાં પાણી લાવવા માટે જે ગરનાળાં બાંધેલાં છે, તેની નજીક પાણીનો માર તોડી નાખવા એક કૂવા જેવો ગોળાકાર કુંડ છે. તેમાંની કોતરેલી મૂર્તિઓ પણ ખાસ ધ્યાન ખેંચે છે.

તે પછીનું પ્રાચીન સ્થાન તે શહેરની ઉત્તરે આવેલી મહમદ બિન તઘલખશાહના વખતની બિલાલ યા હિલાલખાન કાઝીની મસ્જિદ. ઈ. ૧૩૩૩માં બંધાએલી તે સૌથી જૂની મસ્જિદ છે. તેના મહેરાબ આરસના છે અને મીંબર હજી પણ સારી હાલતમાં હોઇ હિંદુસ્થાનની બીજી મસ્જિદોના મીંબરોની સરખામણીમાં ગૌરવભર્યું સ્થાન ધરાવે છે.

આ પછી ઇ. ૧૩૬૧માં શહેરની દક્ષિણે ફીરોજશાહે બંધાવેલી 'ટાંકા મસ્જિદ' આવે. શહેરના મધ્ય ભાગમાં આવેલી જુમામસ્જિદ ઇ. ૧૪૮૫માં બંધાઇ તે પહેલાં શહેરની જુમામસ્જિદ આ જ ગણાતી.

સ્ટેશન સામે આવેલી અલફખાન યા ખાનની મસ્જિદનું આખું બાંધકામ ઈંટ-ચૂનાનું છે. તેને ત્રણ મોટા ઘુમ્મટ અને બે બાજૂ બે મિનારા છે. આ ઘુમ્મટો વિષે કહેવાય છે કે આવા મોટા ઘુમ્મટો બાંધવાનો અખતરો પહેલવહેલો અહીં જ કરવામાં આવેલો અને તેમાં સફળતા મળવાથી એથી મોટા ઘેરાવાનો અમદાવાદમાં 'દરિયાખાનનો ઘુમ્મટ' બાંધવામાં આવેલો, અને તે પછી એથી પણ વધુ મોટા ઘેરાવાનો બીજાપુરનો પ્રસિદ્ધ 'ગોલ ગુંબજ' બાંધવામાં આવ્યો. આ મસ્જિદ મહમ્મદ બેગડાના પરમ મિત્ર અલફખાન ભુકાઇએ બંધાવેલી. તેની પાછળ વિશાળ તળાવ આવેલું છે, જે 'ખાન તળાવ' ને નામે ઓળખાય છે. મસ્જિદની ઉત્તરે અને દક્ષિણે ૬૩ અને ૪૦ વાર દૂર ૪૦ શિલાસ્તંભો ધરાવતી બે પ્રાચીન ઇમારતો આવેલી છે.

શહેર બહાર ઉત્તરે અમદાવાદ જવાના જૂના માર્ગ પર ઇ. ૧૪૩૩ની લગભગ બંધાએલાં એક વાવ અને તેની છત્રી છે. તે મુઝફ્ફરશાહ બાદશાહના આશાપાળ નામના કોઇક વણિક કર્મચારીએ પોતાના એકના એક પુત્રના મૃત્યુની યાદગીરીમાં લોકહિતાર્થે બંધાવેલી હોવાનો તેમાં શિલાલેખ છે. શિલાલેખમાં એમ પણ જણાવેલું છે કે, તેનું પાણી ચમત્કારી છે. પણ આજે તો એ વાવ ભાંગી ગઈ છે.

ધોવાનો સમય

માપસર પ્રકાશ (correct exposure) આપેલી ફિલ્મને ડેવેલપરમાં જરૂર કરતાં ઓછા સમય સુધી ધોવાથી છબિનો વિકાસ બરાબર થતો નથી. (જુઓ શરૂની આકૃતિમાં અન્ડર ડેવેલપ). છબિને તે કરતાં વધુ ધોતાં એક એવી કક્ષા આવી પહોંચે છે કે જ્યારે સહેજ વધુ ધોવાથી પણ તેના પ્રકારમાં ખાસ નોંધપાત્ર સુધારો થતો નથી (જુઓ : નૉર્મલ ડેવેલપ). આ કક્ષા વટાવી જઈ વધુ ધોવાથી પ્રકાશની અસર નહિ પામેલું (છાયાવાળા ભાગમાં રહેલું) કેટલુંક સિલ્વર હેલાઇડ રિડ્યૂસ થઈ છબિ કાળાશ પકડતી જાય છે અને તેથી તેમાં રહેલી બારીક વિગતો નષ્ટ થઈ જાય છે (જુઓ ઓવર ડેવેલપ). આ 'અન્ડર' અને 'ઓવર' ડેવેલપ નેગેટિવોને નૉર્મલ બનાવવા અનુક્રમે ઈન્ટેન્સીફાઈ (intensify) અને રિડ્યૂસ (reduce) કરવી જોઈએ.

ડેવેલપરનું ઉષ્ણતામાન

રાસાયણિક ક્રિયાની ગતિ ઉપર ઉષ્ણતામાનની અસર વધુ થાય છે અને છબિ ધોવી એ રાસાયણિક ક્રિયા હોવાથી ઉષ્ણતામાન વધે છે તેમ ધોવાની ક્રિયા જલદી થાય છે અને છબિમાં પડછો વધે છે. તેથી ઊલટું, ઓછા ઉષ્ણતામાને તે મંદ પડી જઈ છબિમાં પડછો ઘટે છે. ધોવાનો સમય વત્તો-ઓછો કરી કેટલેક અંશે પ્રતિકૂળ ઉષ્ણતામાનમાં પણ સંતોષકારક છબિ મેળવી શકાય છે. આ માટે ઉત્પાદકો ફિલ્મ અથવા ડેવેલપર સાથે જે સૂચનો બીડે છે તેમાંથી દોરવણી મળી રહે છે. તેમ છતાં પણ ઉષ્ણતામાનની બીજી પ્રતિકૂળ અસરો પણ થાય છે.

ડેવેલપરમાં વપરાતા આલ્કલીની અસરથી ઈમલ્શનનું જિલેટીન નરમ પડી જઈ ફૂલી જાય છે. વધારે ઉષ્ણતામાને તો તે એટલું બધું નરમ પડી ફૂલે છે કે તે ઘણી વખત ફિલ્મ પરથી ઊખડી જાય છે અને ફક્ત કચકડો જ રહે છે. કેટલીક વાર આ પ્રમાણે ગરમ દ્રાવણમાં ધોએલી ફિલ્મને જ્યારે ખૂબ ઠંડા પાણી અથવા ફિક્સિંગ બાથ(fixing bath)માં ધોવામાં આવે ત્યારે ઉષ્ણતામાનમાં થતા આકસ્મિક મોટા તફાવતથી જિલેટીન ઝડપથી સંકોચાય છે અને તેમાં કરચલીઓ અથવા ચિરાડો (reticulation) પડી જાય છે. કેટલીક છબિઓ ઉપર આવી અસર જાણીજોઈને ચીવટપૂર્વક કરવાથી મૂળવસ્તુ કાચના ટુકડા ગોઠવીને અથવા કપચી ભરીને બનાવી હોય એમ લાગે છે. (જુઓ ચિત્ર)

૬૫ ડિગ્રી ફે૦ (૧૮ ડિગ્રી સેં૦) ઉષ્ણતામાને જિલેટીન પર કોઈ વિપરીત અસર પહોંચતી નથી તથા સારાં પરિણામો માટે અનુકૂળ હોવાથી તેને પ્રમાણભૂત (સ્ટૅન્ડર્ડ standard) ગણી છબિઓ ધોવાનાં દ્રાવણો ૬૫ ડિ૦ ફે. ઉષ્ણતામાને વાપરી શકાય એ રીતે તેમાં આવતાં રસાયણોનું પ્રમાણ નક્કી કર્યું હોય છે.



ફિલ્મને ધોતી વખતે દ્રાવણમાં બે હાથે તેના બે છેડા પકડીને ઊંચી નીચી કરીને આ ચિત્રમાં બતાવ્યા મુજબ હલાવતા રહેવાથી જ છબિ સ્પષ્ટ ઊઘડી આવે છે; નહિતર નીચેનાં ચિત્રોમાં સમજાવ્યા મુજબ અસ્પષ્ટ પરિણામ આવે છે.



પડખેનું ચિત્ર :—દ્રાવણ અથવા ફિલ્મને હલાવ્યા વિના ધોવાથી છબિ પૂરી ઊપસી ન આવતાં ડાબી બાજુના ચિત્ર જેવી ઝાંખી રહે છે ને કેટલીક વાર તેના પર ડાઘ પડી જાય છે. પણ હલાવ્યા કરવાથી જમણી બાજુના ચિત્ર જેવું સ્પષ્ટ પરિણામ મળે છે.

દ્રાવણ તથા ફિલ્મને હલાવવાની ક્રિયા (agitation)

ફિલ્મને ધોતી વખતે દ્રાવણ અથવા ફિલ્મને બિલકુલ ન હલાવવાથી તેની સપાટીના સંસર્ગમાં રહેલું દ્રાવણ ધોવાની ક્રિયા કરી શિથિલ થઈ જાય છે; તેથી ધોવાની ક્રિયા ફિલ્મની આખી સપાટી પર તેજછાયાના પ્રમાણમાં એકસરખી રીતે જે થવી જોઇએ તે થતી નથી અને ઘણી વખત ફિલ્મમાં ડાઘ પણ પડી જાય છે. (જુઓ નીચેનું ચિત્ર)

ડેવેલપિંગ એજન્ટની લાક્ષણિકતાઓ

જુદાજુદા ડેવેલપિંગ એજન્ટ ડેવેલપર તરીકે જુદીજુદી રીતે વર્તે છે. ક્વિનૉલની જગ્યાએ તેનું કામ કરવા માટે મેટૉલ નહિ વાપરી શકાય. મેટૉલથી છબિ જલદી વિકસે છે, પણ તેમાં કાળાશ આવતાં સમય લાગે છે; જ્યારે ક્વિનૉલમાં છબિ ધીમેધીમે વિકસે છે અને કાળાશ જલદી પકડાય છે. ઉષ્ણતામાનમાં થતા ફેરફારોની અસર ક્વિનૉલ પર જલદી થાય છે, પણ મેટૉલ પર થતી નથી. વળી પોટાશ બ્રોમાઈડનું વત્તુંઓછું પ્રમાણ મેટૉલ કરતાં ક્વિનૉલ પર વધારે અસર કરે છે. આ પ્રમાણે ડેવેલપિંગ એજન્ટની ક્રિયાત્મક રીતો તેમની રાસાયણિક ખાસિયતો ઉપર આધાર રાખે છે. આને ડેવેલપિંગ એજન્ટની 'કાર્યશક્તિ' (resolving power) કહે છે. પણ આ 'કાર્યશક્તિ' પરથી ડેવેલપર કેટલી ઝડપથી છબિ વિકસાવશે તે નક્કી કરી શકાય નહિ કારણ કે તેનો આધાર તો જિલેટીનમાં કેટલા પ્રમાણમાં ડેવેલપર પ્રસરી શકે છે અને તેમાં બીજા પૂરક પદાર્થોનું પ્રમાણ કેટલું છે તે પર રહે છે. છતાં એટલું કહી શકાય કે વધુ 'કાર્યશક્તિ' ધરાવતું ડેવેલપિંગ એજન્ટ, અમુક પ્રમાણમાં ઓછું ઉષ્ણતામાન હોય, કે વધુ બ્રોમાઈડ હોય વગેરે પ્રતિકૂળ સંજોગોમાં પણ એકસરખું કામ દે છે.

ડેવેલપરનું આલ્કલીપણું

ડેવેલપરની છબિ વિકસાવવાની ઝડપ તેમાં રહેલા આલ્કલીના પ્રકાર અને પ્રમાણ પર આધાર રાખે છે. ઍમીડૉલ સિવાયનાં લગભગ બધાં જ ડેવેલપિંગ એજન્ટ આલ્કલીની સહાય વિના પોતાની શક્તિનો પરિચય કરાવી શકતાં નથી. ક્વિનૉલ એકલું વાપરવું હોય તો તેની સાથે કૉસ્ટિક આલ્કલી, જ્યારે બીજા ડેવેલપિંગ એજન્ટ સાથે નરમ આલ્કલી (સોડા કાર્બ, બોરેક્સ, કોડાલ્ક વગેરે) વપરાય છે. આલ્કલી વધારે ઉમેરવાથી ફિલ્મ ઝડપથી ધોવાઇ જાય છે અને ફૉગ પણ ઉત્પન્ન થાય છે, જ્યારે ઓછું આલ્કલી ઝડપ ઘટાડે છે.

ડેવેલપરનું નિષ્ક્રિય થવું

ડેવેલપર જેમજેમ વપરાતું જાય છે તેમતેમ તે નિષ્ક્રિય થતું જાય છે. આના કારણમાં. સિલ્વર બ્રોમાઇડને રિડયૂસ કરી ડેવેલપિંગ એજન્ટ ઓક્સિડાઇઝ થઈ ફરી ધોવા માટે અયોગ્ય બને છે તે, તથા આ ક્રિયા દરમિયાન વધારાનું સોડિયમ બ્રોમાઈડ છૂટું પડે છે તે ગણી શકાય. વળી તે વાપર્યા વિના લાંબો સમય પડી રહે તો યે નિષ્ક્રિય થઈ જાય છે.

વપરાએલા દ્રાવણને ફરીફરી વાપરવું સલાહ ભરેલું નથી, કારણ કે તેમાં ઉમેરેલા પદાર્થો ઉપયોગ થતો જાય તેમ વપરાઇ બદલાઇ જાય છે. તેમાં ધોવામાં આવતી વસ્તુની કિંમતના પ્રમાણમાં દ્રાવણની કિંમત જૂજ હોય છે, તેથી એકબે વાર વપરાએલા દ્રાવણને ફેંકી દેવું સારું છે. તેમ છતાં તે બરાબર કામ આપે તેવું હોય તો ધોવાનો સમય થોડો લંબાવી સપ્રમાણ છબિ મેળવી શકાય છે. જ્યાં મોટા પાયા પર ફિલ્મ ધોવાની ક્રિયા ચાલતી હોય (સીને લૅબૉરેટરીઓ વગેરે) ત્યાં દ્રાવણનાં મોટાં ટાંકાં (tanks) વપરાય છે. તેમને આ પ્રમાણે દ્રાવણ ફેંકી દેવું પોસાય નહિ અને તે વારંવાર કાઢી નાખી નવું ભરવું અગવડભર્યું પણ પડે, તેથી તેને અમુક સમયને અંતરે રાસાયણિકરીતે તપાસી તેમાં આવેલી ન્યૂનતા દૂર કરવા ગણતરી પ્રમાણે તાજું, વધારે સંપૃક્ત (concentrated) ડેવેલપર ઉમેરવામાં આવે છે. આ રીતે લાંબા સમય સુધી ઘણી ફિલ્મોને વારંવાર એક જ ડેવેલપરમાં ધોઈ શકાય છે.

અમુક માપનું દ્રાવણ કેટલા ચોરસ ઇંચ ક્ષેત્રફળની છબિઓ ધોઈ શકશે તે ઉત્પાદકોએ બહાર પાડેલા આંકડા પરથી જાણી ડેવેલપરને ક્યાં સુધી સંતોષકારકરીતે વાપરી શકાય તે નક્કી થઈ શકે છે. (ચાલુ)

આ અંકનું મુખચિત્ર : રાધાનું સાયંસ્નાન

સૂર્યાસ્ત પછીની ધૂંધળી સંધ્યાનો સમય છે, અને દિવસની ગરમી ગળી જઇને પડતી રાતની નિરાંતભરી ટાઢક છવાઈ છે. ઝાડની ટોચે બીજરેખા ઊગી નીકળી છે, મયૂરાદિ પંખી વૃક્ષઘટાઓમાં લપાવા માંડ્યાં છે, આકાશમાં કુંજડીઓ વિદાય લેવા માંડી છે. રૂપગોરી રાધા સ્નાનથી પરવારીને વસ્ત્ર પહેરવાની તૈયારી કરે છે ત્યાં તેની નજર, નદીએ સ્નાન કરીને ઘેર આવતા કૃષ્ણ પર પડે છે. ગળામાં આભૂષણો અને ફૂલમાળથી મંડિત એ પ્રિયતમના દર્શનથી, તેના હાથમાંના પુષ્પની સુવાસ પેઠે, આખું વાતાવરણ જાણે આગામી પ્રેમની મધુરતાથી મઘમઘી ઊઠતું લાગે છે.

રાજસ્થાનની રસોર્મિભરી ચિત્રકળાનો આ એક સમર્થ નમૂનો છે. વૈષ્ણવ સંપ્રદાયની પ્રેમલક્ષણા ભક્તિએ શ્રીકૃષ્ણને સમસ્ત ઉત્તર ભારતના જનસમુદાયના—રાય ને રંક સૌના એકસરખા પ્રેમ ને પૂજાના જેભાજન બનાવ્યા, તેણે રાજપૂત કલાને પેઢી દર પેઢી પ્રેરણા આપ્યા કરી છે: અને કવિ જયદેવના 'ગીતગોવિંદ' જેવાં રસમસ્ત કાવ્યો પછી તો એને ચિત્રપ્રસંગોનો અખૂટ ભંડાર સાંપડ્યો છે. આત્માની ઈશ્વર માટેની ઝંખનાના પ્રતીકરૂપ રાધા-કૃષ્ણનો પ્રણય આલેખતાં સંખ્યાતીત ચિત્રરત્નો રાજપૂત ને પહાડી કલાએ આપ્યાં છે.

બુંદી(રાજસ્થાન)ના કોઈ કલાકારે ૧૮મી-૧૯મી સદીના સંધિકાળે આલેખેલા આ ચિત્રમાં, ભૂરા જાંબલી ને ગાઢા લીલા રંગના સૂક્ષ્મ આયોજન વડે, સંધ્યાના ધૂસર પ્રકાશ અને પડતી રાતની ઠંડકનું અદ્ભુત વાતાવરણ જમાવ્યું છે. અને બે પ્રણયીઓની આંખોમાં પ્રણયોત્સુકતાનું તાણ વ્યક્ત કરતું એનું ચિત્રસંયોજન પણ ચાતુરીભર્યું છે. ડાબી બાજુએ રાધાના દેહ અને કેળ-આંબાના વૃક્ષથી તથા જમણી બાજુએ કૃષ્ણની આકૃતિ, પગથિયાં તથા દીવાલથી જે ત્રિકોણ બને છે, તેને મથાળે, અગાશીમાં, એ બેના મિલનસ્થાનની સૂચક બિછાવેલી શય્યા મૂકીને, ઉત્સુકતાની એ તંગ લાગણીને ટોચે ચડાવી છે. એ ત્રિકોણમાં એ બે જ જાણે એકલાં ગોઠવાઈ રહ્યાં છે, અને બહારની બીજી બધી દુનિયા (રાધાને સ્નાન કરાવી ખાલી ઘડા સાથે પાછી વળતી દાસી સુદ્ધાં) અલગ પડી ગઈ છે. પાછલા કાળની રાજપૂત કળાની પેઠે આ ચિત્રમાં પણ ઝાડ, ફૂલ, મકાન, વસ્ત્રાલંકાર વગેરેનું બારીક કાળજીપૂર્વક આલેખન છે, અને ચિત્રના ભાવ તથા ઊર્મિને અનુષંગી ન હોય એવી એક પણ વસ્તુ એમાં નથી. દાખલા તરીકે, યુગલભાવ દાખવતા જોડાજોડ પડેલા પેલા બે ઘડાનો, કે એકબીજામાં એકાકાર થઈ રહેલાં, પૌરુષમય જેવા ગાઢા આ બે આંબાના વૃક્ષ તથા કુમળી કેળ વચ્ચેની પ્રણયલીલાનો સંકેત જુઓ.

આની ચિત્રણામાં ઉઠાવદાર લોકભોગ્ય રાજસ્થાની શૈલીની સાથે મુઘલ કલમની બારીકીનું સુભગ મિશ્રણ છે. રાધાના મુલાયમ ગોરા દેહ તથા તેને ઉઠાવ આપતા તેના કુમાશદાર ઢળતા વાળના આલેખનમાં મુઘલકલમની સૂક્ષ્મ ચાતુરી છે (સરખાવો ૩૬૧મા અંકમાં આવેલું નૂરજહાંનું મુખચિત્ર) જ્યારે કૃષ્ણની દેહદષ્ટિમાં સપાટ રંગોનું ભરાવદાર આલેખન લોકભોગ્ય રાજપૂત શૈલીની પરંપરા દાખવે છે

(રૂડી ફૅાન લાઇડનના અંગ્રેજીને આધારે)

બોડીબામણીનું ખેતર (પૃ.૩૯૯થી) બધા છુટકારાનો શ્વાસ લે છે.)

અમૃત: બેસોને, બેસોને. અશોક હમણાં આવ્યો જ સમજો. રસ્તામાંથી થોડો સામાન લેવા શિવાજી પાર્ક ફંટાઇને આવે છે.

અતિસુખ: અશોકભાઈ આવે છે એની ખબર આપણા વ્રજલાલભાઈ દેસાઈ સાહેબને ગઈ કાલે પડી.

નરસિંહ: એ કોણ?

અમૃત: ન ઓળખ્યા? પહેલાં જિલ્લા કૉંગ્રેસ સમિતિના મંત્રી હતા.

અતિસુખ: અને હવે તો પાર્લામેન્ટરી સેક્રેટરી ટુ ધી એડ્યુકેશન મિનિસ્ટર—

નરસિંહ: તે શું?

અતિસુખ: ખૂબ કાબેલ માણસ, અરે હવે હાથવેંતમાં પ્રધાન થયા જાણો. પાર્લામેન્ટરી સેક્રેટરી થયા પછી હપલે પગથિયે પહોંચતાં કેટલી વાર?

અમૃત: અરે હા રે, એમના જેટલા ત્યાગી, સેવાભાવી અને લાયક લોકસેવક તો શોધ્યા પણ ન જડે.

નરસિંહ: તે અતિસુખશંકરભાઈ, અમારા અશોકને દેસાઇ સાહેબ ક્યાંથી ઓળખે?

અતિસુખ: કેળવણી ખાતામાં ખરાને? એટલે પરદેશમાં કોણ ક્યાં શું ભણે છે એની ખબર એમને મળી રહેતાં શી વાર?

નરસિંહ: ઓ—હો... એમ કે?

અતિસુખ: અને વાતમાંથી વાત નીકળતાં મેં તો કહ્યું કે હું તો અશોકભાઈ, અમૃતલાલભાઈ તથા નરસિંહદાસભાઈ ત્રણે પેઢીને બરાબર ઓળખું. પછી તો ઘણી બધી વાતો થઈ. આજે સવારે જ એમનો ફોન આવ્યો કૉંગ્રેસ હાઉસમાં, ને એમણે તાબડતોબ મને અહીં પહોંચી જવા કહ્યું.

અમૃત: કેમ કંઈ એકદમ?

અતિસુખ: અશોકભાઈ આવે છે ને? એટલે.

નરસિંહ: તે એમના કેળવણીખાતામાં અશોકને ગોઠવવો હશે.

અતિસુખ: અરે એમ પણ થઈ શકે. એમાં તે કેટલી વાર?

વીણા: ભાઈ આટઆટલું ભણીને આવે તે શું મુંબઈ રાજ્યના કેળવણીખાતામાં નોકરી કરવા? એના જેવી હોશિયારી તો—

અતિસુખ: અરે પછી તો બેન, કોઇ ફોરેન ઍમ્બૅસીમાં ગોઠવી દેશે. વ્રજલાલભાઈ એટલે તમે શું માનો છો?

દીના: તો તો સરસ. પછી તો હું પણ ભાઇ સાથે દેશ-પરદેશ ફરીશ.

નરસિંહ: તો પછી અમૃતલાલ નરસિંહદાસની પેઢી કોણ ચલાવશે?

અતિસુખ: એ સામે પણ વ્રજલાલભાઇને વાંધો નથી. દેશના યુવાનો પરદેશથી કેળવણી લઇને આવે એટલે એમણે નોકરી જ કરવી જોઈએ એવું થોડું છે?.... હં .... એ તો પોતે નલિનીબેનને લઇને આવવાના હતા.

અમૃત૦ નરસિંહ૦: નલિનીબેન?

વીણા: એ કોણ?

અતિસુખ: વ્રજભાઈ સાહેબનાં દીકરી! બી. એ.માં પહેલી ટ્રાયલે પાસ થયાં છે; એમ. એ.નું કરે છે. '૪૨ની લડતમાં જેલમાં પણ ગએલાં. પિતાની આવી પોઝીશન છતાં કેટલાં સાદાં ને નિખાલસ! અશોકભાઈ સાથે—

વીણા: તમે નલિની દેસાઈની વાત કરો છો? એ તો અમારી કૉલેજમાં છે. સાવ જાણે સાધુડી મીરાંબાઈ જોઈ લો.

અમૃત: વીણા!

વીણા: પણ બાપાજી, અશોકભાઈ દેશપરદેશ ફરીને આવે છે, એમની સાથે શોભે એવી અપટુડેટ—

અતિસુખ: જુઓ બેન, તમારી વાત હું કાંઈ સમજતો નથી? ફોરેન-રિટર્ન્ડ જમાઇનો આગ્રહ વ્રજભાઈ રાખે છે તે શું સમજતા નથી?

અમૃત: પણ જુઓને, અતિસુખશંકરભાઈ, આ બાબતમાં હું તો દેવજીભાઈ શેઠને વચન આપી ચૂક્યો છું.

વીણા: બાપાજી, એ નહિ ચાલે. સુષમા જેવી સુંદર અપટુડેટ— (બચ્છવલાલ, મણિબેન બધાં જ બોલવા જાય છે તેમને અટકાવીને)

અતિસુખ: તમે સૌ આ પલટાતો યુગ સમજી શક્યાં નથી. હવે પૈસા ને રૂપ કરતાં રાજકીય પ્રતિષ્ઠા, મોભો, લાગવગ, એ બધી મહત્વની વસ્તુઓ છે.

નરસિંહ: અરે, પણ મને કોઈ સાંભળશો કે નહિ?

દીના: દાદાજી, જુઓ તો, આ બધાંને થયું છે શું? ભાઈની ઇચ્છા-અનિચ્છાની તો કોઇને પડી નથી. મને તો લાગે છે કે જેવા ભાઈ અહીં આવશે ને આવી ધમાલ જોશે, તે પાછા ઝાંપા બહાર ભાગી જશે!

અમૃત: એ ત્રણ વરસ પરદેશ રહ્યો. એને અહીંની વસ્તુસ્થિતિની શી ખબર પડે?

નરસિંહ: આંગળી ચીંધવાનો તમારો હક્ક તો હું સમજું છું. પણ આ તો જાણે બોડી બામણીનું ખેતર ન હોય તેમ તમે સૌ પોતપોતાનું ખેડયે જાવ છો! હજી તો બિચારો આજે પરદેશથી ઘેર આવે છે આટલે વરસે. ઘરમાં થોડા દિવસ ઠરીને ઠામ તો થવા દો. પછી એનું વલણ જાણીને આ બધી વાતો મૂકજોને એની પાસે. આજ ને આજ આ શી લૂંટ માંડી છે!

દીના: આ તો રેઈસ ચાલી છે, દાદાજી.

અમૃત: ત્રણ ત્રણ વરસ સુધી એના ભણતર પાછળ મેં પૈસા ખરચ્યા છે. મારી ઇચ્છા પણ એણે જોવાનીને?

મણિ: નાનપણથી સુખદુ:ખ વેઠી મોટો મેં કર્યો છે. ઘરમાં વહુ તો હું કહું તે જ ઘરની આવશે.

ચંચળ: બરાબર છે મણિબેન, જરા યે નમતું ન જોખશો!

અતિસુખ: પણ અમૃતલાલ શેઠ, ભવિષ્યના પ્રધાનના જમાઇ હોવું તે ઓછી મગરૂબીની વાત નથી, હોં. સામેથી આવી ઑફર આવે છે ને આનાકાની કરો છો, પણ—

વીણા: હું પણ જોઉં છું, ભાઇ સુષમા માટે કેવી ના પાડે છે! અરે એક વાર એને જોશે ત્યાં પાણી પાણી... પણ હજુ સુધી એ આવી કેમ નહિ? (એટલામાં બહાર મોટરનું પરિચિત હૉર્ન સંભળાય છે. એટલે બધાં એકીસાથે ચમકીને સ્થિર થઇ જાય છે.)

અમૃત: અરે જો તો ધોંડુ, ભાઈ આવ્યા! સામાન બંગલામાં લાવ!

[પણ ત્યાં તો બે હાથમાં બે સૂટકેસ ઊંચકીને ૨૬-૨૭ વર્ષનો ઊંચો, સશક્ત, દેખાવડો અશોક પ્રવેશે છે. બધાં જ એની સામે જાય છે. માત્ર નરસિંહદાસ એ દિશામાં ડોકું ફેરવીને હર્ષઘેલી આંખે પૌત્રને આવતો નીરખી રહે છે. ત્યાં દોડતો ધોંડુ સામાન ઉપાડી લેવા આગળ આવે છે.]

અશોક: ધોંડુ, કસા આહે? સામાન કાંઈ નાહી. તુ માઝી બૅગ બંગલ્યાત ઘેઉન જા.

ધોંડુ: બરા! અશોકભાઇ? (ધોંડુ સામાન લઇને ઘરમાં જાય છે.)

દીના: ભાઈએ મરાઠી અમેરિકા બેઠા સુધાર્યું હોં દાદાજી, પહેલાં તો-

અશોક: અરે દાદાજી ક્યાં?... ઓહો અહીં જ બેઠા છોને! (નીચો નમીને પ્રણામ કરે છે. નરસિંહદાસ વાત્સલ્યથી માથે હાથ ફેરવે છે.) તબિયત સારી છેને દાદાજી?

નરસિંહ: હા, અત્યાર સુધી તો સારી જ હતી ભાઈ; પણ આ

છેલ્લા અરધા કલાકથી બગડી ગઇ છે.

અશોક: ખરેખર! એવું તે શું થયું?

નરસિંહ: આ તું ત્રણ વરસ અમેરિકા રહી આવ્યો તેની મોંકાણ! જો તો, કેટલા ચહેરા આહીં ભેગા થયા છે! આ બધામાંથી તું છૂટે તો સારું.

દીના: તમે તો ફાવ્યા, ભાઇ! હજી તો હમણાં તમારું પ્લેન ઊતર્યું ને તમારા માટે ત્રીસ માગાં તૈયાર છે! ... એ કરતાં તો, મેં લખ્યું હતું તે પ્રમાણે, આ ધાંધલમાંથી બચવા ત્યાંથી જ કોઈ અમેરિકન ફાંકડી છોકરીની સાથે પતાવીને જ —

અમૃત: બેસબેસ, ચબાવલી!

મણિ: મારું ઘર અભડાવવું હશે, કેમ?

અશોક: અરે દીના, મૂક એ બધી વાતો. જરા આમ આવ તો. તારે માટે એક સરસ ચીજ લાવ્યો છું. જરા વજનદાર છે. મોટરમાંથી મને ઉચકાવવા લાગ તો!

અમૃત: અરે પણ ઘોડુને કહેને!

અશોક: ના, ના; એમાં ઘોડુનું કાંઈ કામ નથી: દીના બસ છે.

વીણા: તે અમે કાંઇ ખોટાં છીએ, અશોક?

અશોક: તારો પણ એમાં ભાગ, બસ! લઈ આવવા તો દે.

દીના: ના. એ નહિ ચાલે ભાઇ, એમાં હું કોઇને ભાગબાગ નહિ આપું.

નરસિંહ: અરે પણ અશોક, મારે માટે પેલી અસલી અમેરિકન તમાકુ મંગાવી'તી તે લાવ્યો છે કે?

અશોક: હા, દાદાજી.

દીના: ચાલોને ભાઈ! (બન્ને જાય છે.)

રેવા: (શીલાને બાજુએ બોલાવી, ધીમે અવાજે) જો શીલા, પેલા કોટપાટલૂન પહેરીને હમણાં આવ્યા તે અશોકભાઈ. તેમને જઇને પ્રણામ કરજે, ને પૂછજે કેમ છો? હોં. કહેજે, કે મારું નામ શીલા.

ચંચળ: (બીજી બાજુ મધુરીને ખેંચી જઇ) જાવ મધુરીબેન, તમે પણ જાવને દીનાબેનની સાથે. અશોકભાઈની કોઈ ચીજ-વસ્તુ, ટિફિન-બિફિન હોય તે લઇ આવો તો.

મણિ: પણ શું કામ ચંચળબેન?

ચંચળ: અરે એ તો એમ જ પલોટાય. આ ઘર કંઈ પારકું છે? જાવ તો મધુરીબેન!

રેવા: તું પણ જા, શીલા!

શીલા: ના બા, મને તો શરમ આવે.

રેવા: શરમાય તે કરમાય. જા, કહું છું. (મધુરી અને શીલા જવું ન જવું વિચારતાં ઊભાં રહે છે.)

ઓચ્છવ: અરે રામ... (નિસાસો મૂકે છે.)

નરસિંહ: નિસાસો કાં નાખો, ઓચ્છવ મામા? મુંબઇમાં દરરોજ દહાડામાં ત્રણત્રણ વખત વિલાયતથી વિમાનમાં મુરતિયા ઊતરે છે. અશોક નહિ તો બીજો કોઇ.

ઓચ્છવ: ના રે ના, હું હજી એમ હાથ ધોઇને બેસી ગયો નથી.

[ત્યાં દીના દોડતીદોડતી ખાલી હાથે પ્રવેશે છે.]

દીના: (ખૂબ આનંદોલ્લાસથી) ભાભી આવ્યાં! ભાભી આવ્યાં!

મણિ: હેં!

અમૃત: શું?!

વીણા: શું બકે છે?

નરસિંહ: (પહેલી જ વાર ખુરશીમાંથી ઊભા થઇને આશ્ચર્યથી) સાચ્ચે જ! ક્યાં? જોઉં તો...

[ત્યાં હાવકે ધીરે પગલે એકબીજા સામું સ્મિત વેરતાં અશોક ને એક યુવતી પ્રવેશે છે. ઝીણી લાલ કિનારની સફેદ રેશમી સાદી સાડી, લાલ મોળિયાંવાળું આછું લીલું ખુલ્લા ગળાનું બ્લાઉઝ, લાંબી સેર ઉપર એક માત્ર લાલ ગુલાબના ફૂલનું આભૂષણ, ને ઊજળા કપાળમાં નહિ નાનો નહિ મોટો એવો લાલ ચાંલ્લો, એવી સુરેખરીતે કંડારેલી મેધામૂર્તિ સમી એ યુવતીને જોઇને બધાં જ ઠરી જાય છે. માત્ર દીના અને નરસિંહદાસના આંખોમાંથી આનંદ છલકાઈ રહે છે.]

અશોક: (યુવતીને નરસિંહદાસ પાસે દોરી લાવીને) માલતી, આ— હે માઝા દાદાજી-આજોબા. સગળાચા આધિ તેનચા આશિર્વાદ ઘ્યાયચા! દાદાજી, આ માલતી... માલતી ગુપ્તે, તમારી પૌત્રવધૂ. (માલતી નમીને પ્રણામ કરે છે.)

નરસિંહ: (મમતાથી માથે હાથ મૂકતાં) જીવતી રે', દીકરી! સૌભાગ્યવતી થા.

ઓચ્છવ: પણ—

અશોક: (જરા પણ સ્થિરતા ગુમાવ્યા સિવાય સ્વાભાવિકપણે) સ્ટેટ્સમાં અમે સાથે હતાં. એના પિતાજી તે ડૉક્ટર મહાદેવ હરિ ગુપ્તે.

અતિસુખ૦: ડૉ. ગુપ્તે? શિવાજી પાર્કવાળા ડૉ. ગુપ્તેનાં પુત્રી? પણ એ તો કટ્ટર—

નરસિંહ: તે હું યે ક્યારે વળી તમારા પક્ષમાં હતો. આવ, માલતી.

મણિ: મારા ઘરમાં—!

નરસિંહ: આવ માલતી, ઘર તો મારું છે. ચાલો મણિવહુ, દીકરો પરણીને આવ્યો, પોંખવો નથી?

દીના: બા ઝટ કર. એમ માલતીભાભી સામે જોયા શું કરે છે? હવે તો રોજ જોયા જ કરજેને. હૈયું ઠર્યું ને?

નરસિંહ: એ તો એનું મોં જ કહી આપે છે ને. લો, હવે ઉતાવળ કરો. (સસરાની વાત મનગમતી બની ગઈ હોય તેમ સ્મિત કરતાં મણિબેન ઘરમાં જાય છે. ચંચળબેન ને રેવારોઠાણી એકબીજાની સામે સહાનુભૂતિથી જોઈ રહે છે.)

માલતી: (અશોકને ધીરે અવાજે) હે, વીણા આહે?

અશોક: હો...! (વીણાને) કેમ વીણા તું શાંત થઈ ગઈ છું? તારે ભાગ નથી પડાવવો?

વીણા: (કાંઈ સમજ ન પડતાં) હેં!

અશોક: માલતી સાથે વાત પણ નહિ કરે?

દીના: એણે તો, છે ને, અશોકભાઈ—

વીણા: ચૂપ દીના, (દીનાનું મોં ઢાંકી દે છે.) (અશોકને) પણ મને મરાઠી—

માલતી: અશોક, તુલા મી સાંગીતલા નાહિ કી મી આતા આપલ્યા ઘરી ગુજરાતી મધે બોલણાર?

અશોક: તે બોલને, હું ક્યાં રોકું છું? (વીણા અને દીનાને માલતી પોતાની પાસે ખેંચી લે છે.)

માલતી: વીણા, આતા મલા ગુજરાતી યેતે. હવે મલા-મને ગુજરાતી આવડે ચ્છે.

નરસિંહ: જસા મને મરાઠી એતેને. (માલતી, અશોક, વીણા, દીના હસી પડે છે અને અમૃતલાલ મલકી ઊઠે છે. પહેલાંની દિઙ્મૂઢતા હવે હઠી ગઈ છે અને સહુ મૂક સંમતિથી બધું નિહાળ્યા કરે છે.)

ચંચળ: ચાલો રેવાબેન, આ તો બધું વંઠેલ ખાતું દેખું! ચાલ, મધુ.

રેવા: હાય રામ, પહેલેથી આવી ખબર હોત તો? ચાલ શીલા, ત્યાં શું જોયા કરે છે? (ઓચ્છવલાલ ક્યારના એકાદ ખુરશી ઉપર ફસડાઈ પડ્યા છે. અતિસુખશંકર વારંવાર પરસેવો લૂછ્યા કરે છે ને કંઈ સૂઝતું નથી એટલે એ પણ જવાની તૈયારી કરે છે, ત્યાં—) (અનુ. પૃ. ૪૬૧મે)

ધોળકાનું ગત ગૌરવ

લે.
માણેકલાલ જોષી
ફોટો · જગન મહેતા



ધોળકાનું પ્રાચીનતમ મકાન : ઈ. ૧૩૩૩માં બંધાએલી બિલાલ કે હિલાલખાન કાઝીની મસ્જિદ એનું સ્થાપત્ય હિંદુ શૈલીનું છે. પહેલાં વસ્તુપાળ-તેજપાળની હવેલી અહીં હોવાનું મનાય છે

મુંબાઇ રાજ્યમાં, ગુજરાત પ્રદેશના અમદાવાદ જિલ્લાના, ધોળકા તાલુકાનું મુખ્ય મથક ધોળકા, એ અમદાવાદથી દક્ષિણ-પૂર્વમાં ૨૩ માઇલે અને ઉત્તરે ૨૨° ૪૪ અક્ષાંશ તથા પૂર્વમાં ૭૨° ૧૮ રેખાંશ પર આવેલું એક પ્રાચીન નગર છે.

આ શહેરની સ્થાપના ક્યારે થઈ તે વિષે ચોક્કસ નિર્ણય હજી થયો નથી. 'બૉમ્બે ગેઝેટીઅર'ના લખાણમુજબ 'કથાસરિત્સાગર'માં 'ધવલ' નામના એક શહેરનો ઉલ્લેખ આવે છે. એક માન્યતા એવી છે કે 'મહાભારત'માંનું 'વિરાટ નગર' એ અર્વાચીન ધોળકા છે, પરંતુ ઇતિહાસકારોના સંશોધન પછી એ માન્યતા હવે લગભગ ખોટી ઠરે છે.

છેલ્લી શોધ મુજબ વાઘેલા વીરધવળના દાદા અર્ણોરાજના પિતા (વીર) ધવલે આ 'ધોળકા'—મૂળ 'ધવલક' અથવા તો 'ધવલગૃહ'—ની સ્થાપના કરી હતી. જોકે આ પણ હજી ચોક્કસ સમય તો ન જ કહી શકાય, કારણ કે ધોળકામાં આજે જે અનેક પ્રાચીન ઇમારતો અસ્તિત્વ ધરાવે છે તેમાં સોલંકી જયસિંહ સિદ્ધરાજની માતા મીણલદેવીએ બંધાવેલું 'મલાવ' તળાવ હજી પણ મોજૂદ છે. ગુજરાતમાંથી સૌરાષ્ટ્રમાં જવાના બે મુખ્ય માર્ગો પર આવેલાં બે મુખ્ય શહેરો ધોળકા તથા વીરમગામ તેણે તળાવો બાંધવા માટે પસંદ કર્યાં હતાં. એ 'મલાવ' તથા 'મુનસર' બંને તળાવો આજે મોજૂદ છે. આ ઉપરાંત વીરમગામ કરતાં ધોળકાનું મહત્ત્વ એક રીતે જોતાં વધારે હતું, કારણકે ગુજરાતનાં તે સમયનાં બે ધીકતાં બંદરો ખંભાત તથા ઘોઘાના માર્ગ અહીંથી જ જુદા પડતા હતા. અણહિલપુરથી ખંભાત જવાનો માર્ગ તથા અણહિલપુરથી સોમનાથ પાટણ જવાનો માર્ગ બંને અહીંથી જ નીકળતા.

'કથાસરિત્સાગર'માં 'ધવલ' નામના શહેરનો જે ઉલ્લેખ આવે છે તે જોતાં સ્વ. કવિ નાનાલાલે કહેલી એક વાતને ટેકો મળે છે કે, ગુરુને ત્યાં અભ્યાસ કરી રહ્યા બાદ દ્વારિકાના શ્રીકૃષ્ણ તથા સુદામા એ પરમ મિત્રો આ ધોળકાના માર્ગે જ પોતાને વતન પાછા ફર્યા હશે. વળી પ્રાગ્‌ઐતિહાસિક કાળને લગતી જે શોધ થઈ છે, તે જોતાં પણ એમ માનવાને કારણ મળે છે કે, આ વિભાગ લગભગ દરિયાકાંઠા નજીક આવેલો હશે. એના પુરાવા રૂપે આજે પણ ધોળકા તાલુકાનો દક્ષિણ વિભાગ—ભાલ પ્રદેશ—એ સપાટ તથા નીચાણમાં આવેલો ખારોપાટ છે અને તે વિભાગમાં વહેતી 'ઓમકાર' નામની એક નદી ચોમાસાનું વહેણ બંધ થતાં બાકીનો સમય ખારા પાણીથી ભરેલી રહે છે.




પ્રોફેસર અળતેકર 'ગુજરાત અને કાઠિયાવાડનાં પ્રાચીન શહેરો' એ મથાળા હેઠળ 'ઇંડિયન ઍન્ટીક્વેરી'ના જૂન ૧૯૨૫ના અંકમાં ધોળકા વિષે લખતાં જણાવે છે : 'અર્વાચીન ધોળકા—ધવલક—ની નજીકમાં આવેલાં 'ખેટક' (ખેડા), 'કાસરૂબા' (કાસીંદ્રા) અને 'કર્પટ-વાણિજ્ય' (કપડવંજ) જેવાં શહેરોનો ઉલ્લેખ વલભી શિલાલેખોમાં થતો વારંવાર જોવામાં આવે છે, છતાં ધોળકાનો એટલા પ્રમાણમાં ક્યાંય ઉલ્લેખ થતો જોવામાં આવતો નથી. પાછળથી એ જેમ તાલુકાનું મુખ્ય શહેર બન્યું, તેમ જો તે વખતમાં તે પ્રાધાન્ય ભોગવતું શહેર હોત, તો જરૂર એનો ક્યાંક પણ ઉલ્લેખ થયો હોત.'



ઈ. ૧૩૬૧માં બંધાએલી 'ટાંકા મસ્જિદ'નો અંતરાળ દાખવતા આ ચિત્રમાં પણ થાંભલા શુદ્ધ હિંદુ સ્થાપત્ય-પરંપરાના છે.

શ્રી ભોગીલાલ સાંડેસરાએ એક પ્રાચીન હસ્તલિખિત પ્રતનાં પાનાંની કરેલી નોંધમાં ધોળકાની સ્થાપનાની સાલ સંવત ૯૨૫ની આપેલી છે. પ્રસિદ્ધ ઇતિહાસકાર કર્નલ ટૉડ તેના 'રાજસ્થાન'ના ઇતિહાસમાં ધોળકાની ઉત્પત્તિ વિષે લખતાં જણાવે છે કે વલભીપુરની સ્થાપના કરનાર વંશના એક વિજયસેન નામના રાજપુત્રે જ્યાં હાલનું ધોળકા આવેલું છે ત્યાં એક શહેરની સ્થાપના કરી હતી. આ કથનને



ધોળકાનો જૂનામાં જૂનો જીવંત અવશેષ તે સિદ્ધરાજની માતા મીનળદેવીએ બંધાવેલું મલાવ તળાવ. ઉપલા ચિત્રમાં તળાવની મધ્યમાં આવેલી બેઠક પર જવા માટે બાંધેલો, તે કાળનો, બંને બાજુએ બેઠકવાળો પૂલ. નીચલા ચિત્રમાં મીનળના ન્યાયની સાક્ષી પૂરતો, તળાવના ગોળાકારમાં આગળ પડતો આવતો ગણિકાના ઘરવાળો ભાગ મથાળે જણાશે.

હજી ઐતિહાસિક ટેકો મળ્યો નથી, પરંતુ એ કથનમાં જો સત્યાંશ હોય તો ઈસુના લગભગ છઠ્ઠા સૈકામાં આ શહેર સ્થપાયાનું માની શકાય.

પ્રારંભકાળમાં તો ધોળકા એક નાનું ગામડું જ હશે. પરંતુ દસમી સદીમાં જ્યારે અણહીલપુર પાટણ પાટનગર થઈને વેપારવાણિજ્યનું મુખ્ય ધામ બન્યું ત્યારે અણહીલપુરથી ખંભાત જવાના માર્ગ પર તથા ગુજરાત અને સૌરાષ્ટ્રના ધોરી માર્ગ પર તે આવેલું હોવાથી તે વિકસીને મોટું શહેર થયું હશે. બારમી અને તેરમી સદીમાં તો એ ગુજરાતનું એક અત્યંત મહત્ત્વનું શહેર બની ગયું હતું, અને પછી આ પ્રદેશના વાઘેલાઓ જ્યારે બળવાન બન્યા ત્યારે તે તેમનું પાટનગર બન્યું.

પરંતુ પાટણમાં સોલંકીઓ નબળા પડયા, તેમજ રાજ્યવહીવટની દૃષ્ટિએ પાટણ વધુ અનુકૂળ હોવાથી વાઘેલાઓના અમાત્ય અને સેનાપતિ વસ્તુપાળ અને તેજપાળ એ બે ભાઈઓની સલાહથી ધોળકાથી વાઘેલાઓની ગાદી ખસેડીને પાટણ લઈ જવામાં આવી. આમ બનતાં સ્વાભાવિક રીતે જ ધોળકાનું મહત્ત્વ ઓછું થઈ ગયું.

પછી મુસલમાન યુગનો પ્રારંભ થયો, ને નજીકમાં જ અમદાવાદ તેમનું પાટનગર થયું. છતાં ધોળકા તેના મુખ્ય રાજ્યમાર્ગ અને લશ્કરી માર્ગ પર આવેલું હોઈ એ યુગમાં પણ અમુક લશ્કર તો ત્યાં રહેતું અને સામાન્ય રીતે નાયબસૂબા જેવો અમલદાર પણ રહેતો.

ઈ. ૧૫૭૨માં ગુજરાત મુઘલોના કબજામાં ગયું તે વેળા અકબર જ્યારે બીજી વાર ગુજરાત સર કરી દિલ્હી પાછો ફરતો હતો ત્યારે તે એક રાત ધોળકામાં રહેલો. પણ મુઝફ્ફર હુસેન મીરઝાં, જે મુઘલો આવતાં દક્ષિણમાં નાસી ગયો હતો તેણે અકબરની પૂંઠ ફરતાં જ બળવો કર્યો અને વડોદરા જીતી લીધું. પણ શાહી લશ્કર આવતાં બળવાખોરો જૂનાગઢ તરફ નાસી છૂટયા. શાહી લશ્કર તેની પાછળ પડયું અને ધોળકા આગળ બન્નેનો ભેટો થયો, જેમાં બળવાખોરો હાર્યા.

મુઘલકાળનો અસ્ત થઈને મરાઠા સત્તા ઉદય પામી અને ૧૭૨૮માં બાજીરાવના સરદાર ચીમનાજી આપાએ ધોળકા લૂંટયું. આ પછી ઈ. ૧૮૦૪માં તે અંગ્રેજોના હાથમાં આવ્યું ત્યાંસુધી તે વારાફરતી મુસલમાનો અને મરાઠાઓ વચ્ચે ફર્યા કરતું રહ્યું. કડીના જાગીરદારે ગાયકવાડ આણંદરાવ સામે બંડ ઉઠાવતાં, ગાયકવાડે તે માટે લીધેલી અંગ્રેજોની મદદના ખરચ પેટે ધોળકા તાલુકો અંગ્રેજોને આપવામાં આવ્યો.

બારમી સદીમાં આવેલા પ્રસિદ્ધ મુસ્લિમ મુસાફર અલ ઈદ્રિસી સરખી સરખામણીમાં ઊભાં રહે એવાં જે ત્રણ મુખ્ય વેપારી મથકો ગણાવે છે તેમાં 'દૂલાકા'(ધોળકા)ને ગણાવી ઉમેરે છે કે ગુજરાતના બંદરી માલનું તે મુખ્ય વિનિમય-મથક હતું. અહીં સુંદર કાપડ વણાતું. દંતકથા મુજબ આ કાપડ વણનારા મૂળ રાધનપુરથી અહીં આવેલા, જેમાંથી કેટલાક અહીં સ્થાયી થયા અને કેટલાક આગળ વધી કાઠિયાવાડમાં ગયા અને કેટલાક ખંભાત જઈ ત્યાં સ્થિર થયા.

રાજા ટોડરમલે ઈ. ૧૫૯૦માં ધોળકાની માપણી કરેલી તે પછી છેક ૧૮૨૩માં અંગ્રેજ સરકારે તેની માપણી કરી. અત્યારના ધોળકા તાલુકાની ઉત્તરે આણંદ મહાલ, પૂર્વમાં ખેડા જિલ્લાના માતર ને ખંભાત તાલુકા, દક્ષિણમાં ધંધુકા અને પશ્ચિમમાં લીંબડી તથા નળ સરોવર આવેલાં છે. પૂર્વમાં સાબરમતી નદી વહે છે. ઈ. ૧૮૭૨માં દર ચોરસ માઇલે વસતિનું પ્રમાણ ૧૬૪ માણસનું હતું અને ક્ષેત્રફળ ૬૬૦ ચોરસ માઇલ હતું. તાલુકાનો પ્રદેશ નૈઋત્યમાં જરા ઢાળ પડતો છે તે લાંબા સમય પૂર્વે દરિયાના ભાંયતળિયાનો પ્રદેશ હોય તેવો ખારાશથી ભરેલો હોઈ પાક માટે ખરાબ છે. અહીં સરેરાશ વાર્ષિક વરસાદ ૨૭ ઇંચ પડે છે.

અંગ્રેજ અમલ શરૂ થયો તે સમયની સ્થિતિ વર્ણવતાં કૅમ્બે

ગેઝેટીઅર જણાવે છે કે ‘લીલાં હરિયાળાં ખેતરો તથા એ માઈલ જેટલી લંબાઈમાં પથરાએલાં ફળાઉ ઝાડ વચ્ચે, પ્રાચીન અવશેષો ધરાવતા માટીના ટેકરા તથા સુંદર મસ્જિદો અને બગીચાઓથી સમૃદ્ધ એવું આ શહેર દોઢ માઇલ લાંબું અને પોણો માઇલ પહોળું છે. તેની ચારે તરફ ચાર માઈલના ઘેરાવામાં ખંડિત અને અવ્યવસ્થિત એવી માટીની દીવાલો આવેલી છે. આ પ્રદેશ ફળદ્રૂપ હતો અને અહીં આંબા, રાયણ, મહુડા વગેરે ફળાઉ તથા શીતળ છાયા પ્રસરાવતાં અનેક ઝાડ હતાં. સાબરમતીના કિનારે ગીચ જંગલો હતાં, જેમાં વાઘ સિંહ વગેરે હિંસક પશુઓ વસતાં.’ મુસલમાન યુગમાં અહીં સૂબો અને લશ્કર રહેતાં. ઇતિહાસકાર ફિરસ્તા પણ ધોળકાને કિલ્લો હતો તેવી નોંધ કરે છે. જોકે આજે એ કિલ્લો કે માટીની દીવાલ કશું જણાતું નથી. કહેવાય છે કે તે વખતે ધોળકા તાલુકામાં લગભગ છસો ગામ હતાં અને તેની ઊપજ સાડા ચાર લાખ રૂપિયાની હતી. બાગાયત ખેતી ઘણા મોટા પ્રમાણમાં થતી હતી. આજે પણ ધોળકાનાં દાડમ, જામફળ, પપૈયા અને સૂંઠ સર્વત્ર વખણાય છે અને ખાસ કરીને દાડમનો તો કલકત્તા સાથે ઘણા મોટા પ્રમાણમાં વેપાર ચાલે છે.

અંગ્રેજોના કબજામાં આવ્યા પછીના પહેલા જ દસકામાં ઈ. ૧૮૧૩માં અહીં સખત દુષ્કાળ પડ્યો અને અહીંના હાથવણાટ, માટીનાં વાસણો, હાથનાં બલોયાં, લોઢા તથા પિત્તળનાં વાસણો, ઓજારો વગેરે સ્થાનિક ગૃહઉદ્યોગો નાશ પામ્યા, જે આજે સવાસો વર્ષ વીતવા છતાં પહેલાંની સ્થિતિએ પહોંચ્યા નથી. અવશેષરૂપ માત્ર થોડીક હાથસાળો ટકી રહી છે અને એક વખત જ્યાંના હાથવણાટનું કાપડ ઈરાનના અખાત પર આવેલાં બંદરો અને અરબસ્તાન સુધી જતું ત્યાં હવે માત્ર મોટે ભાગે દક્ષિણી સ્ત્રીઓને માફક આવે તેવું કાપડ વણાય છે. કહેવાય છે કે ઈ. ૧૯૧૨માં દિલ્હીમાં શાહી દરબાર ભરાયો હતો, ત્યારે ધોળકાના હાથવણાટની એક ખાસ સાડી સામ્રાજ્ઞી મેરી માટે અહીંથી તૈયાર કરીને મોકલવામાં આવી હતી.

૧૯૪૧ની વસતિગણતરી મુજબ ધોળકાની વસતિ ૨૦,૦૧૧ માણસની હતી. ઈ. સ. ૧૮૫૭માં ગુજરાતનાં જે પાંચ શહેરોને પ્રથમ મ્યુનિસિપાલિટીનો હક મળ્યો હતો તેમાં ધોળકા પણ એક હતું.

ધોળકામાં અગાઉ ડંકો-નિશાન ધરાવતા બાવન ‘કસ્બાતીઓ’ હતા. આજે પણ તેમાંના થોડા રહ્યા છે. તેમના વિષે લખતાં કર્નલ વૉકર જણાવે છે: ‘મુઘલ સામ્રાજ્યના અસ્ત પૂર્વે આ ધોળકાના કસ્બાતીઓની સાહસિક પુરુષો તરીકે નામના હતી. તેમનું સંખ્યાબળ ને તેમનો યુદ્ધપ્રિય સ્વભાવ એ બન્નેના પરિણામે તેમની હાક વાગતી અને કાઠી જેવી કોમ પણ ધાડાં લઇને તેમના પ્રદેશ પર ચડી આવતાં ડરતી. મરાઠાઓને તેમણે સારી મદદ કરી હતી. વારંવાર સરકારો બદલાતી હોઇ અહીંનો ઘણોખરો પ્રદેશ વેરાન જેવો બની ગયો હતો અને ખેડૂતોના અભાવે જમીન પડતર રહેતી હતી. ગાયકવાડ કશું જ કરવા અસમર્થ હોવાથી આ કસ્બાતીઓએ ગામડાં ફરી વસાવવાનું માથે લીધું અને શરત કરી કે આવાં ગામડાં તેમને અમુક રકમ લઇ અમુક સમય માટે પટે આપવાં. ત્યારથી કસ્બાતીઓને ગામ પટે આપવાની પદ્ધતિ અખત્યાર થઈ. અંગ્રેજ અમલમાં તે ખાલસા થયાં.’

આ કસ્બાતીઓ ધીરધારનો ધંધો પણ કરતા અને મહેસૂલ વખતે જામીન થતા. તેમની નામના






મથાળે: ઇંટચૂનાની બાંધેલી અલફખાનની (ખાનની) મસ્જિદ. મોટા ઘુમ્મટ બાંધવાનો અખતરો પ્રથમ અહીં સફળ થયા પછી અમદાવાદનો દરિયાખાનનો તથા બીજાપુરનો ગોળગુંબજ જેવા જંગી ઘુમ્મટો બંધાયા હોવાનું કહેવાય છે. નીચે: વિશાળ ખાન તળાવને કિનારે ઊભેલી એ મસ્જિદનો પાછલો ભાગ.

એટલી બધી હતી કે વેપારીઓ તેમનું રક્ષણ માગતા અને મધ્યસ્થ સરકારને પૂછ્યા વિના તેઓ લોકોને કેદમાં પૂરતા યા દેવાદારો પાસેથી પોતાનું લેણું વસૂલ કરતા. (અનુસંધાન પૃ. ૪૧૨મે)

↓ જેનું ચિત્ર લેખને મથાળે આપ્યું છે તે હિલાલખાનની મસ્જિદનો બાજુએથી દેખાવ





સ્વ. ર. વ. દેસાઈ

· પૃથ્વી · સૉનેટ ·

'સ્વ.' શબ્દ અહ ! હાય, શું ય ઉરમાં અજંપો ભરે!
ન કોઈ દિન નીરખ્યા, ન કદી પત્રપ્રાપ્તિ થઈ;
હતા મુજ વિચારમાં લખ સમે તમે, ને હું તો
ન અર્ધ પળ ખ્યાલમાં તમ હઇશ આવ્યો કદી.

છતાં ય થઇને રહ્યા 'સ્વ'; તમ કાવ્યકેલિ સમી
અનૂપ નવલો પઢી હરખતાં થયું કે તમે
ન લેશ મુજથી વિભિન્ન; મુજથી અરે શું કહું?–
અસંખ્ય ગુજરાતીના હૃદયથી તમે ભિન્ન ના.

અને શું કહું રે હવે? મરણ કેરું બિંદુ પડયું
'સ્વ' શબ્દ નજદીક, ને થઈ ગયા પરાયા તમે,
ન એક પળ માટ કિંતુ હરરોજ માટે. અરે !
વિદાય વસમી તણી ખબર કેવી ઓચિંતી આ!

છતાં ય મૂકી જાવ છો સ્મરણચિહ્ન એવાં અહીં,
ઉડાડી ટપકું, રહો સ્વ-જન ગુર્જરીના થઈ.

'સરોદ'




સૌજન્યમૂર્તિ સાહિત્યકાર સ્વ. રમણલાલ વ. દેસાઇ

એમની ષષ્ટિપૂર્તિ નિમિત્તે વડોદરાની પ્રેમાનન્દ સાહિત્ય સભા તરફથી યોજાએલા અભિનંદન સમારંભમાં ઉચ્ચારાએલાં પ્રશસ્તિવચનોના પડઘા હજી તો શમ્યા નથી ત્યાં જ એમના આપણી વચ્ચેથી અદૃશ્ય થવાના સમાચાર મળે છે!

ગુજરાતે શ્રી રમણલાલ પાસેથી ઓછું નથી લીધું, અથવા તો એમણે ગુજરાતને ઓછું નથી આપ્યું. સરસ્વતીના એ આજીવન ઉપાસકનો જન્મ સને ૧૮૯૨માં વડોદરા રાજ્યના શિનોર ગામમાં સંસ્કારી નાગર બ્રાહ્મણ કુટુંબમાં થયો હતો. પિતા વસંતલાલ સુંદરજી 'દેશભક્ત' નામના અઠવાડિક પત્રના તંત્રી અને 'નૂતન વિલાસ' નામના છાપખાનાના વ્યવસ્થાપક હતા. માતા મણિબા ધર્મકર્મમાં ખૂબ આસ્થાવાળાં. આમ શ્રી રમણલાલના જીવનમાં સાંસ્કારિકતાનાં બીજ નાનપણથી જ રોપાયાં હતાં. એમનો ઉછેર ખાસ કરીને મોસાળમાં જ થયો હતો, જ્યાં તેઓ રોજ દાદાને મુખે ભાગવત, રામાયણ તથા મહાભારતમાંની એકાદી વાર્તા તો અચૂક સાંભળતા. એ કાળે કોઇને પણ કલ્પના સરખી યે ક્યાંથી હોય કે વાર્તારસનો આ પ્યાસી એક કાળે સમગ્ર ગુજરાતને વાર્તારસથી તરબોળ કરી દેશે? પ્રાથમિક કેળવણી શિનોરમાં અને માધ્યમિક કેળવણી વડોદરામાં લઇ ઇ. ૧૯૦૮માં મૅટ્રિક્યુલેશનની પરીક્ષા પસાર કરીને તેઓ વડોદરા કૉલેજમાં જોડાયા. ત્યાંથી ૧૯૧૪માં બી. એ. અને ૧૯૧૬માં એમ. એ. થયા. ત્યાર બાદ માસિક રૂા. ૬૦ના પગારે વડોદરા રાજ્યમાં શિક્ષકની નોકરી શરૂ કરીને પાછળથી મુલકી ખાતામાં તેમણે માંગરોળ, મહુવા, વિજાપુર, સિદ્ધપુર, નવસારી વગેરે સ્થળે નોકરી કરી. આગળ જતાં તેઓ પ્રકાશન અધિકારી અને ૧૯૪૨થી નવસારી, અમરેલી, મહેસાણા તથા વડોદરા જિલ્લાના સૂબા તરીકે નિમાયા હતા. ૧૯૪૮માં વડોદરા રાજ્યના મહેસૂલ કમિશ્નરને પદેથી નિવૃત્ત થયા બાદ તેમણે જીવનની અંતિમ ક્ષણ સુધી કેવળ સાહિત્ય-સર્જન અને સંશોધનના કાર્યમાં જ પોતાની તમામ શક્તિ ખરચી.

નવલકથાઓમાં સુધારકવાદી જણાતા શ્રી રમણલાલ સ્વભાવે આસ્તિક અને સાત્ત્વિક

આપણાં પ્રાણીઓ: ૫
ચિત્તો અથવા દીપડો



પોતાની નિ:સીમ ક્રૂરતા અને વ્યાપકતાને લીધે દીપડો બહુ જાણીતો છે.

શરીર એકવડિયું, સુંદર બાંધણીવાળું, સ્નાયુબદ્ધ, લગભગ સાડા સાત ફૂટ લાંબું ને વજન અઢી-ત્રણ મણનું. માથું મોટું, ભારે, કપાળેથી ઢળતું. શરીરના પ્રમાણમાં પગ ટૂંકા, માંસલ, જાડા ને બળવાન. વાળ ટૂંકા, ગાઢ ને સુંવાળા. રંગ આછો ફિક્કો–રતાશ પડતો પીળો. શરીરે ખૂબ પ્રમાણસર કાળાં તલકાં, જેમાંના દરેકની અંદર નાનાં ગોળ ચારપાંચ ટપકાં. ચામડી નરમ ને રેશમ જેવી ઢીલી. કીકી ગોળ, રાતના પણ ભાળી શકે તેવી. જીભ ખરછટ, ને હાડકાં દૃઢ તેમજ શ્વેત. દાંત ઓછા જેમાં થોડા કાતર જેવા—માંસ કાપવા, અને ચાર લાંબી ભયંકર દંષ્ટ્રા—શિકારને મજબૂત રીતે પકડી રાખવા. કઠોરમાં કઠોર માંસના પણ ટુકડા કરી પેટમાં ઉતારી જાય– જે બધું પેટમાં પડતાં જ પચે; ચાવે નહિ. આથી તે જડબું ડાબુંજમણું ફેરવી ન શકે. નખ વાંકા ને તીણા અણીદાર. આંગળાંનાં ટેરવાં ઉપર જ ચાલે. ચાલતી વખતે નખને અંદર ખેંચી લે.

ચિત્તો સમૂહજીવનમાં જીવનાર પ્રાણી નથી. દરેક ચિત્તો પોતાના પરિવાર સાથે સ્વતંત્ર કૌટુમ્બિક જીવન ગાળે છે. એનો દાંપત્યપ્રેમ અને અપત્યપ્રેમ અદ્‌ભુત ગણાય છે. સહનશીલતા પણ એવી જ. ગમે તેવી અસહ્ય પીડાને તે મૂંગે મોંએ સહ્યા કરે છે. જંગલથી માંડી ટેકરા, ઘાસ અને જાળાંઝાંખરાંમાં પડ્યો રહે.

ખોરાક એને કોઈ પણ ચાલે: રોઝ, સાબર, હરણ ને ઘેટાંબકરાંથી લઈ કૂકડાં, કરચલાં કે સાપ સુધી! છતાં પાળતુ જાનવર વધુ મારે. ખૂબ જ ક્રૂર અને સાહસિક, છતાં બીકણ પણ એવો. સામનો થતાં નાસી જાય.

પ્રજનન બારે માસ. દીપડી એકીસાથે બેથી ચાર બચ્ચાંને જન્મ આપે છે. બચ્ચાંનાં શરીર પર પહેલાં તો આછાં અસ્પષ્ટ ટપકાં દેખાય, જે, બચ્ચાં મોટાં થતાં છૂટાં પડવા માંડે.

(શ્રી 'વનેચર'ના લેખમાંથી તારવીને)

બન્ને હતા. એમણે આર્યસંસ્કારોનો ઊંડો અભ્યાસ કર્યો હતો અને તેને પચાવ્યા પણ હતા.

વિદ્યાર્થી અવસ્થામાં પ્રગટ કરેલા હસ્તલિખિત 'વિદ્યાર્થી-ભૂષણ' પરથી તેમની જન્મજાત સાહિત્યપ્રીતની પ્રતીતિ થાય છે. ૧૯૧૭થી માસિકોમાં લેખ લખવાથી આરંભ કરીને ૧૯૨૦ અને '૨૫માં એમનાં નાટકો અનુક્રમે 'સંયુક્તા' અને 'શંકિત હૃદય' બહાર પડ્યાં, જે બંને સફળ ગણાયાં.

નાટક, નવલિકા, કવિતા, નિબંધ, સંશોધન અને આત્મચરિત્ર એમ વિવિધ વાઙ્મય પ્રકારોમાં તેઓ સફળતાથી ઘૂમ્યા હોવા છતાં ગુજરાત તો તેમને શિષ્ટ નવલકથાકાર તરીકે જ ઓળખે છે અને ઓળખશે. 'આદર્શ અને તે માટે જીવનસમર્પણ સુધીની પાત્રોની તૈયારી, સુન્દર ને સંસ્કારી અર્વાચીન ગુજરાતી જીવન, કટુતા, શોક કે વિષાદનો સમૂળગો અભાવ, સરસ અને રસમય વિષયાન્તરો, પશ્ચિમની અસર હેઠળ આવેલી છતાં વિશુદ્ધ રહેલી ગુજરાતની આર્યતા આ સર્વને મનોહર, સંસ્કારી અને સરિતાના જેવી રમતિયાળ શૈલીથી મઢી લેતી એમની નવલકથાઓ'એ તો ગુજરાતને ઘેલું કર્યું છે. રાષ્ટ્રજીવનનાં બળો ઝીલતી અને રાષ્ટ્રની ગતિ સાથે તાલ સાધતી એમની કલમ સમાજના નાનામાં નાના ખૂણાને પણ ભૂલી નથી. 'કોકિલા' અને 'દિવ્યચક્ષુ' જેવી નવલકથાઓ સાહિત્યના ક્ષેત્રમાં સીમાચિહ્નરૂપ બની છે. એમની પ્રથમ નવલકથા 'ઠગ' ૧૯૨૪–૨૫માં લખાએલી. અને એક જ દશકા બાદ સ્વાતંત્ર્ય-લડતનાં આંદોલન ઝીલતી તથા અહિંસાના ગાંધીપ્રેર્યા મન્ત્રને સર્વવ્યાપક બનાવવા મહત્ત્વનો ફાળો આપતી એમની 'દિવ્યચક્ષુ' નવલકથા રા. બ. હરગોવિંદદાસ કાંટાવાળા પારિતોષક જીતી ગઈ હતી. સાહિત્ય અને સંસ્કારિતાની શ્રેષ્ઠ કદરદાનીરૂપ રણજિતરામ સુવર્ણચન્દ્રક પણ એમને નવલકથા-લેખનને માટે એનાયત થયો હતો. વાઙ્મયના અનેક પ્રદેશોને આવરી લેતા સાઠથી પાંસઠ જેટલા ગ્રંથો આપી એમણે ગુજરાતી સાહિત્યને પુષ્ટ કર્યું છે.

શ્રી રમણલાલ જેવા આદર્શ સાહિત્ય-ઉપાસક હતા એવા જ સૌજન્ય અને શાલીનતાની પ્રતિમૂર્તિસમા આદર્શ માનવી તથા આદર્શ કુટુંબી પણ હતા. પોતાને ૩૫મે વર્ષે પત્ની સૌ. કૈલાસબેનને ગુમાવ્યા બાદ પોતાનાં બે સંતાન શ્રી અક્ષયકુમાર અને કુ. સુધાના ઉછેર અને માતપિતાની સેવામાં જ તે જીવનભર રત રહ્યા હતા. એમની રસપ્રબળ સાહિત્યસિસૃક્ષા આપણને હજી યે ઘણુંઘણું આપત. ત્યાં અચાનક ગઈ તા. ૨૦મી સપ્ટેમ્બરના રોજ બપોરે ભોજન પછીની આરામનિદ્રામાં જ હૃદય બંધ થઈને એ અનંત આરામમાં પોઢી ગયા.

દા' ઍન્જેલો

કેટલાંક વર્ષો પહેલાં ઈટલી દેશ પર વિષાદની છાયા છવાઇ ગઇ હતી. વાત એમ હતી કે દેશનો સર્વશ્રેષ્ઠ ગાયક ગિગલી પોતાની વાણી ગુમાવી બેઠો હતો. જે દેશનો પ્રાણ ગાયન-વાદનમાં વસ્યો હોય તે દેશનો સર્વશ્રેષ્ઠ ગાયક હમેશને માટે નિર્વાક્ થઇ જાય તેનાથી વધારે એ દેશને માટે વિષાદની કઇ વાત હોઈ શકે? મોટામાં મોટા ડૉક્ટરો બોલાવવામાં આવ્યા, પણ કોઈ જ ઇલાજ ફાવ્યો નહિ.

આખરે ઈટલીના રહસ્યમય મનુષ્ય દા' ઍન્જેલોને બોલાવવામાં આવ્યો. ગિગલી પણ ઉદાસ હતો. દા' ઍન્જેલો આવ્યો. તેને જોઇને બધા ચૂપ થઇ ગયા. દા' ઍન્જેલો તરત જ ગિગલીના ઓરડામાં ગયો. દરવાજા બંધ કરવામાં આવ્યા. ગિગલીના પ્રશંસકો બહાર આતુર પ્રતીક્ષા કરવા લાગ્યા. અરધો કલાક થઈ ગયો પણ અંદરથી થોડા સિસકારા સિવાય કંઈ પણ સંભળાયું નહિ. બહાર લોકોનાં મોં પર નિરાશાનાં વાદળ ઝઝૂમતાં દેખાતાં હતાં.

પણ ત્યાં તો અચાનક, આ દુઃખદ મૌનના અથાગ સાગરને ઉદ્વેલિત કરતી ગિગલીની સ્વરલહરી સંભળાઈ. લાગ્યું કે જાણે અવરુદ્ધ કણ્ઠસ્વર મુક્ત થઇને ફૂટી નીકળ્યો. બારણું ખૂલ્યું અને ઘરને ગાયનથી ભરતો ગિગલી બહાર આવ્યો. ઘરની આગળ, સડક પર હજારોની ભીડ જમા થઈ. બધાં બોલતાં હતાં: 'ગિગલી પાછો ગાશે—ગાશે.'

આ રહસ્યમય ચમત્કારી ઉપચારક છે કોણ? એક ખાટકીનો છોકરો, જેણે પોતાનું બાળપણ શેરીઓમાં બુટપૉલિશ અને મજૂરી કરવામાં વિતાવ્યું હતું. એક વાર દા' ઍન્જેલોને માથામાં ભયંકર ચોટ વાગવાથી દવાખાનામાં મોકલવામાં આવ્યો. કોઇને ખબર પણ ન હતી—અરે, ખબર હતી તો કોઇને દરકાર પણ ન હતી કે આ એક અજાણ્યો ગરીબનો બાળક બચશે કે નહિ.

પણ એક દિવસ પૂરો થયો ન થયો ત્યાં તો ઍન્જેલો અચાનક જાગી ઊઠયો ને ભયંકર ચીસ પાડી. નર્સ તેની પાસે આવી. ઍન્જેલો નર્સને જાણતો ન હોવા છતાં પણ તેનું નામ દઇને બોલાવવા લાગ્યો!

ઍન્જેલોના જીવનમાં એક નવું અને બહુ જ રહસ્યપૂર્ણ પ્રકરણ શરૂ થયું. તેને ચોટ તો આવી, પણ તેને પરિણામે એક અપૂર્વ ઈશ્વરીય જ્ઞાન પ્રાપ્ત થયું. જે શક્તિ તેને મળી છે તે એવી તો અદ્ભુત છે કે તેને ચકાસ્યા વગર તેના પર વિશ્વાસ જ ન આવે. મોટા મોટા વૈજ્ઞાનિકો ને ડૉક્ટરો એની આ દૈવી શક્તિ જોઈને આશ્ચર્યચકિત થયા છે. ન આનું કોઈ કારણ બતાવી શકે છે, કે ન તો કોઈ એને ખોટું સાબિત કરી શક્યું છે. આ અશિક્ષિત ચમત્કારી ઉપચારક આખા ઔષધિશાસ્ત્રને ખોટું સાબિત કરતો, આશ્ચર્યભર્યા ઇલાજ કરી બતાવે છે. અને એ પોતે તો જાણતો પણ નથી કે તેને આ દૈવી શક્તિ કેવી રીતે પ્રાપ્ત થઈ! કોઈ કોઈ વાર તેને પણ આશ્ચર્ય થાય છે કે આ શું હશે? તે કોઈ વાત અનાયાસે મનમાં કરવા ધારે તો તરત જ તેનો તેનાથી અજાણતાં અમલ થઈ જાય છે. તે બધાંનાં નામ પણ બતાવી શકે છે. વળી તેના શરીરમાં વીજળિક શક્તિ પણ છે. તેની સાથે આપણો હાથ લગાડતાં રીતસર આપણને ઝટકો લાગે છે. ખબર નથી પડતી કે ક્યારે આ મહાશય પોતાના 'જેનરેટર'ની સ્વિચ ખોલશે! તે નેપલ્સમાં રહે છે. પૈસાદાર પાસેથી પૈસા લે છે ને ગરીબોને મફત સાજા કરે છે. પોતાના આ બધા ચમત્કાર તે છાપાંમાં બીજા પાસે વંચાવીને ખુશ થાય છે, કારણ કે તે પોતે તો અભણ જ છે! તેણે ગાંડાઓને નેવું ટકા સાજા કર્યા છે. તેની આવક રોજના બસોથી ત્રણસો રૂપિયા છે. તે ધારે તો ઘડિયાળને બંધ પણ કરી શકે છે!

ભૂતપૂર્વ રાણી મેરિયાની આંખો નકામી થઈ જતી હતી. દા' ઍન્જેલોને બોલાવવામાં આવ્યો. ત્રણ દિવસમાં તો રાણીએ અપૂર્વ તેજ મેળવ્યું. આવી જ રીતે તેણે દુનિયાના ચૅમ્પિયન સાઈકલબાજ ઈટલીના કૉપ્પીને પણ સારો કર્યો હતો. દુનિયાભરની હરીફાઈમાં ભાગ લેતાં પહેલાં કૉપ્પીનો પગ ભાંગી ગયો. પણ ઍન્જેલોએ તેના પગ પર હાથ ફેરવ્યો અને કોપ્પીને એવો કોઈ વીજળિક ઝટકો લાગ્યો કે તે સાજો થઈ ગયો એટલું જ નહિ પણ સાઈકલ ચલાવી શક્યો! ખરેખર, દા' ઍન્જેલોના આ અદ્ભુત રહસ્યનો ભેદ હજી કોઈ પામી શકતું નથી.

(હિંદી 'નવનીત'માંથી) —પ્રકાશ ય. દેસાઈ

ઉત્તર ગુજરાતની ખનિજ-સંપત્તિ

ઉત્તર ગુજરાતમાં ખનિજ-ખિલવણીની શક્યતા ખૂબ મોટી છે. આબુ-દાંતા વિસ્તારમાં ખનિજનો ભંડાર ભરેલો છે જ. વિજાપુરના રણસીપુર વિસ્તારમાં ચાયના ક્લેનો ઉદ્યોગ વિકસે તેમ છે. તારંગા, આબુ, અમીરગઢ વિસ્તારમાં બેસુમાર પથ્થર પથરાએલા પડ્યા છે. આ પથ્થરનો ઉપયોગ કપચીમાં કરવા ચિત્રાસણીમાં ક્વૉરી વર્ક્સ શરૂ

કુમાર કાર્યાલયની ડાયરી

કુમાર કાર્યાલય લિમિટેડના શેરહોલ્ડરો તથા તેને મુદ્રણ, બ્લૉકમેકિંગ વગેરેનું કામ આપનાર તેના પુરસ્કર્તાઓને દીવાળી પર ભેટ અપાતી તેની ડાયરી આ વર્ષે ઘણી નવી વિગતો તથા સામગ્રી સાથે વધુ સુંદર રૂપમાં તૈયાર થતી હોઈ થોડી મોડી પ્રકટ થશે. તેથી અમારા માનવંત પુરસ્કર્તાઓને રાહ જોવા વિનતિ છે. જોકે દર વરસની જેમ ગયા વરસની ડાયરીમાં પણ આગામી જાન્યુઆરી સુધીના ૧૪ માસની સગવડ અપાએલી હોઈ નવી ડાયરી તૈયાર થતાં સુધીમાં તેમને કશી ખાસ તકલીફ નહિ પડે. ડાયરીની સંખ્યા મર્યાદિત હોઈ ગયે વર્ષે જેમના તરફથી કાર્ડ ભરાઈ આવ્યાં હશે તેમને તેમજ આ વરસ દરમ્યાન જેમના તરફથી કાર્યાલયને મુદ્રણ આદિ કામનો ગણનાપાત્ર આશ્રય મળ્યો હશે તેમને જ તે ભેટ મોકલી શકાશે.

કુમારના ગ્રાહકોને પણ

'કુમાર'ના જે ગ્રાહકો આવતા વર્ષનાં પોતાનાં લવાજમ સાથે એક નવા ગ્રાહકનું લવાજમ મોકલી આપે તેમને પણ એ ડાયરી ભેટ મોકલવાની યોજના કરી છે. પરંતુ ઉપર જણાવ્યું તેમ ડાયરીની સંખ્યા ઘણી મર્યાદિત હોઇ આ વિષેનું કોઇ બંધન અમારા ઉપર રહેશે નહિ. જેમનાં લવાજમો ડાયરી ખૂટી જવા પહેલાં આવી પહોંચશે તેમને જ તે મોકલી શકાશે.

થયું છે. આબુ વિસ્તારમાં સિમેન્ટનો ઉદ્યોગ શરૂ થાય તેમ છે. અને પાલણપુરના પૂર્વ વિસ્તારમાં શેરડીનો પાક પુષ્કળ થાય છે. ત્યાં નાના પાયા પર ખાંડનું કારખાનું નાખી શકાય તેમ છે. સાંતલપુર-રાધનપુરના વિસ્તારમાંથી પેટ્રોલ, ઘાસલેટ તેમજ સોનું મળી આવે તેમ છે.

જેતલપુરા ગામે તથા સાતુનના માર્ગે પુષ્કળ મોટી-નાની 'ચમક' હજારો ટન નીકળે તેમ છે. રાધનપુર નજીક ચૂનો પણ નીકળે છે. નદીની રેતી વિપુલ પ્રમાણમાં છે. આથી સિમેન્ટ તથા કાચનાં કારખાનાં ઊભાં કરવામાં આવે તો ચમક, રેતી, ચૂનો, ભૂખરો પથ્થર મોટા પ્રમાણમાં ઉપયોગી થાય તેમ છે. રાધનપુરમાં ચૂનાનો ગૃહઉદ્યોગ ચાલતો હતો. મુજપુર, સમી, વેડ વગેરે ગામોની ખારી જમીનમાંથી સુરોખાર, સોડા વગેરે મળી આવતાં હતાં. વહોરાઓ તાવડા નાખી સુરોખારને શુદ્ધ કરતા હતા. અનવરપુરા, કોડધા, તારાનગર વગેરે તાલુકાનાં ગામોએ મીઠું નીકળે છે. મીઠાનો ઉદ્યોગ ખીલે તેમ છે. આ ઉપરાંત રાધનપુર વિસ્તારમાં પુષ્કળ બાવળ થાય છે. બાવળનાં પાનમાંથી રંગ બને છે અને છાલ ઘણા ઉપયોગમાં આવે છે. બાવળના લાકડાને બાળતાં તેમાંથી ડામર નીકળે છે.

ત્રિમૂર્તિ નહિ–મહેશ્વરની મૂર્તિ

'મુંબાઈની એલિફન્ટા ગુફાની મુખ્ય મૂર્તિને સામાન્યરીતે ત્રિમૂર્તિ માનવામાં આવે છે. પણ આપણી સ્થાપત્યકલાના પ્રખર અભ્યાસી શ્રી કાર્લ ખંડાલાવાલાએ હમણાં જ ધ્યાન ખેંચ્યું છે કે તે ત્રિમૂર્તિ નથી પણ મહેશ્વર-મૂર્તિ છે. તેમાં શિવનાં પાંચમાંથી માત્ર ત્રણ રૂપ જ દર્શાવવામાં આવ્યાં છે. બાકીનાં બે રૂપ પથ્થરમાંથી કોરેલી દીવાલની પાછલી બાજુએ પડતાં હોઈ દર્શાવી શકાયાં નથી. કેટલાંક સરકારી પ્રકાશનોમાં પણ આ ભૂલ જોઈ, તેથી તેનું તેમણે આશ્ચર્ય થયું છે. (બૉમ્બે ક્રૉનિકલમાંથી) —અશ્વિન મહેતા

પ્રથમ ગુજરાતી અભિનેત્રીઓ

મુંબઈમાં ૧૮૭૫ પહેલાં તખતા પર ઊતરનાર પહેલી પરદેશી સ્ત્રી મેરી ફૅન્ટન ઊર્ફે મહેરબાઈ હતાં. પછી ગૌહર, મોતીજાન, આગાજાન, ગુલાબ, ગંગા વગેરે સ્ત્રીઓ રંગમંચ પર આવી. મેરી ફૅન્ટને ગુજરાતી પાઠ પણ ભજવ્યા હતા. એની પણ પૂર્વે, મર્હૂમ શેઠ ખુરશેદજી બાલીવાલાએ ખાનદાન ઘરની બે પંજાબી બહેનો બુધાં અને બુરાંને તખતા પર ઉતારી હતી. હવે જાણવા મળે છે કે, ગુજરાતી રંગમંચ પર ઊતરનારી પ્રથમ ગુજરાતી સ્ત્રીઓ હતી, સુરત શહેરની ઘાંચણ મા-દીકરી રાધા અને સોનાં. તેઓ સુરતમાં, ગરબા ગવડાવવા માટે અને પોતાના સુરીલા કંઠ માટે પ્રખ્યાત હતી. કહેવાય છે કે, એમણે પોતાની નાટક કંપની પણ સ્થાપેલી, ને તેમાં પાઠ પણ કરતી. (ગુજરાતી નાટ્ય)

દાંતની સંખ્યા

બાળકને પ્રથમ આવતા દૂધિયા દાંત માત્ર વીસ જ હોય છે. તે પછી એ પુખ્ત વયે પહોંચતાં તે વધીને બત્રીસ જેટલા થાય છે. બીજી બાજુએ બિલાડીને ત્રીસ, કૂતરાને બેંતાળીસ, સસલાંને અઠ્ઠાવીસ, રીંછને બેંતાળીસ, ચામાચિડિયાને આડત્રીસ ને વ્હેઈલ માછલીને બસો ચાળીસ દાંત હોય છે! —ત્રિભુવન વી. હેમાણી

રત્નજડિત હોય મોજડી, શીશ ન બાંધે નેટ;
કનક છરી હાથે ધરી, કોઈ ન મારે પેટ.

—શામળ ભટ્ટ

પરમહંસ શ્રીરામકૃષ્ણ સાથે એક બુદ્ધિશાળી શ્રીમંતે લાંબી ચર્ચા કર્યા બાદ પરમહંસ બોલ્યા: 'આ વ્યર્થ તર્કવિતર્ક કરવા કરતાં સરળ ભાવથી પ્રભુભજન કર્યે જાઓ. તેમાં જ તમારું કલ્યાણ છે.' પેલા તાર્કિકને ગળે આ સીધીસાદી વાત ક્યાંથી ઊતરે? તેણે કહ્યું, 'તો શું તમે એવા પૂર્ણ જ્ઞાની ને પવિત્ર છો કે તમે કહો તેમ અમારે કર્યે જવું?' પરમહંસ સાત્ત્વિક નમ્રભાવે બોલ્યા, 'ભાઈ, હું તો સાવ અબુધ ને અપવિત્ર જીવ છું; પણ જે સાચું સૂઝે તે કહેવાનો મારો અધિકાર નથી? સાવરણી પોતે ગંદી છે એ ખરું, પણ જે જગ્યાએ તે ફરે છે તેને તો તે ચોખ્ખી કરે છે ને?' (શિવમ્ સુન્દરમ્)



કલાકણિકા : ગુજરાતમાં બહાદુરપુર-સંખેડાની લાખના રંગની મનોહારી રંગભભકવાળી માચીઓ, ઢોલિયા, ઘોડિયાં આદિ અનેકવિધ લાકડકામ જેણે જોયું હશે તે સિંધના એવા જ લાખ-રંગી લાકડકામના ઢોલિયાના આ પાયાનું સૌંદર્ય પ્રમાણી શકશે. આજે ગુજરાત-સૌરાષ્ટ્રમાં હજી આ હુન્નર જીવતો છે.

અનેકાર્થી શબ્દ : રંગ=લાલ-પીળો આદિ વર્ણ; તેનું પ્રવાહી કે ભૂકો; પટ કે અસર; આનંદ મસ્તી કે તાન; કેફ યા નશો; પ્રીતિ કે સ્નેહ; આબરૂ યા વટ; રંગભૂમિ; રણક્ષેત્ર.

કહેવતોના અર્થ: 'તેલનું ટીપું ને હીરની ગાંઠ'–આમે ય રેશમી દોરીની વાળેલી ગાંઠ કદી છૂટતી નથી; પણ તેમાં યે ત્યાં તેલનું ટીપું મૂકીને એ ગાંઠ વાળી હોય તો તેલથી લીસા થએલા રેશમની ગાંઠ તો એટલી સજ્જડ વળી જાય કે હરગીઝ છૂટે નહિ. આમ, કોઇ વાતની મજબૂતી કે ચોક્કસાઇ દર્શાવવા માટે વપરાતી આ કહેવતને મળતી બીજી કહેવતો: 'લોઢે લી ને પટોળે ભાત'; 'અંકે સો'; 'એમાં મીનમેખ નહિ'; વગેરે.

આજના જેટવિમાનના કૉકપિટમાંનું માત્ર ઇલેક્ટ્રૉનિક ગીઅર એકલું જ એટલું અટપટું હોય છે કે કોઈ શહેરનું વીજળિક પાવર સ્ટેશન, રેડિયો સ્ટેશન, ટેલીવીઝન સ્ટેશન અને એક લડાયક જહાજની ફાયર કંટ્રોલ સિસ્ટમ એ ચારે એકઠાં મળે તે કરતાં પણ વધુ!

મા: દાક્તર; આ કનુ મહિના પહેલાં એક રૂપિયો ગળી ગયો છે, કાઢી આપોને!

દાક્તર: મહિના પહેલાં?! તો આટલા દિવસ મારી પાસે કેમ ન લાવ્યા?

મા: આજ સુધી અમને પૈસાની જરૂર નહોતી પડી.

આપણી પોળોમાં ઊછરતાં દેશી કૂતરાંને અંગ્રેજીમાં 'પારીઆ' ડૉગ કહે છે, તે મૂળ તામિલ ભાષાનો 'પેરીઆ' શબ્દ છે, જેનો અર્થ થાય છે: 'મોટો'.

માણસ પેટ્રોલમાં તરી ન શકે. પાણીનું વજન ઘનફૂટે ૮ રતલ હોય છે, જ્યારે પેટ્રોલનું માત્ર ૬·૩ રતલ હોઈ તેમાં ટકી રહેવા જેટલી તરવાની ઝડપ તે દાખવી શકતો નથી.

૬²–૫²=૧૧

૫૬²–૪૫²=૧૧૧૧

૫૫૬²–૪૪૫²=૧૧૧૧૧૧

૫૫૫૬²–૪૪૪૫²=૧૧૧૧૧૧૧૧

૫૫૫૫૬²–૪૪૪૪૫²=૧૧૧૧૧૧૧૧૧૧

૫૫૫૫૫૬²–૪૪૪૪૪૫²=૧૧૧૧૧૧૧૧૧૧૧૧

૫૫૫૫૫૫૬²–૪૪૪૪૪૪૫²=૧૧૧૧૧૧૧૧૧૧૧૧૧૧

આમ ગમે ત્યાં સુધી. (નૌતમલાલ વખારિયા)

ા. જગતમાં છીછરામાં છીછરું કાંઈ હોય તો તે સૌંદર્ય છે, જે ચામડીની જાડાઇ જેટલું પણ નથી હોતું; અને ઊંડામાં ઊંડું કાંઇ હોય તો તે પૅસિફિક મહાસાગર નહિ, પણ માણસનું પોતાનું મન છે.

મુંબાઈમાં સૌથી પહેલી ટંકશાળ ઈ. સ. ૧૭૭૦માં સ્થાપવામાં આવી હતી, જ્યાં પાડેલા ઈસ્ટ ઇન્ડિયા કંપનીના અમલના જૂનામાં જૂના રૂપિયા ત્યાંના મ્યૂઝિયમમાં છે. (ત્રિ. વી. હે.)

આપણે માનીએ છીએ તેમ ઝાડનું મુખ્ય પોષણ તેનાં મૂળ વાટે જમીનમાંથી નથી મળતું. ૯૦ ટકા પોષણ તે હવામાંથી જ મેળવે છે.

જૂનું ચામડું બાળીને તેની રાખ તેલમાં કાલવીને ચોપડવાથી પગમાં પડેલાં આંટણો મટે.


આપણા ખોરાકને પેટમાં પહોંચતાં ૧૨ મિનિટ લાગે છે!

સંગીતમાં 'ઠુમરી'ની ગાયકીની શોધક શીરીન નામની એક મુસ્લિમ બાનુ હતી.

સ્થળ વિષે લોકોક્તિ
સૂરતનું જમણ ને કાશીનું મરણ.



ધ્રુવનો તારો એ ખરી રીતે એક જ તારો નથી, પણ ત્રણ તારાનું ઝૂમખું છે. પણ પૃથ્વીથી તે એટલે તો દૂર છે કે એ ઝૂમખું એક જ તારા જેવું ભાસે છે. શક્તિશાળી દૂરબીનમાંથી જ તે છૂટા જોઈ શકાય છે.



'અંગરાગ પ્રૉડક્ટ્સ'ના સંચાલકો આપના સહકારની કદર કરે છે અને આ નૂતન વર્ષે આપ સૌને હાર્દિક શુભેચ્છાઓ પાઠવે છે.

'અંગરાગ પ્રૉડક્ટ્સ'

નોબલ ચૅમ્બર્સ · મુંબાઈ-૧

ધી

વલ્કન ઈન્સ્યુરન્સ કંપની લિ૰

સ્થાપના : ૧૯૬૧


• આગ • મોટર • અકસ્માત
• દરિયાઈ • વર્કમેન્સ કૉમ્પેન્સેશન
• એમ્પ્લૉયર્સ લાયેબિલિટી
વગેરે વીમાનું
કામકાજ લખવામાં આવે છે.

ડાયરેક્ટર ઈન ચાર્જ
શ્રી વી. સી. સેતલવડ

જનરલ મૅનેજર
કે. સી. દેસાઈ

બ્રાન્ચ તથા એજન્સી ઑફિસો હિંદભરમાં છે;
ઉપરાંત
બ્રિટિશ ઈસ્ટ આફ્રિકા અને બર્મામાં પણ છે.

હેડ ઑફિસ : ૭૩, ચર્ચગેટ, સ્ટેશનની સામે, ઈન્ડસ્ટ્રિયલ એશ્યોરન્સ બિલ્ડિંગ, કોટ, મુંબઈ નં. ૧



આધુનિક પદ્ધતિથી સિમેન્ટ પાઈપ તથા ટાઈલ્સ બનાવતું કારખાનું

ખેડૂતો તથા કૉન્ટ્રાક્ટરોને ખુશ ખબર

હિન્દુસ્તાન ટાઈલ્સ

હાઈડ્રોલીક પ્રેસરથી બનાવેલા સુંદર અને ટકાઉ
હિન્દુસ્તાન્ મૅાઝીક ટાઈલ્સ વાપરો.

R. C. C. મ્યુનિસિપાલિટી, પી. ડબલ્યુ. ડી., રેલ્વે, મિલો, લોકલબૉર્ડને લગતી દરેક વસ્તુ ઑર્ડરથી બનાવી આપીશું.

સિમેન્ટ પાઇપો સ્ટૉકમાંથી તૈયાર મળશે

ફૅક્ટરી
હિંદુસ્તાન સિમેન્ટ પાઇપ્સ ઍન્ડ કૉન્ક્રીટ કન્સ્ટ્રક્શ કું.
ઠે. દેલિકો મિલ આગળ,
સુએજ ફાર્મ રોડ
અમદાવાદ

ઑફિસ
ઓચ્છવલાલ ગોરધનદાસ
(ટાઈલ્સ, સેનીટરી વેર્સ અને પાઈપ-ફીટિંગના વેપારી
ઠે. ખાડીઆ ચાર રસ્તા
અમદાવાદ
ટે. નં. ૩૩૯૨ ૭ 'ગ્રામ : ઉત્સવ

સિમેન્ટ કૉન્ક્રીટ કામની અમારી ફ્રી સર્વિસનો લાભ ઉઠાવો